
# અરિહંત વંદનાવલી



વ્યાખ્યાતા : પરમદાર્શનિક પૂ. જયંતમુનિ મ. સા.

સંપાદન : ગુણવંત બરવાળિયા

શ્રી ચિરંતનાચાર્ય કૃત

# અરિહંત વંદનાવલી

વ્યાખ્યાતા

પરમદાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા.
(પેટરબાર)

સંપાદન

ગુણવંત બરવાળિયા

પ્રકાશક

કલ્પતરુ સાધના કેન્દ્ર
મુંબઈ

- Chirantnacharya Krut :

**ARIHANT VANDNAVALI - Jan-09**

- Discourse by :

SHRI P. JAYANTMUNIJI (PETARABAR)

- Edited by :

GUNVANT BARVALIA

- **જાન્યુ-૦૯, પ્રથમ આવૃત્તિ**

- **શ્રી ચિરંતનાચાર્ય - (અજ્ઞાતકૃત) અનુસર્જન ।। શ્રી ચંદ્ર ।।**

# અરિહંત વંદનાવલી

- **શ્રુતલેખન :**

**આભા ભીમાણી (બીનાબહેન)**

- **કલ્પતરુ સાધના કેન્દ્ર**

**અરિહંત આરાધનાલય, દેવલાલી કો.ઓપ. સોસાયટી,**
**૬-નંબર નાકા, લામરોડ, દેવલાલી. જી. નાશીક**

- **પ્રકાશક :**

**કલ્પતરુ સાધના કેન્દ્ર**
૯૦૭, રાહેજા ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, ફ્રી પ્રેસજર્નલ માર્ગ,
મુંબઈ - ૪૦૦ ૦૨૧



- **સંપર્ક સૂત્ર :**

**ગુણવંત બરવાળિયા, ઘાટકોપર.**
**મો.: ૦૯૮૨૦૨૧૫૫૪૨, ફોન : ૨૫૦૧૦૬૫૮**
E-Mail : gunvant.barvalia@gmail.com



- **મુદ્રણ વ્યવસ્થા**

**અરિહંત પ્રિ. પ્રેસ, ઘાટકોપર - મુંબઈ**

# ભાગ્યને સૌભાગ્યમાં પલટે તે વંદના

# અરિહંત વંદનાવલી

ભાગ્યવાન આત્માને ભગવાનનું નામ સાંભળવા મળે પરંતુ સૌભાગ્યવાન આત્મા જ અરિહંત પરમાત્માને વંદના કરી ભાગ્યને સૌભાગ્યમાં પલટી શકે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયનસૂત્રમાં વંદનાના ફળ સ્વરૂપ સૌભાગ્યની પ્રાપ્તિ બતાવેલ છે.

અરિહંત વંદનાવલીની દરેક કડી આત્માને કલ્યાણકારક ભાવ સ્પંદના પ્રગટાવનારી છે.

એમાં પણ જ્યારે તેના રહસ્યોનું ઉદ્‌ઘાટન પૂજ્યવર જયંત ગુરુવરના ભાવોને શબ્દાનુરૂપે આ પુસ્તિકામાં થયુ છે ત્યારે તે અવશ્ય આંખોથી અંતર સુધી, કાનથી ચિત્ત સુધી અને સૂરથી સંવેદન સુધી પહોચશે એમાં શંકા જ નથી.

આ ગ્રંથ પ્રકાશન સર્વના હૃદયમાં ભક્તિનો પ્રકાશ પાથરે એજ આશિર્વાદ.

શાસન અરૂણોદય પૂજ્ય
ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા.

# સંપાદકીય

અધ્યાત્મયોગિની પૂ. લલિતાબાઈ મહાસતીજી (પૂ. બાપજી) અને તેમના શિષ્યાઓ જે જે સ્થળે ચાતુર્માસ કે શેષકાળમાં હોય ત્યાં પ્રત્યેક બેસતા મહીને સુપ્રભાતે અરિહંત વંદનાવલી પ્રાર્થના ભક્તિ અચૂક કરાવે.

પૂજ્ય ડૉ. તરુલતાબાઈ મહાસતીજીની નિશ્રામાં જ્યારે જ્યારે અરિહંત પરમાત્માની અરિહંત વંદનાવલી દ્વારા સ્તુતિ ભક્તિ કરવાનો અવસર મળ્યો છે ત્યારે અવર્ણનીય ભીતરના આનંદની અનુભૂતિ થઈ છે.

વંદના સહ ૪૯ ગાથાના પઠન બાદ પૂ. સ્વામી, અરિહંત પરમાત્માનું ધ્યાન કરાવે ત્યારે ભાવિકો પરમાત્માના ધ્યાનમાં એકાકાર બની જાય ખરેખર તે માહોલ માણવા જેવો હોય છે.

પરમ દાર્શનિક પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતિલાલજી મહારાજે અરિહંત વંદનાવલીના ભાવોને શબ્દદેહ આપી ભક્તહૃદયમાં પડેલી પુનિત ભક્તિને ઉજાગર કરી આપણા પર પરમ ઉપકાર કર્યો છે.

શ્રુતલેખનના સમ્યક પુરુષાર્થી આદરણીય બીનાબહેને આ ભાવો અમારા સુધી પહોંચાડ્યા તે બદલ તેમનો આભાર. પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મહારાજ સાહેબના આ પ્રકાશનને આશિર્વાદ પ્રાપ્ત થયા છે તે અમારા માટે ગૌરવની ઘટના છે.

અરિહંત વંદનાવલીનો ગુજરાતી અનુવાદ કરનાર ''શ્રી ચંદ્ર''ના પરિચય માટે પાઠશાળાના તંત્રી શ્રી રમેશભાઈ શાહનો આભાર. સંપાદન કાર્યમાં મારા ધર્મપત્ની ડૉ. મધુબહેન બરવાળિયાનો સહયોગ મળ્યો છે. રંગીન ચિત્રોના આર્ટવર્ક માટે શ્રી દર્શન શાહ તથા D.T.P. માટે સસ્તુ પુસ્તક ભંડારના શ્રી વિજયભાઈ તથા સુંદર મુદ્રણ કાર્ય માટે અરિહંત પ્રિ. પ્રેસના શ્રી નીતિનભાઈનો આભાર.

પ્રકાશન સૌજન્ય અને સહયોગી દાતાઓની શ્રુત અનુમોદનાની અભિવંદના સાથે વીરમું છું.

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,
ઉપાશ્રયલેન, ઘાટકોપર (ઇસ્ટ)

**ગુણવંત બરવાળિયા**

**પ્રજાસત્તાક પર્વ ૨૬-૧-૦૯**

# ભક્ત હૃદયના ભક્તિભાવનો ઉછાળો

સાત સમુંદર સ્યાહી કરું,
લેખણ કરું વનરાય;
ધરતીકા કાગદ કરું,
પ્રભુ ગુણ લીખા ન જાય...

અનંત ગુણોના રત્નાકર, અનંત શક્તિના સ્વામી પરમતારકા દેવાધિદેવ, ત્રૈલોક્ય પૂજક, સર્વજ્ઞ - સર્વદર્શી અરિહંત જિનેશ્વરની સ્તુતિ કેમ કરી થાય ?

અરિહંત વંદનાવલી એટલે ચંદ્રથી પણ અધિક નિર્મળ, સૂર્યથી પણ અધિક તેજોદિપ્ત, મહોદધિથી પણ અધિક ગંભીર એવા લોકાલોક પ્રકાશ તીર્થંકર પ્રભુ અરિહંત દેવનો આંતર-બાહ્ય પરિચય પામવાનો નાનો એવો બાલિશ પ્રયાસ... અસંભવ જ છે. જે 'ન ભૂતો ન ભવિષ્યતિ'...

છતાં ભક્ત હૃદયમાં ભક્તિભાવનો ઉછાળો આવતો જાય છે... બસ, એવું જ બન્યું છે. કોઈ અનજાન બહુશ્રુત મુનિશ્વરના અંતરમાં... ગાતાં-ગાતાં મન વિશ્રામ પામતું નથી... શબ્દો સાથ આપવામાં ઊણા ઊતરે છે, કારણ...? કારણ અસીમનું વર્ણન અસીમ એવા શબ્દો શું કરી શકે...?? છતાં... છતાં...

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्भक्तिरेख मुखरीकुरुते बगान्माम् ।

એ ન્યાયે અહીં કવિએ અનેક ઉપમાઓ દ્વારા પ્રભુગુણોને વ્યક્ત કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. અનુપમેય એવા ગુણોને આ મહત્ ઉપમાઓ અંશેઅંશે પ્રગટ કરે છે. મુનીશ્વરના અંતર ભાવો શબ્દો સાથે પ્રવાહિત થઈને અનેક ભવ્યોનાં દિલને ભીંજવી જાય છે. આ રચનાની એક-એક પંક્તિમાં અરિહંત પ્રભુના ગુણોની ગરિમા જળકી રહી છે.

આવી ઉત્તમ કૃતિને મૂલવવી એ પણ એક ધન્ય પળ છે...

મૂળ પ્રાકૃત ભાષામાં રચિત આ કૃતિનો ભાવાનુવાદ રસાળ ગુજરાતી ભાષામાં કરનાર શ્રી ચંદુભાઈ પણ એક ભક્ત હૃદયી શ્રાવક છે. જૈન તત્ત્વના જ્ઞાતા તેમજ આત્મા-સાધનારત સાધક છે.... જેમનો આ પુરુષાર્થ આપવા જૈન સમાજ માટે ઉપકારનું કારણ બન્યો છે.

મને યાદ છે, સંવત ૨૦૫૫નું અમારું પૂના શહેરનું ચાતુર્માસ જ્યા પ્રાતઃ પ્રવચનમાં સમસ્ત શ્વેતામ્બર સમાજનાં ભાવિક ભાઈ-બહેનોની હાજરી સારા પ્રમાણમાં રહેતી. દરમિયાન મૂર્તિપૂજક સંપ્રદાયનાં એક બહેન મારી પાસે આવ્યા. તેમના સમાજમાં પ્રચલિત એવી 'અરિહંત વંદનાવલી'ની એક નાની પુસ્તિકા તેમણે મને આપી. જે વાંચતાં જ જાણે અરિહંત પરમાત્માનું પ્રત્યક્ષ સાંનિધ્ય પ્રાપ્ત થયાનું સૌભાગ્ય સાંપડ્યું હોય તેમ એક એક પંક્તિ ગાતાં-ગાતાં હૃદય ભક્તિભર્યાં આંદોલનોથી આંદોલિત થઈ

ઊઠ્યું. જેમ-જેમ આગળ વધાયું તેમ-તેમ રોમ-રોમ નમસ્કાર મુદ્રામાં તન-મસ્તક થઈ, પ્રભુ-ચરણનો જાણે સર્વાંગે સ્પર્શનો અનુભવ કરવા માંડ્યો અને એ જ ક્ષણથી વંદનાવલી કંઠસ્થ કરવાનું શરૂ થયું... પરમશ્રદ્ધેય પૂ.બાપજી સહિત સર્વ ઠાણાંઓએ બહુ જ અલ્પ સમયમાં આ ભાવોને આત્મસાત્ કાર્યા.

...અને ત્યારબાદ અમુક મહિનાઓ પછી પૂજ્ય શ્રી બાપજીની બલવતી ભાવના તથા તેઓશ્રીની આજ્ઞાથી જ પ્રત્યેક બેસતા મહિને સુ-પ્રભાતે ભાવિકોની હાજરી સાથે તેનું પારાયણ શરૂ થયું. એક-એક ગાથા સાથે વંદના કરતાં કરતાં પૂરી ૪૯ વંદનાથી અરિહંત પરમાત્માની સ્તુતિ-ભક્તિનો એ માહોલ માણવા જેવો હોય છે... આજ દિન સુધી આ ક્રમ અવિરત ચાલી રહ્યો છે.

કંઈ કેટલીયવાર મનમાં એ ભાવો ઊઠતા હતા કે આવા અનુપમ કાવ્યોનું ગદ્યમાં સુંદર વિવેચન કોઈ બહુશ્રુત મુનિવર્યની કલમે થાય તો, આ કાવ્યના ભાવોને ન્યાય મળવાની સાથે જૈન સમાજ સારો એવો લાભાન્વિત થઈ, અરિહંત પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય પામે.

વારંવાર સ્મૃતિમાં આવતા હતા... મારા હૃદય-સિંહાસનના સમ્રાટ પરમોપકારી, પરમ વંદનીય, મારા શ્રદ્ધા કેન્દ્ર, ગોંડલ ગચ્છ શિરોમણિ, નેત્ર જ્યોતિ પ્રદાતા, પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતિલાલજી મહારાજ સાહેબ... જો તેઓશ્રી અમારી વિનંતીનો સ્વીકાર કરી, આટલી કૃપા કરે તો અમારું કામ બની જાય...

અને શ્રી ગુણવંતભાઈ બરવાળિયા દ્વારા, મુમુક્ષુ

કુમારી બીનાબહેન સાથે આ વિનંતી પૂજ્યશ્રીનાં શ્રી ચરણોમાં કરવા છતાં તેઓશ્રી માનસિક તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ અતિ-અતિ સક્ષમ અને સમર્થ છે, એ પણ જાણીએ છીએ...!!! તેથી જ અન્ય કોઈ નહિ પણ તેઓશ્રી સ્વયં જ આ કાર્ય હાથ ધરે, એવો અમારો શ્રદ્ધાસહ વિનયાનવત આગ્રહ રહ્યો... અને... અમારા પર અકારણ વત્સલ એવા અમારા પૂજ્ય ગુરુદેવે સ્વીકૃતિ આપી...!! તેઓશ્રી લખાવતા ગયા, બીનાબહેન (આભાબહેન) લખતાં ગયાં, અને આ સુંદર સરસ તત્ત્વસભર કૃતિ તૈયાર થઈ. જેમાં શબ્દે-શબ્દે પૂજ્યશ્રીની જ્ઞાન ગહનતા તત્ત્વના તલસ્પર્શી ભાવો દ્વાર પરિચય મળે છે. આ કૃતિ અમારા હાથમાં આવતા, અમે ધન્ય બની ગયાં.

આ ઉપક્રમે કઈ રીતે બિરદાવું ? કયા શબ્દોમાં વર્ણન કરું ? બસ, હૈયું નત મસ્તકે પૂજ્યશ્રીનું ઋણ સ્વીકારે છે, અને સાથે જ ઉ-ઋણ થવાનું બળ પણ માગે છે...!!

પ્યારા વાચક..! તારા હાથમાં આ કૃતિ મૂકતાં આનંદાનુભૂતિ થાય છે.. તેમાં પ્રરૂપાયેલા ભાવોને આત્મસાત કરી, આપણાં દેવાધિદેવ અરિહંત પરમાત્માનો પરિચય પામજે.. અને અરિહંતમય બની આત્મઆરાધના કરવા તત્પર બનજે...!

પ્રાંતે ઉપકારી પૂજ્ય ગુરુવર્ય તથા પૂજ્ય ગુરુણી માતાનાં શ્રી ચરણોમાં અનેકશઃ પ્રણિપાત...

અધ્યાત્મયોગિની પૂ.બાપજીના સુશિષ્યા

નાશિક પૂ. ડો. તરુલતાજી

તા.૧-૧૧-૨૦૦૮ મહાસતીજી

# શ્રી ચિરંતનાચાર્ય (અજ્ઞાત) કૃત અરિહંત વંદનાવલીના ભાવાનુવાદ કર્તા 'શ્રી ચંદ્ર'

સકળ સંઘની જીભે વસી ગયેલી, 'અરિહંત વંદનાવલી' આ સૌભાગ્યવંતી ગુજરાતી રચનાના રચયિતા શ્રી ચંદુલાલ શંકરચંદ શાહ છે. તેમનો જન્મ વિ.સં.૧૯૬૩ (ઈ.સ.૧૯૦૭)માં થયેલો. તેઓ અમદાવાદના વતની હતા. ઈ.સ.૧૯૨૭માં તેમનું લગ્ન થયેલું. પત્નીનું નામ લીલાવતી હતું. ઈ.સ.૧૯૬૨માં તેમનો સ્વર્ગવાસ થયો. ૪૫ વર્ષ જેટલા આયુષ્યમાં તેઓએ જીવનને અનેક ગુણોથી સમૃદ્ધ બનાવી દીધું હતું.

અમદાવાદમાં બાલ્યકાળનો વિદ્યાભ્યાસ સી.એન. વિદ્યાલયમાં કર્યો હતો. બાદ, કૉલેજ કરી ગ્રેજ્યુએટ થયા હતા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમણે ઝંપલાવ્યું, તેમાં જેલવાસ થયો. 'જન્મભૂમિ પ્રવાસી'માં રીપોર્ટર તરીકે કામ કર્યું, પછી દેશ-વિદેશના પ્રવાસો કર્યા. મુંબઈ-કોલકાતા-રંગૂન-પીનાંગ-સિંગાપુર-ઈંગ્લેન્ડ-અમેરિકા વગેરે દેશોમાં ઘૂમીને વિજ્ઞાનનો અઠંગ અભ્યાસ કર્યો. તે સમયે તેમણે દૂધમાંથી સીધું ઘી બનાવવાની પ્રક્રિયા શોધી હતી. આમ નવી સિદ્ધિઓ હાંસલ કરી, તેઓ અમદાવાદ આવ્યા. સ્વજનો, મિત્રો સમક્ષ રજૂ કરી. તેમની સિદ્ધિની સર્વે પ્રસન્નતા કરતા હતા, પણ તેમની માતા તેમાં ખુશ ન હતાં. એ ચંદુભાઈને ખ્યાલ આવી ગયો. મોકો મળતાં તેમણે માને પૂછ્યું; "બા ! તમે મારી પ્રગતિથી ખુશ નથી ?"

બાએ જવાબ આપ્યો, કઈ મા પોતાના દીકરાના વિકાસથી ખુશ ન હોય ? પણ આને પ્રગતિ કે વિકાસ કેમ કહેવાય ? "આત્માનો ઉદ્ધાર થાય તેવું ભણ, તારી આ ભૌતિક આબાદીની આવરદા કેટલી ? વળી એને વખાણે તો સમાધિ અને સદ્‌ગતિ ક્યાંથી મળવાની ? આ ભવની સાથે પરભવની પણ ચિંતા કરી બંને ભવ ઉજળા થાય તે શીખી, તેમાં પ્રગતિ સાધવાની."

ચંદુભાઈએ પૂછ્યું : "મને એ બધુ કોણ શીખવાડે ? ક્યાં શીખવા મળે ? એવું ભણાવનારા અત્યારે કોણ છે ?"

બાએ કહ્યું : "હા, છે - આપણા ઉપાશ્રયે જઈ મહારાજ સાહેબને પૂછીશ એટલે તેવા ભણાવનાર મહારાજનું નામ તેઓ આપશે."

અને ચંદુભાઈને એવું સરનામું મળી ગયું. પૂ.શ્રી ભદ્રંકર વિજયજી મહારાજ તે દિવસોમાં રાજસ્થાનમાં લુણાવા ગામે વિરાજમાન હતા. એમનાં ચરણોમાં બેસીને કહ્યું : "મને મારી બાએ અહીંયાં આ ભવ અને પરભવ ઉજાળે તેવું ભણવા માટે મોકલ્યો છે. તો તમે શીખવાડો.

તીવ્ર પ્રજ્ઞા, હૃદયનો ગુણવૈભવ, સહજ કુશળતા, નમ્રતા, વિનય વગેરે ગુણોથી પ્રસન્ન થયેલા ગુરુ મહારાજે આહ્‌લાદ ઉપજાવે એવી નમસ્કાર મંત્રની વિદ્યા આપવા માંડી. રોજ સાત-આઠ કલાકનું અધ્યયન શરૂ થયું. તેઓ ખૂબ ઊંડા-ઊંડા ઊતરતા ગયા. યોગ્ય દિશાદર્શક મળી ગયા.

આ અધ્યયનના પરિપાક રૂપે તેમણે 'અનેકાન્ત અને સ્યાદ્‌વાદ' નામનું પુસ્તક લખ્યું. તેની હિન્દી આવૃત્તિ પણ વિ.સ. ૨૦૧૯માં પ્રકાશિત થઈ.

સાધનામાં સઘનતા લાવવા માટે, ધ્યાન, મૌન અને એકાંતની જરૂર લાગી. ગુરુ મહારાજ પાસેથી યોગ્ય દોરવણી લઈને અમદાવાદ નજીક, પાનસરની ધર્મશાળામાં રહેવાનું રાખ્યું. શ્રી મહાવીર પ્રભુની શીતળ છાયામાં નવી શિખરો સર કરતાં ગયાં. ગુરુ મહારાજના માર્ગદર્શન મુજબ નમસ્કાર, સ્વાધ્યાય-સંસ્કૃત વિભાગ અને પ્રાકૃત વિભાગનો સ્વાધ્યાય કરતા હતા. સાથે જપ-ધ્યાન-ચિંતન-મનન અને નિદિધ્યાસન પણ કરતા હતા. પ્રાકૃત વિભાગમાં **'અરિહંત વંદનાવલી'**ના સ્વાધ્યાય વખતે હૃદય ગદ્‌ગદ બની ગયું, એ ગ્રંથ માથા પર મૂકી તેઓ નાચ્યા. એ વંદનાવલીના રચયિતા મહાભાગ મુનિવરને શતશઃ વંદના કરતાં ઉપકારના ભાવથી વિભોર બની ગયા. પાતાળમાંથી ઝરો ફૂટી નીકળે તેમ કાવ્યની સરવાણી વહી અને આજે જે ચૌદ મહાસ્વપ્નો થકી નિજ માતને હરખાવતા એ મનોરમ પંક્તિથી શરૂ થતી સ્તુતિ કલ્પલતાનું ગાન કરીને પ્રભુભક્તિમાં તલ્લીન બનીએ છીએ. તે આજે હજારોના હાર બની ચળકી રહી છે.

તેઓ ધન્ય બની ગયા અને આપણને પણ ધન્ય બનાવી ગયા.

તેઓની આ ધર્મ અધ્યાત્મક્ષેત્રની ઊર્ધ્વારોહણની યાત્રાની સમયમર્યાદા માત્ર પાંચ-સાત વર્ષની છે. કેવાં ઉત્તુંગ શિખરો સર કર્યાં ! ચંદુભાઈની માતાને 'ધન માતા જેણે ઉદરે ધરિયા' એવું મંગલ વચન કહેવાય છે. આ મહા ઉપકાર ! જેથી આપણને આવી મહાન રચના મળી.



**આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસુરિ પ્રેરિત**

(પાઠશાળામાંથી સાભાર)

# પ્રસ્તાવના

જૈન પરંપરામાં નમસ્કાર અને વંદનના શાસ્ત્રોક્તભાવોમાં બધાં પદોના વંદન સમાન ભાવે કરવામાં આવ્યા છે. તેનું મુખ્ય પ્રમાણ મહામંત્ર નમસ્કાર મંત્ર છે, અને તેમાં જરાપણ ભેદભાવ રાખવાથી દોષોનો ભાગી બને છે. અસ્તુ...,

આ સામાન્ય ભૂમિકા પછી આપણે શું કહેવા માંગીએ છીએ તે સમજવાનું છે.

'અર્હત વંદના'એ મુખ્યપણે નમસ્કાર મંત્રના પહેલા પદની વંદના છે, અને તેમાંય ખાસ કરીને દેવાધિદેવ અને તીર્થંકરોને લક્ષમાં રાખીને 'અરિહંત' શબ્દથી વાંદવામાં આવ્યા છે. ખરેખર તો બધાં પદો સમાન વંદનીય હોવા છતાં ભક્ત પોતાની ભાવના અનુસાર એક-એક પદને ગ્રહણ કરી તેમને સાંગોપાંગ વંદના કરવાના અધિકારી છે. આનો અર્થ એવો જરાપણ નથી કે અરિહંતને વંદન કરતા કોઈ બીજાં પદોની અવગણના કરે છે, અથવા વાંદવા માંગતા નથી. સમય અનુસાર ભક્તને જે ભાવના ઉદ્દેગ થાય તે ભાવ કાવ્યમાં ઉતારે છે. અહીં પણ 'અરિહંત વંદના' એવા જ પ્રકારનું વિશેષ કાવ્ય છે.

સમગ્ર કાવ્યમાં દેવાધિદેવના વૈભવ, બાહ્ય પ્રતિહાર્ય તથા પ્રભુમાં વિશેષ શક્તિ, ચમત્કાર અને પ્રભાવને દિલ ખોલીને વર્ણન કરી આવા શક્તિધારક એવા અરિહંત પ્રભુને વાંદ્યા છે. જો કે કાવ્યમાં પરોક્ષભાવે પ્રભુના આંતરિક આધ્યાત્મિક ભાવોની થોડી-ઘણી સ્વર્શના છે. પરંતુ કવિ આવા વિશેષ તત્ત્વજ્ઞ માટે જ કાવ્યરચના કરતાં નથી. લાખોલાખો મનુષ્યને દૃષ્ટિગત રાખી કાવ્યની રચના કરવામાં આવે છે. અને પ્રભુના સ્થૂલ પ્રભાવોને દૃષ્ટિગત રાખી વંદન કરવાથી જનમાનસમાં દેવાધિદેવનું ચિત્ર પ્રગટ થાય છે - આ છે કાવ્યની વિશેષતા.

એવા પણ કેટલાક જૈનાચાર્યો થયા કે જેઓ ભગવંત દેવાધિદેવને એમ કહે છે કે - તમારા આ બાહ્ય સમોશરણ અને ધ્વજ ઈત્યાદિ પ્રતિહાર્યને જોઈ હું વંદન કરતો તથી, પરંતુ આપ અનંત કેવળજ્ઞાનથી ભરેલા છો, સંપૂર્ણ અકષાય ભાવને વરેલા છો, જેથી હું આપને નમસ્કાર કરું છું. કારણ કે આવા બાહ્ય ભાવો ઈન્દ્રજલિત અને માયાવી પણ હોય શકે. તેનાથી અંજાઈને હું નમસ્કાર કરતો નથી. આ રીતે વંદન કરતા કવિ અને બાહ્ય વૈભવને નજરમાં રાખતા કવિ બેને એક-એક પક્ષનું અવલંબન લઈ દેવાધિદેવનું અલૌકિક ચરિત્ર પ્રગટ કરે છે. થોડીવાર એવું લાગે છે કે પરસ્પર વિરોધ હોય, પરંતુ આપણે જાણીએ છીએ કે 'જૈનદર્શન' અનેકાંતવાદી છે, અને કોઈપણ એક અંશનું વર્ણન કરતાં બીજા અંશનો વિરોધ થાય તેવું માનવામાં આવતું નથી. તેથી નયદષ્ટિએ કવિ આદરણીય છે. અને બંનેના કાવ્યથી વિભિન્ન પ્રકારનો બોધ મળવાથી બોધનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે.

આ આખું કાવ્ય મૂળ તો પ્રાકૃત ભાષામાં લખાયેલું છે. કવિ તેમ 'વાલ્મિકી રામાયણ' સ્વયં સ્વીકાર કરે છે. આથી એ પણ સિદ્ધ થાય છે કે પ્રાકૃત ભાષા પણ ઘણા અલંકારોથી ભરેલી અને જનતાથી વધારે નિકટની હતી. તેથી કોઈ બહુશ્રુત કવિએ પ્રાકૃત ભાષાનું અવલંબન લીધું છે. જેમ રામાયણ વાલ્મિકી ઈત્યાદિ ગ્રંથોમાં સંસ્કૃત ભાષામાં સંકળાયેલું છે. પરંતુ સંત તુલસીદાસે લોકભાષાનું અવલંબન કરી મૈથિલી, અવધ ઈત્યાદિ પ્રસિદ્ધ હિંદીના પૂર્વરૂપનો ઉપયોગ કરી રામાયણની રચના કરી, જે લાખો લોક માટે લોકભોગ્ય બની જાય છે, અને ચાંદીના સિક્કાની જેમ તેનાં પદો નૈતિક ભાવોને પ્રગટ કરવા વપરાય છે. તો તે વખતના કવિએ પ્રાકૃત ભાષાનું અવલંબન કરી લોકભોગ્ય ભાષામાં લખ્યું, પરંતુ વર્ષો પછી ભાષાનું પરિવર્તન થતાં તે કાવ્યનો મહિમા ગુજરાતીમાં ઉતારવાનું શ્રી ચંદ્રજીએ વિચાર્યું અને પોતે ભક્તિરૂપે તેમાં જોડાયા, તે ખરેખર તેમણે પોતાની સમયોચિત યોગ્યતાનો પરિચય આપ્યો છે.

આખું કાવ્ય સરળ પ્રાંતીય ભાષામાં હોવાથી જનમાનસને સ્પર્શે તેવું છે, અને આ ગુજરાતી ભાષાનું કાવ્ય સાંભળીને કોઈ હિંદી ભાષાના કલાકારે હિંદી ષાભામાં ઉતારી શકે, તેવી પૂર્ણ શક્યતા છે. કાવ્યનો અર્થ સમજવા માટે તેના ઉપર વિવેચન કરવું જરૂરી હતું, આમેય સામાન્ય મનુષ્ય કવિતાનો સીધો બોધ ગ્રહણ કરી શકતો નથી, એટલે પુનઃ એ કાવ્યમય સામાન્ય ગદ્યમય ભાષામાં અર્થાત્ પદ્ય રૂપે રૂપાંતર કરી અર્થ કરવાથી પુરુષાર્થ સાર્થક બને છે, અને અર્થ વાંચવાથી કાવ્યના ચમત્કારી પ્રયોગો પાઠકને સમજતા એક આનંદની અનુભૂતિ થાય છે.

જ્યારે અમારી સામે આ પ્રસ્તાવ આવ્યો કે 'આપશ્રી આ આખા કાવ્યનો સરળ ગુજરાતીમાં ભાવ પ્રગટ કરી એક જરૂરી કાર્ય પૂરી કરી આપશો તો ઘણો ઉપકાર થશે.' અને આ પ્રસ્તાવ લઈને આવનાર આપણાં વૈરાગ્યશીલા શ્રી આભાબહેન હતાં. તેઓ સ્વયં આ કાવ્યથી પ્રભાવિત હતાં અને મુંબઈથી આવ્યાં પછી તેમણે આ પ્રસ્તાવ મૂક્યો, પરંતુ પ્રસ્તાવની સાથે સાથે તેમણે કહ્યું કે. "રસાળ સાહિત્યકાર ગુણવંતભાઈ બરવાળિયાએ આ માટે મને પ્રેરણા આપી છે, તેથી પ્રસ્તાવ ઉપર પ્રસ્તાવની મહત્તા સમજાવી." ગુણવંતભાઈ બરવાળિયા વિચારોનું ત્રાજવું સંભાળી બરોબર તોલ કરી શકે છે. અને કાંટાનું બેલેન્સ (સમતોલપણું) સરસ રીતે જાળવી શકે છે, તો તેમની પ્રેરણા પણ આભાબહેને મેળવી તે ઘણું જ યોગ્ય થયું.

હવે મૂળ પ્રશ્ન એ હતો કે અત્યારે બોલવાની અને લખવાની શક્તિમાં થોડો ફરક પડવાથી પૂરેપૂરું લખાવી શકાય તો સારું એવી વીરપ્રભુના ચરણે પ્રાર્થના કરી. આ કાવ્યનું અર્થ આરંભ કરવામાં આવ્યું" તું અને જ્યાં જ્યાં મનમાં લાગતું હતું કે કોઈ ભાવો કર્તાની દૃષ્ટિએ તર્ક-સંગત લાગતા ન હતા ત્યાં પણ દેવાધિદેવની કૃપાથી બીજા ઉચ્ચ કોટિના તર્કભાવો દ્વારા તે અસંગતતાનો ન્યાય આપી વધારે સંગત કરવામાં સફળતા મળી. જો કે કાવ્યશાસ્ત્રોને દાર્શનિક

દૃષ્ટિએ નિહાળવાં એ અન્યાયભર્યું છે. કાવ્યના ભાવોથી સાહિત્ય દૃષ્ટિથી નિખારવા અને તેમના રસમય ભાવોને પ્રગટ કરવા તે કાવ્ય પ્રત્યેની ન્યાયભરી દૃષ્ટિ છે. અસ્તુ

આ બધી રચના કોઈપણ મહાન કવિએ કરેલી અને ગુજરાતી રચના પણ ઉચ્ચ કોટિના ભકતરાજ શ્રી ચંદ્રે કરી છે. તો ત્યાં પોતાની બુદ્ધિની મર્યાદાને જાળવીને અને તેઓના ગુણોનું મહત્ત્વ સામે રાખીને અર્થ કરવામાં ખૂબ જ આનંદ આવ્યો

૪૯ કડીનું આ સુદીર્ઘ કાવ્ય ભિન્ન-ભિન્ન પ્રકારે દેવાધિદેવનાં દર્શન કરાવે છે. અને તેથી વિશેષ વાત તો એ છે કે હર ચોથી પંક્તિમાં ભક્ત કવિ પંચાંગભાવે વારંવાર વંદના કરે છે. અને વંદન તે વ્યક્તિ માટે નથી કે પ્રદર્શનની ચીજ નથી, પરંતુ હૃદયનું અમૃત પીગળવાથી તે વારંવાર વંદનરૂપે ટપકવા લાગે છે. અને આખા કાવ્યમાં ૪૯ વાર કવિશ્રીએ પંચાંગભાવે વંદના કરીને જાણે વંદનનો એક ગિરિ જ ઊભો કરી દીધો છે. અને આટલાં ઊંચાં પર્વતીય વંદનથી એ કહેવા માંગે છે કે - 'હું જેને વારંવાર વંદન કરું છું તેની ઊંચાઈ કેટલી છે. તે સમજવાનું છે. એક કવિએ ગાયું છે કે...

'જિનકી પ્રતિમા ઇતની સુંદર વો કિતના સુંદર હોગા...'

એ તો ઠીક જ છે પરંતુ આપણા અહીં કવિ જેના આટલા વંદનની ગણના આટલી ઊંચી છે, તો જેમને વાંધા તેની ઊંચાઈ કેટલી હશે ? આમ ૪૯ વારનો વંદન ૪૯ કરોડ તો શું ? અસંખ્ય ગુણોને ગાનારી વંદના છે.

આ 'અરિહંત વંદના' ગુજરાતીમાં પ્રગટ કરીને શ્રી ચંદ્રજીએ જે પ્રયાસ કર્યો છે તે અભિનંદનીય છે. એટલું જ નહિ પરંતુ તે દ્વારા આપણી માતૃભાષા ગુજરાતીમાં એક વિશેષ કાવ્યની વૃદ્ધિ થવાથી ગુજરાત ગિરા પણ આંશિક રૂપે ધન્ય બની છે. કોઈપણ ભાષાનું મહત્ત્વ બોલચાલ પૂરતું સીમિત નથી. જ્યાં સુધી કાવ્યોમાં ઉચ્ચ કોટિના ગ્રંથોમાં ગુજરાતીનું જોમ પ્રગટ ન થાય અને કાવ્ય સમૃદ્ધ

તેનાં કાવ્યો, મહાકાવ્યો ઉપરાંત ઉચ્ચ કોટિની નવલકથા એ સિવાય ઐતિહાસિક ગ્રંથો તથા આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનના ગ્રંથોની ભાષા સમૃદ્ધ ન થાય ત્યાં સુધી ભાષાનું મૂલ્યાંકન મહત્ત્વ રાખતું નથી. આ તો આપણે બહુ જ મોટી વાત કરી ગયા, પરંતુ કવિ શ્રી ચંદ્રજીએ એક પગલું ભરીને ભાષા પ્રત્યે પોતાનું કર્તવ્ય બજાવ્યું છે. 'અરિહંત વંદના' તે એક પ્રકારની સરસ્વતી વંદના જ છે.

'અરિહંત વંદના' એક પ્રયોજન કાવ્ય છે, અર્થાત્ દૈનંદિની દૈનેમ દૈનિકી ક્રિયાઓમાં, ઉપાસનાઓમાં એમને સ્થાન આપવામાં આવે તો ઉપાસના પણ ભવ્ય બને છે.

કહેતા હર્ષ થાય છે કે - ગુજરાતનાં સ્થાનકવાસી જૈન-રત્ના સાધ્વી શ્રી લલિતાબાઈ સ્વામી એવં તરુલતાબાઈ સ્વામી આદિ મંડળે આ કાવ્યને ઉપાસના રૂપે વધાવ્યું છે અને સમયે સમયે તેમના વિધિવત્ પાઠ કરાવી ગાન કરાવી, તેમની પુનઃ વંદના કરાવવામાં આવે છે. આ થયું 'અર્હંત વંદના'નું પ્રેક્ટિકલ રૂપ. આ પ્રેરણા માટે ડૉ.તરુલતાજી વસ્તુતઃ અભિનંદનને પાત્ર છે. આ ઉધાર નથી પ્રત્યેક ગાથાની સાથે શારીરિક યોગવંદનની ક્રિયા થવાથી દ્રવ્ય ને ભાવ બંને રીતે લાભ પ્રાપ્ત થાય છે. સતીશ્રીને વિનંતી કે આ કાવ્યનો વ્યાપક પ્રચાર કરાવી બધી જગ્યાએ પ્રેક્ટિકલ રૂપે અપાય, તેમાથી ઘણું નવનીત નીકળે તેમ છે.

## આનંદ મંગલમ્

**નોંધ :**

આનંદ - મંગલમ્ ઉપનામથી આ આખી પ્રસ્તાવના પરમ-દાર્શનિક ગોંડલ ગચ્છ શિરોમણિ નેત્રચક્ષુ પ્રદાતા પૂજ્ય ગુરુદેવશ્રી જયંતમુનિ મ.સા.એ આ આખી પ્રસ્તાવના સ્વયં લખાવી છે. અને 'અર્હંત વંદના' વિશે વિચારો વ્યક્ત કર્યા છે.

**- આભાબહેન ભીમાણી**



જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજ માતને હરખાવતા,
વળી ગર્ભમાંહીં જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા;
ને જન્મતાં પહેલાં જ ચોસઠ ઈન્દ્ર જેને વંદતા;
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧



મહાયોગના સામ્રાજ્યમાં, જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણલોકમાં, મહાસૂર્ય સમપરકાશતા;
જે જન્મકલ્યાણક વડે સૌ, જીવને સુખ અર્પતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨



છપ્પન્ન દિગકુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં, ધારી જગત હરખાવતા;
મેરુશિખર સિંહાસને જે, નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩



કુસુમાંજલિથી સુરઅસુર જે, ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજલથી, દેવ જેને સિંચતા;
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪



મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી, વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતા;
કુંડલ કડાં મણિમય ચમકતાં, હાર મુકુટે શોભતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૫



ને શ્રેષ્ઠવેણું મોરલી, વીણા મૃદંગતણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની;
હર્ષે ભરેલી દેવાંગનાઓ, નમન કરતી લળી લળી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૬



જયનાદ કરતા દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતા જનેતાના મહા પ્રાસાદમાં;
જે ઈન્દ્રપૂરિત વરસુધાને, ચુસતા અંગુષ્ઠમાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૭


આહાર ને નિહાર જેના, છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ - વ્યાધિ - મેલ જેના, અંગને સ્પર્શે નહીં;
સ્વર્ધેનુ દુગ્ધસમા રુધિર ને માંસ જેના તનમહીં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું.


મંદાર પારિજાત સૌરભ, શ્વાસને ઉચ્છ્વાસમાં,
ને છત્રચામર જયપતાકા, સ્તંભ જવ કરપાદમાં;
પૂરાં સહસ્ર વિશેષ અષ્ટક, લક્ષણો જ્યાં શોભતાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું.



દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી;
વળી બાલક્રીડા દેવગણના, કુંવરો સંગે થતી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૦



જે બાલ્ય વયમાં પ્રૌઢજ્ઞાને, મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા, સારને અવધારીને;
ત્રણ લોકમાં વિસ્મયસમા, ગુણરૂપ યૌવનયુક્ત જે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૧




મૈથુન પરિષહથી રહિત જે, નંદતા નિજભાવમાં
જે ભોગકર્મ નિવારવા, વિવાહ કંકણ ધારતા
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૨



મૂર્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી પ્રજા સુખચેનમાં;
વળી શુદ્ધ અધ્યવસાયથી જે, લીન છે નિજભાવમાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૭



પામ્યા સ્વયંસંબુદ્ધપદ જે, સહજવર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ઘણી, ભક્તિ થકી કરતા નમન;
જેને નમી કૃતાર્થ બનતા, ચારગતિના જીવગણ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૪




આવો પધારો ઈષ્ટવસ્તુ, પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા, સાંવત્સરીક મહાદાનને;
ને છેદતા દારિદ્રય સૌનું, દાનના મહાકલ્પથી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૫



દીક્ષા તણો અભિષેક જેનો, યોજતા ઈન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, બિરાજતા ભગવંતશ્રી;
અશોક પુન્નાગ તિલક ચંપા વૃક્ષ, શોભિત વનમહીં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૬

# અરિહંત વંદનાવલી (છંદ : હરિગીત)

ગાથા-૧ "જે ચૌદ મહા સ્વપ્નો થકી નિજ માતને હરખાવતાં,
વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને ગોપવી અવધારતા;
ને જન્મતાં પહેલાં જ ચોસઠ ઇન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું." ૧

અરિહંત વંદના શા માટે ? આપણે ત્યાં નવકાર મંત્રમાં તો પાંચે વંદના પ્રસિદ્ધ છે. પાંચે પદને સમાન રૂપથી નમસ્કાર કરવામાં આવ્યા છે. તો અહીં પ્રશ્ન થશે કે જ્યારે મહાન કવિ મહાભાગ મહાત્માએ વિશેષ રૂપે અરિહંત વંદનાની રચના કરી તેમાં તેનું ભાવાત્મક પ્રયોજન શું હોવું જોઈએ ?

વસ્તુતઃ જૈન સંપ્રદાય, જૈન સંઘ કે જૈન પરંપરા એ એક નિર્ગ્રંથ પરંપરા કહેવાય છે. આ સંપૂર્ણ નિર્ગ્રંથ પરંપરાનો આધાર અરિહંત પરમાત્મા છે. જીવન સાધનાનું પૂર્ણવિરામ તે કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનને પ્રાપ્ત થનારાં બધા પુણ્યાત્માઓ અરિહંત ગણાય છે. સિદ્ધ ભગવાન તો શ્રદ્ધાથી પ્રકાશિત થાય છે, જ્યારે અરિહંત ભગવંતનાં સાક્ષાત્ દર્શન થાય છે. તેને પ્રત્યક્ષ હરિ કહેવામાં આવે છે. અર્થાત્ નજરની સામે સાકારરૂપે બિરાજમાન ભગવંતો તે અરિહંતો છે. અરિહંત પછી તેમનું આખું શાસન ગણધર, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુથી આરંભ થાય છે. શાસનના પ્રણેતા કહો કે શાસનના રાજાધિરાજ કહો તે શ્રેષ્ઠપદ પર બેઠેલા અરિહંત ભગવંતો જ આધારભૂત છે.

જેથી અહીં કવિરાજે અરિહંત વંદનાને પ્રાધાન્ય આપ્યું છે. વસ્તુતઃ અરિહંત વંદનાથી અન્ય પદોની વંદના નિષિદ્ધ છે, અથવા અમાન્ય છે તેવો ભાવ નથી, પરંતુ પ્રમુખપદે અરિહંત ભગવંતોને વાંદ્યા છે.

અરહિંત ભગવંતો જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતાને ચૌદ સ્વપ્નો આવે છે. આ ઉલ્લેખ કવિએ કર્યો છે. તે ખાસ કરીને તીર્થંકર ભગવાનને લક્ષમાં રાખીને કર્યો છે. તેઓ બધા અરિહંતોને વાંદી રહ્યા છે, પરંતુ મનમાં તીર્થંકર પ્રત્યેનો પક્ષપાત તો છે જ એ સ્પષ્ટ જણાય છે, કારણ કે તેઓ ફક્ત અરિહંત ભાવને જ નથી વાંદી રહ્યા પરંતુ તીર્થંકરોના બાહ્ય જે પ્રભાવો છે તે ઘણા જ મહત્ત્વપૂર્ણ છે એમ માનીને વંદનામાં બાહ્ય લક્ષણનો સમાવેશ કર્યો છે અને આ બાહ્ય લક્ષણો બધા જ અરિહંતોને લાગુ પડતા નથી એ વાત

પાઠકે ધ્યાનમાં રાખવાની છે. અસ્તુ...

અહીં કવિ ભગવાનના જન્મ પહેલાં જ માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી જ તેમનું માનસચિત્ર ઊભું કરે છે. માતા કેવી ધન્યભાગી છે તે પણ જણાવી દે છે. જો કે ભારતવર્ષની સંપૂર્ણ સંસ્કૃતિમાં માતૃપદને ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે અને દેવાધિદેવનાં માતા-પિતા તો પરમ પુણ્યના ભાગીદાર થઈ મોક્ષગામી બની જાય છે. અસ્તુ...

વસ્તુતઃ માતૃ-પદ વંદ્ય છે, તેનું મુખ્ય કારણ ગર્ભમાં આવનાર જીવ સાથે તેના સંસ્કાર-સંબંધો હોય છે. જે દેવાધિદેવનો આત્મા પરિપૂર્ણ સાધના કરી ગર્ભમાં સંચર્યો છે, તે જ રીતે માતાનો આત્મા પણ ઘણા જન્મની સાધના પછી તીર્થંકરની માતા થવાનું પદ પ્રાપ્ત કરે છે, તેથી તે પણ વંદ્ય છે અને આ બંનેના પુણ્ય પ્રભાવથી શુભ સ્વપ્નો અવતરીત થાય છે. દિગંબર પરંપરામાં સોળ સ્વપ્ના માનવામાં આવ્યાં છે, જ્યારે શ્વેતાંબર પરંપરામાં ચૌદ સ્વપ્નાં માનવામાં આવ્યાં છે. સ્વપ્ન સંબંધી વિવરણ કરવાનો અહીં અવસર નથી. પણ અહીં સંક્ષેપમાં એટલું જ કહેવાનું છે કે આ બધાં જ સ્વપ્નો મંગલકારી એટલાં માટે છે કે તે પરોક્ષ ભાવે ઘણા માંગલિક ભાવો કહી જાય છે. અન્યત્ર સમજી લેવા જેવા છે.

કવિ ચૌદ સ્વપ્નનો ઉલ્લેખ કરીને એટલેથી સંતોષ પામ્યા નથી, પરંતુ તીર્થંકર ભગવાનની મહાનતાને પ્રગટ કરતા કહે છે કે - 'બધા ઈન્દ્રો જે સ્વર્ગના અધિપતિ છે અને દેવોના અધિષ્ઠાતા હોવાથી મૃત્યુલોક અને ઊર્ધ્વલોકમાં ઈન્દ્રનું સ્થાન બહુ જ ઊંચું છે. આ બધા ઈન્દ્રો ગર્ભમાંથી જ ભગવાનની પ્રતિમાને સમજી સ્વર્ગમાંથી જ વંદન કરવા શરૂ કરે છે અને તેથી સિંહાસન પરથી ઊતરી મોજડી ઉતારી મુગટ સાથે ભૂમિ સુધી ઝૂકીને ભાવપૂર્ણ વંદન કરે છે.

જૈન શાસ્ત્રોમાં ઈન્દ્ર ભગવાનને વાંદે છે એવો બરાબર ઉલ્લેખ મળે છે. આની પાછળ તાત્પર્ય શું છે ? જુઓ ઈન્દ્ર છે તે સત્તા અને સંપત્તિનો અધિષ્ઠાતા છે, તેના હાથમાં અપાર શક્તિ અને સમૃદ્ધિ છે. ઘડીના છઠ્ઠા ભાગમાં મૃત્યુલોકમાં કહર (આપત્તિ) વર્ષાવે કે અમૃત-વર્ષા કરે એવી શક્તિના ધારક છે. જ્યારે તીર્થંકરદેવાધિદેવ સત્તા ને સંપત્તિના ત્યાગી સર્વથા અપરિગ્રહી નિર્ગ્રંથ અને જ્ઞાનના મૂર્તિ છે, તેની સામે ઈન્દ્ર ઝૂકે છે. તેનો અર્થ એ છે કે ત્યાગ અને જ્ઞાનનાં ચરણોમાં સત્તા અને સંપત્તિ ઝૂકી

જાય છે. સત્તા અને સંપત્તિ કરતાં ત્યાગ અને જ્ઞાનનું મહત્ત્વ વધુ છે. બીજો અર્થ એ થાય છે કે ઈન્દ્ર કરતાં પણ અનંતગુણ વધારે ભગવાનની પાસે ગુપ્ત શક્તિ છે અને સંપત્તિ તો તેનાં ચરણોમાં નાચતી જ રહે છે. એટલા માટે આનંદઘનજીએ ગાયું છે કે-**ચરણકમળ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ...**

અહીં કમલા કહેતા લક્ષ્મી અને સમૃદ્ધિ સ્વતઃ પ્રભુનાં ચરણોમાં નૃત્ય કરે છે.

અહીં અરિહંતની વંદનામાં સામાન્ય અરિહંતને નજર સમક્ષ રાખી દેવાધિદેવની મહત્તાનું પ્રદર્શન કરતા કવિ તૃપ્ત થાય છે અને છેવટે બોલી ઊઠ્યા છે કે - 'પંચાંગ ભાવે હું વંદન કરી રહ્યો છું. ઉપરના ચારે પદમાં બાહ્ય ભાવની સાથે-સાથે આંતરિક ભાવને પણ સ્પર્શ કર્યો છે એ ભૂલવા જેવું નથી. તીર્થંકરપ્રભુને ગર્ભમાં ત્રણ જ્ઞાન હોય છે, તેનો પણ સામાન્ય બોધ કરાવ્યો છે. જો કે આંતરિક ક્ષયોપશમ પણ સામાન્ય અરિહંતોને ઉપલબ્ધ નથી, તેથી આખું પદ મુખ્યભાવે તીર્થંકરોને લક્ષમાં રાખીને જ અરિહંત રૂપે વાંદ્યા છે.

અહીં એ ભૂલવાનું નથી કે તીર્થંકરો માટે 'અરિહંત' શબ્દનો કેમ ઉપયોગ કર્યો ? શું અરિહંત ભગવંત કવિની દૃષ્ટિમાં નથી ? ના, એવું નથી. વસ્તુતઃ કવિએ અરિહંતપણાને જ મહત્ત્વ આપ્યું છે. જેનાં ચાર ઘાતિકર્મો નાશ પામ્યા છે, તેને આપણે અરિહંત કહીએ છીએ. અને અરિહંત થવું એ જ મુખ્ય સાધના છે. આ બાહ્ય લક્ષણો એ પુણ્યનો ઉદય છે. વિશિષ્ટ અરિહંતોને જ આવાં પુણ્યો હોય છે, એ કહીને કવિ મૂળ તો અરિહંતોને જ વાંદી રહ્યા છે જેથી ઉપરમાં મૂકેલો આરોપ અસ્થાને છે. વસ્તુતઃ કવિએ સામાન્ય અરિહંતોને નજર - અંદાજ કર્યા નથી, પરંતુ મુખ્યભાવે અરિહંતોને જ વાંદ્યા છે. વિશિષ્ટ અરિહંતોને તીર્થંકરરૂપ અરિહંતોને નામ લીધા વગર તેના વિશેષ પુણ્યનો નામ માત્ર ઉલ્લેખ કર્યો છે. પરંતુ હકીકત આ 'મહાભાગ' કવિ અરિહંતોને વાંદી રહ્યા છે. આ આખા કાવ્યમાં પંચાંગભાવે ૪૯ વાર વંદન કરવામાં આવ્યા છે, અર્થાત્ પ્રત્યેક કાવ્યની અંતિમ પંક્તિ પંચાંગભાવે વંદનીય છે. પુનઃ પુનઃ વંદન થાય છે તે ભાવાત્મક ક્રિયા છે. અહીં આપણે પંચાંગભાવનો થોડો અર્થ સમજીએ.

સામાન્ય રીતે ભારતમાં બે પ્રકારનાં વંદન પ્રસિદ્ધ છે - (૧) સાષ્ટાંગ વંદન (૨) પંચાંગ વંદન.

સાષ્ટાંગ વંદનનો અર્થ છે આઠે અંગ ઝૂકવા જોઈએ - તે બે હાથ, બે પગ, બે આંખ, હૃદય અને મસ્તક. આ સામાન્ય ગણના છે. પ્રત્યેક સંપ્રદાયના આચાર્યો પોતપોતાની રીતે ગણના કરે છે. પંચાંગભાવે એટલે બે હાથ, બે પગ અને મસ્તક. જે જૈન પરંપરામાં પ્રસિદ્ધ છે. જો કે જૈન આગમોમાં 'પંચાંગ' શબ્દ વાપરવામાં આવ્યો નથી. ત્યાં ફક્ત તિક્ખુતો (જઘન્યવંદના), નમોત્થુણં (મધ્યમવંદન) અને એથી આગળ વધીને ઉત્કૃષ્ટ વંદના પણ કરવામાં આવે છે. અસ્તુ..

હવે એનો આપણે અંગરંગ વિચાર કરીએ. પગ છે તે ચરણ શક્તિ છે અને હાથ છે તે કરણ શક્તિ છે અને મસ્તક છે તે બૌદ્ધિક શક્તિ છે. પંચાંગભાવનો અર્થ છે મનુષ્યની ચરણ શક્તિનું વિરામ પ્રભુના અથવા ગુરુના ચરણે થવું જોઈએ. ભલે એ સંસારનાં બધાં કાર્યો માટે ચાલતો રહે, પરંતુ એક વખત પોતાના ચરણ ગુરુચરણમાં અર્પિત થાય અને ત્યાં પહોંચે તો તેની સમગ્ર શક્તિ કલ્યાણનું કાર્ય બને. એ જ રીતે બંને હાથ તે કર્મ શક્તિ બતાવે છે. મનુષ્ય બધાં કર્મ કરે છે, પરંતુ આ કર્મો પણ તેમણે પ્રભુના ચરણે સમર્પિત કરવાના છે. હાથ છે એ એના જીવનની કમાણીનું સાધન છે. જ્યારે બંને હાથ ગુરુચરણનો કે પ્રભુચરણનો સ્પર્શ કરે છે ત્યારે તેની બધી કર્મ પ્રકૃતિ પુણ્યમય બની જાય છે.  આ ચાર અંગ પછી જે મસ્તક છે તે બૌદ્ધિક શક્તિનું અધિષ્ઠાન છે અને તે સર્વોપરી છે. વિચાર શક્તિ એ જ સમગ્ર શક્તિનું કેન્દ્ર છે. જ્યારે મનુષ્ય અહંકારનો ત્યાગ કરી ગુરુચરણે મસ્તક ઝુકાવે છે ત્યારે તેમના અજ્ઞાનના પડદા દૂર થઈ જ્ઞાનનાં બિંદુઓ પ્રવાહિત થાય છે. બુદ્ધિ તર્કપ્રધાન મટી ભાવપ્રધાન બને છે, શંકા છોડી ભક્તિમય બને છે. તેમને લાગે છે કે મારે માટે આખું ઉપાસ્યતત્ત્વ અરિહંતદેવો અને ગુરુભગવંતો જ છે. આમ પંચાંગભાવે વંદન કરી એક પ્રકારે સંતુષ્ટિ મેળવે છે, અને આપણા કવિ વારંવાર અતૃપ્તભાવે પ્રત્યેક પંદમાં પંચાંગભાવે વંદન કરી છેવટે તૃપ્ત થાય છે અને પંચાંગ વંદનનો એક હાર જાણે પોતે પહેર્યો હોય તેવો સંતોષ અનુભવે છે.

**(ગાથા-૨) "મહાયોગના સામ્રાજયમાં જે ગર્ભમાં ઉલ્લાસતાં,**
**ને જન્મતાં ત્રણ લોકમાં મહાસૂર્ય સમ પરકાશતા;**
**જે જન્મ કલ્યાણક વડે સૌ જીવને સુખ અર્પતા,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨**

આ બીજી ગાથામાં જન્મ કલ્યાણકનો ઉલ્લેખ કર્યો છે અને સાથે સાથે કલ્યાણકની પૂર્વઅવસ્થાનો પણ આભાસ આપ્યો છે કે આવા પ્રતાપી દેવાધિદેવનો આત્મા ગર્ભની અંદર જ પોતે મહાયોગમાં અર્થાત્ યોગાતીત અવસ્થામાં રહીને એ ત્યાં પણ આત્માનો આનંદ ભોગવી રહ્યા છે. આ ઉલ્લેખ કરવાનું તાત્પર્ય એ છે કે જ્ઞાની જીવને ગર્ભ અવસ્થા કે જન્મ અવસ્થા હોતી નથી. પરંતુ પુણ્યના યોગે દેહ જ ગર્ભમાં આવે છે અને દેહનો જ જન્મ થાય છે. એટલે ગર્ભમાં પણ પોતે જ્ઞાનથી પોતાના દેહને નિહાળી શકે છે. અને ઉલ્લાસ એટલા માટે પામે છે કે તેમને પોતાને જણાય છે કે દેહ છતાં દેહનું બંધન નથી. દેહની અચિંત્ય શક્તિ અને આત્માની અનંત શક્તિ બંનેનો સમતુલ્ય સ્વતંત્ર સમભાવ વર્તી રહ્યો છે. આટલી પૂર્વભૂમિકા કર્યા પછી પ્રભુના જન્મ કલ્યાણની વાત કરે છે. 'કલ્યાણ' શબ્દ જૈન વાઙ્મયમાં ઘણો જ પ્રસિદ્ધ છે. પરંતુ આવા ખાસ અર્થમાં 'કલ્યાણ' શબ્દનો પ્રયોગ જૈનાચાર્યોએ જ કર્યો છે અને 'કલ્યાણ' શબ્દને ખાસ સંકેતાર્થ બતાવ્યો છે.

હવે 'કલ્યાણ' શબ્દ તો પ્રસિદ્ધ છે જ ત્યારબાદ 'ક' અક્ષરથી કે 'ક' પ્રત્યય તે ક્રિયાવાચક છે, અને આ ક્રિયા કર્તૃભાવે અને કર્મભાવે છે. કલ્યાણ કરનાર તેને કલ્યાણક કહે છે. જે યોગથી કલ્યાણ થાય છે, તેને પણ કલ્યાણક કહે છે. આમ કલ્યાણની અનુરૂપ ક્રિયા થવાથી તે કલ્યાણક બની જાય છે.

જીવની જીવનયાત્રામાં આવાં કલ્યાણજનક કેન્દ્રો ક્રમશઃ ઉદ્ભવે છે. બધાં કેન્દ્રોનો સ્પર્શ થયા પછી જીવનલીલા પણ સમાપ્ત થાય છે. આદિથી માંડી અંત સુધી - શુભારંભથી લઈ સમાપ્તિ સુધી મુખ્યતઃ પાંચ બિંદુ આવે છે.

(૧) ગર્ભ કલ્યાણક (૨) જન્મ કલ્યાણક (૩) દીક્ષા કલ્યાણક (૪) કેવળજ્ઞાન કલ્યાણક (૫) મોક્ષ કલ્યાણક.

ઉત્તમ આત્માઓને અને જેઓ ચરમ શરીરી છે એવા અરિહંત ભગવંતોને કે દેવાધિદેવોને આ બધાં કલ્યાણકો પ્રાપ્ત થાય છે. જ્યારે સામાન્ય મનુષ્ય ત્રણ કેન્દ્રોનો સ્પર્શ કરે છે, પણ તેને કલ્યાણક કહેવામાં આવ્યા નથી. - ગર્ભ,

જન્મ, મૃત્યુ

આ પદમાં ભક્તકવિરાજે ગર્ભભાવનાની અને ગર્ભમાં રહેવા છતાં ગર્ભાતીત દશાની ઝાંખી કરાવી ગર્ભ કલ્યાણકનો સ્પર્શ કર્યો છે અને તે દેવાધિદેવોને ગર્ભથી જ વાંદ્યા છે. આ વંદન દ્રવ્યવંદન તથા ભાવવંદનરૂપે વિભક્ત છે. ગર્ભ અવસ્થામાં પણ ભગવાનની દિવ્યતાનો સ્પર્શ થાય તો ભક્ત માટે ભાવવંદન બની જાય છે, અન્યથા પરંપરાનુસાર ગર્ભવંદન એ દ્રવ્યવંદન જેવા વંદનની કક્ષામાં આવે છે.

એક પ્રકારે સમજો કે જન્મ તે મુક્તિ છે. અને જો જન્મને મુક્તિ માનીએ તો ગર્ભાવસ્થામાં જ મુક્તિની સાધના શરૂ થઈ જાય છે. લોકાચારમાં પણ કહેવાય છે કે જો હું ગર્ભમાંથી છૂટીશ તો નિરંતર પ્રભુસ્મરણ કરતો રહીશ અને એ રીતે ભક્તિયોગના બીજ વવાય છે. પરંતુ દેવાધિદેવની ગર્ભ અવસ્થા સાક્ષાત્ મુક્તિનાં જેમાં બીજ હોય છે, તેવી ભક્તિમય અવસ્થા છે. માટે ગર્ભ કલ્યાણક બંધન હોવા છતાં અર્હંતાની કક્ષામાં આવે છે અને ભક્તો માટે પૂજ્ય બની જાય છે. તેથી જ કવિએ અહીં એવા અરિહંત કહીને પ્રભુને વાંદ્યા છે.

હવે બીજા કેન્દ્ર બિંદુ જન્મ કલ્યાણને આ જ ગાથામાં સમેટી લેવામાં આવી છે. જૈનાચાર્યોએ પંચકલ્યાણકની કલ્પના કરી કલ્યાણકને કેન્દ્રભૂત માની તીર્થંકર દેવાધિદેવના સમગ્ર જીવનને આવરી લીધું છે, જેમાં બીજું જન્મ કલ્યાણક તે ઘણું જ મહત્ત્વપૂર્ણ છે.

કેટલાક સૂક્ષ્મ ભેદો સંપ્રદાયમાં પ્રવર્તે છે, જેમાં જન્મથી ભગવાન વંદ્ય છે કે કેમ ? તે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે. સ્થાનકવાસી પરંપરા જન્મથી વંદ્ય માનતી નથી, જ્યારે ઘણા સંપ્રદાયો જન્મથી જ પ્રભુને વંદ્ય માને છે. પ્રમાણરૂપે ઇન્દ્ર જન્માભિષેક મનાવે છે અને પ્રભુને વાંદે છે, પરંતુ ત્યાં તે પારંપારિક જીત વ્યવહાર છે. જ્યારે તેને અંગ્રેજીમાં ટ્રેડિશનલ કહે છે. અસ્તુ.. જે હોય તે પરંતુ દેવાધિદેવના જન્મ ઘણા જ મહત્ત્વપૂર્ણ છે એમાં શંકા નથી.

જન્મનું મહત્ત્વ શા માટે ? આવા મહાપુરુષના જન્મ, તે તેમને માટે તો પ્રબળ પુણ્યનો યોગ છે જ, પરંતુ સમગ્ર વિશ્વને માટે મહાપુણ્યનો યોગ ગણાય છે. તેમનો જન્મ થતા જ ત્રણ લોકમાં શાંતિ પથરાય છે. અહીં કવિ સ્વયં કહે છે કે - "જન્મથી ત્રણ લોકને પરકાશતા" જન્મ વખતે અનંતાનંત

શુભશુક્લ, મહાશુક્લ શાતાકારી પરમાણુની વૃષ્ટિ થવા લાગે છે અને પ્રભુના પિંડમાંથી અનંતાનંત પરમાણુઓ પ્રવાહિત થાય છે. જેમ સૂર્યનો ઉદય થતા રશ્મિઝાળ પથરાય છે તે રીતે.

આ રીતે બીજું કલ્યાણક અથવા જન્મ કલ્યાણક દૃષ્ટાંતરૂપ છે. તેનું બીજું મહત્ત્વ એ છે કે જન્મ કલ્યાણને ઉજાગર કરવાથી ત્રણ લોકમાં પ્રભુનો જન્મ થયો છે એ મંગળ સંદેશ ફેલાય છે. 'અમલ પ્રાતૃન'માં તારણ સ્વામી કહે છે કે -

**"જબ ઝીણું ગર્ભવાસ અવતર્યો રે,**
**તબ ઊર્ધ્વ ચિત્તુ મન લાયો રે."**

(ઝીણુ - જિનેશ્વર ભગવાન) અર્થાત્ - એક જન્મ તો માતાના ઉદરથી થાય છે અને બીજો જન્મ મનુષ્યના મનરૂપી ગર્ભમાં થાય છે, અને મનમાં પ્રભુ અવતરે છે. આ ક્રિયા સાક્ષાત્ જન્મકલ્યાણ સાથે સંબંધ ધરાવે છે, તેથી જ જન્મ કલ્યાણક મહત્ત્વપૂર્ણ છે એ વાત નિર્વિવાદ સત્ય છે.

(ગાથા-૩) "છપ્પન દિક્કુમારી તણી સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર સરસંપુટ મહીં ધારી જગત હરખાવતા;
મેરુશિખર સિંહાસને જે નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩

જૈન શાસ્ત્રો અથવા કથાનકોમાં ભગવાનના ચરિત્રને બહુ જ મહત્ત્વ આપી પ્રકાશ કર્યો છે કે મનુષ્ય તો દૂર રહ્યા, દેવતાઓ અને દેવીઓ અને તેમાંય વિશેષરૂપે દિશાકુમારીઓ અથવા અષ્ટ દિશાની અપ્સરાઓ પ્રભુનો જન્મ મનાવવા આવી જાય છે. તેનો દિશાની સંખ્યા સાથેનો સંબંધ છે, પરંતુ મૂળદિશા અને કોણદિશા બંનેના મહત્ત્વમાં બે આની જેટલો ફરક છે. જેથી ચાર દિશાની આઠ-આઠ કુમારિકાઓ પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણની તથા ૨૪ દિક્કુમારીકાઓ વિદિશાની અર્થાત્ ઈશાન, વાયવ્ય, નૈઋર્ત્ય, અગ્નિ કુલ મળી ૫૬ થઈ. આ છપ્પન તો અધિષ્ઠાતી દેવીઓ છે. ફક્ત ૫૬ નથી હોતી પણ ૫૬૦૦૦ અને તેથી વિશેષ પણ હોઈ શકે. આવડા મોટા લોકાકાશમાં ૫૬ દિક્કુમારીઓની કોઈ વિશેષતા નથી, ૫૬૦૦૦ પણ થોડી પડે છે. અસ્તુ..

આટલો મોટો મહોત્સવ હોય ત્યાં ઉભય લોકના અધિષ્ઠાતા એવા ઈન્દ્ર અને તેનાથી પણ મોટા-મોટા ઈન્દ્રો એ બધા કેમ અનુપસ્થિત રહી શકે ? અર્થાત્ હરખ(ર)થી દોડી આવે છે. જે ઈન્દ્રને અધિકાર છે તે ઈન્દ્રને અધિકાર આપી મહાઈન્દ્રો પણ પોતાની સંમતિ પ્રદર્શિત કરે છે. શકેન્દ્ર પોતાના કરકમળમાં પ્રભુને ધારણ કરી અતિ ગૌરવનો અનુભવ કરે છે. વસ્તુતઃ પ્રભુને બંને હાથમાં સંપુટમાં ધારણ કરવામાં આવતા નથી. દક્ષિણ હાથમાં જ ધારણ કરવામાં આવે છે. એવા એક કરકમળને સંપુટ માન્યો છે. ત્યારબાદ આ મહોત્સવ અર્થાત્ જન્માભિષેક સાધારણ ધરાતલ પર સંભવ નથી. પરંતુ પંચમેરુમાં જે મહામેરુ છે, જે સર્વોત્કૃષ્ટ ઊંચાઈ પર જેનું શિખર છે, તે મેરુનું શિખર જન્માભિષેક માટે ઉચિત માનવામાં આવ્યું છે. તેના ઉપર દિવ્યગતિથી પ્રભુના સજીવ બિંબને લઈને જ્યારે સિંહાસન પર ઈન્દ્ર સ્થાપિત કરે છે ત્યારે ત્રણ લોકમાં પણ જેનું વર્ણન ન થઈ શકે તેવી શોભાથી પ્રભુ શોભાન્વિત થઈ કરોડો-કરોડો દેવ-મનુષ્યોને આનંદ પમાડે છે. આ શોભાને સાંભળનારા લાખો લોકો ધન્ય બની જાય છે. આ બધો મહિમા સમજ્યા પછી કવિનું મસ્તક અરિહંતના ચરણમાં ઝૂકી જાય છે, અને વારંવાર પંચાંગ પ્રણામ કરવા વશીભૂત થઈ જાય છે અને તેના માનસપટમાં ઊપજેલું જન્માભિષેકનું ચિત્ર સ્પષ્ટ અક્ષરદેહ પામી આ કવિતાનાં ત્રીજા પદમાં ચમક્યું.

(ગાથા-૪) "કુસુમાંજલિથી સુર અસુર જે ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિનાં ન્હવણજળથી દેવ જેને સિંચતા;
વળી દેવદુંદુભિનાગ ગજવી દેવતાઓ રીઝતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪

ભારતની સંસ્કૃતિમાં પુષ્પ પૂજાનું ખૂબ જ અગ્રગણ્યસ્થાન છે. માનો કે પુષ્પવિહીન પૂજાની કોઈ કલ્પના જ નથી. જૈન સંસ્કૃતિ પણ પુષ્પ પૂજાથી અછૂતી નથી. ભલે પુષ્પોની વ્યાખ્યા ભાવપુષ્પ, ગુણપુષ્પ રૂપે કરવામાં આવી હોય છતાં પણ દ્રવ્ય પુષ્પ પોતાનું સ્થાન બરાબર કાયમ રાખી શક્યા છે.

આ ચોથી ગાથામાં 'અર્હંત વંદના'માં આચાર્યશ્રી બાળ ભગવાનની પણ સર્વ પ્રથમ પુષ્પ પૂજા અર્થાત્ કુસુમાંજલિથી આદર કરવાની વાત કરી રહ્યા છે. અત્યારે પ્રભુ મેરુની ટોચ ઉપર હોવાથી ત્યાં પ્રભુને છોડી બીજા કોઈ માનવનું અસ્તિત્વ શક્ય નથી, એટલે સમગ્ર વિધિ-વિધાનો ઈન્દ્રો અને દેવતાઓ કરી રહ્યા છે. ઈન્દ્ર પણ પુષ્પાંજલિથી ભાવવિભોર બની પ્રભુનાં ચરણોમાં પુષ્પ અર્પણ કરતા સ્વયં અર્પિત થઈ ગયા હોય તેવો આનંદ અનુભવે છે. સાથે-સાથે પ્રભુનાં ઉત્તમ સ્નાનની તૈયારી ચાલી રહી છે. મેરુ પર્વતની ઊંચી ટોચ પર કોઈ પ્રકારનાં પાણીનાં ઝરણાં નથી, પરંતુ દેવતાઓ અસંખ્ય સમુદ્રોમાંથી ઊંચ કોટિના ક્ષીર સમુદ્ર જેવા સમુદ્રોમાંથી હજારોની સંખ્યામાં કળશ ભરીને ઊભા છે. પરંતુ ઈન્દ્ર પોતાના અધિકાર સાથે ક્રમશઃ એક-એક કળશનો સ્વીકાર કરી પ્રભુને ક્ષીર સમુદ્રનાં નિર્મળ જળથી સ્નાન કરાવતાં પોતે જાણે પ્રવાહિત થઈ ગયા હોય તેવાં પાણીથી પણ વધારે નિર્મળ તેના ભાવો ઉભરાઈ રહ્યા છે.

આ બધી વિધિ ચાલતી હતી ત્યારે વાતાવરણ શાંત ક્યાંથી રહી શકે ? શંખધ્વનિ અને ભેરીના ગગનગર્જિત ઉદ્ઘોષણાઓથી અને મધુર મહાસ્વરના ગુંજારવથી આકાશ સ્વયં નિનાદિત થઈ રહ્યું હોય તેવી દુંદુભિઓ ચારે તરફથી વાગી રહી હતી. મનુષ્યનું કમનસીબ છે કે આ ઉત્સવમાં ભાગ લઈ શકતો નથી. મોટા ચક્રવર્તીના (ભાગ્યમાં) પણ આ મહોત્સવમાં સમ્મીલીત થવા જેવાં પુણ્ય પ્રાપ્ત નથી. માનો સમગ્ર દેવગતિ આવા મહોત્સવથી ધન્ય બની જાય છે. જ્યાં ફક્ત દેવતાઓની ઉપસ્થિતિ જ સંભવિત છે. મનુષ્ય તો લાચાર બનીને પોતાની મનોભાવનાથી આ દિવ્યચિત્ર ઊભાં કરે છે. અહીં પણ 'મહાભાગ' કવિ આ ચોથી ગાથામાં મહોત્સવનું જાણી શકાય તેટલા અંશવાળું વર્ણન આપી પોતે પંચાંગથી પ્રભુનાં ચરણોમાં ઢળી ગયા છે. ભલે કદાચ પોતે જઈ ન શક્યા હોય પરંતુ ભાવાત્મક નેત્રોથી આવા સાધક આત્માઓ કોઈપણ પ્રકારનાં દર્શનથી અછૂતા રહી શકતા નથી. આમ અરિહંત વંદનાનો આનંદ લેતા કવિશ્રી આગળ વધે છે -

**ગાથા-૫** "મઘમઘ થતાં ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતાં;
કુંડલ કડા મણિમય ચમકતાં હાર મુકુટે શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૫

આ મહોત્સવની વિધિ હજુ ચાલુ જ છે. હવે ચંદનના લેપ, પુષ્પની માળા, કડા, કુંડલ વગેરે. દિવ્ય સાધનો પ્રભુના શરીરને શોભાયમાન કરે છે, અને તેમાં દેવતાઓનો પૂરેપૂરો ભક્તિયોગ છે. દેવતાઓની આ ભક્તિથી પ્રભુનું આ દિવ્ય શરીર ઉત્તમ પદાર્થોથી શોભી ઊઠ્યું છે, તે વસ્તુનો ઉલ્લેખ કવિ કરી રહ્યા છે.

સ્નાન પછી વિલેપન અને તે પણ સામાન્ય ચંદનનું નહિ ગોશીર્ષ ચંદન અર્થાત્ ગાયના મસ્તક જેવી આકૃતિવાળું ઉચ્ચ કોટિનું એક ચંદન વૃક્ષ બહુ જ અલ્પ સંખ્યામાં વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે. આ ચંદનવૃક્ષના ગૌમુખી મસ્તકથી મધ્યભાગમાં જે ચંદન વિકાસ પામ્યું છે, તેને ગોશીર્ષ ચંદન કહેવામાં આવે છે. કેટલાક અજ્ઞાની જીવો જીવંત ગાયના મસ્તકમાં પેદા થાય છે, તેવા ચંદનનો અનર્થ કરતા હોય છે, જ્યારે વાસ્તવિકતા બીજી જ છે. અસ્તુ..

આ ચંદન અતિ દુર્લભ છે. સામાન્ય ચંદન કરતા કોટિ કોટિ અધિક મૂલ્ય-વાળું આ ગોશીર્ષ ચંદન વિશ્વનો એક બહુમૂલ્ય પદાર્થ છે, અને તેમાંય ગોશીર્ષવૃક્ષ ભદ્રશાલ ઉચ્ચ કોટિના વનમાં ઉત્પન્ન થાય છે. તે સામાન્ય ગોશીર્ષ ચંદન કરતા પણ બહુ મૂલ્ય હોય છે. અસ્તુ...

આ ચંદન દેવતાઓ દ્વારા જ ઉત્પન્ન થઈ શકે છે. દેવતાઓ પ્રભુનો જન્મ થયા પહેલાં જ ગોશીર્ષ ચંદનને સંચિત કરીને રત્નમંજૂષામાં રાખે છે. જન્માભિષેકની પ્રતીક્ષા કરતા-કરતા જ્યારે અવસર આવે છે ત્યારે પોતાની તપશ્ચર્યાનું ઉત્તમ ફળ મેળવે છે. આ ગોશીર્ષ ચંદનથી પ્રભુનો લેપ થતા કવિ કહે છે કે - "બધું મઘમઘી ઊઠે છે." મઘમઘવું તે એક લૌકિક સામાન્ય ક્રિયા છે. કવિને બીજો ઉત્તમ શબ્દ ન મળતા 'મઘમઘતા' શબ્દનો પ્રયોગ કર્યો છે. વસ્તુતઃ કહેવું જોઈએ કે આ ચંદન પોતાની સૌરભથી સ્વતઃ સુગંધિત એવા સ્વર્ગને પણ અને ઈન્દ્રાદિનાં સૌરભભર્યાં શરીરોને પણ એવા સુવાસિત કરી આપે છે કે દેવતાઓ પણ આ સૌરભને પ્રાપ્ત કરતા કરતા ધન્ય ધન્ય

થઈ જાય છે. આખું વાતાવરણ મઘમઘી તો શું તેના કરોડાગુણા એવી ઉત્તમ મહાસૌરભથી વ્યાપ્ત થઈ જાય છે. હજુ ચંદનનો લેપ પૂરો થયો ન થયો ત્યાં તો માળા અર્પણ કરવા ઈન્દ્ર વગેરે દેવો અધીરા બની ગયા હોય છે.

ભગવાનને માળા અર્પણ કરવા શું આપણે આવા લૌકિક શબ્દથી તે માળાનું મૂલ્યાંકન કરી શકીએ ? પરંતુ જ્યારે કહેવું જ છે તો સામાન્ય ભક્તો માટે કાંઈ તો કહેવું જ પડે ને ! પ્રભુના દેહને અર્પણ કરવા માટે જે માળાઓ તૈયાર થઈ હશે તે માળાઓ શું ગોશીર્ષ ચંદનથી અલ્પ મૂલ્યવાળી થોડી હોઈ શકે ! પ્રભુ પ્રત્યેની આ ભક્તિયોગમાં એક-એક ચીજ ઉત્તરોત્તર ઉત્તમ ભાવવાળી અર્પણ થઈ રહી છે. આ માળા અર્પણ કર્યા પહેલાં જ્યારે ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ માળાનો સ્પર્શ કરી પ્રભુને અર્પણ કરવા માટે હાથ ઊંચા કરે છે ત્યારે એવા અનુભવ થાય છે કે સમગ્ર મેરુ ઊંચો થઈને પ્રભુને માળા અર્પણ કરવા અધીરો બન્યો છે.

પ્રકૃતિએ અર્પણ કરેલાં હાથ-પગ કે કાન ઈત્યાદિ અંગો પુણ્યના સંયોગથી સુંદર રીતે નિર્માણ થાય છે. તીર્થંકર નામ કર્મના ઉદયથી તો આ બધાં અંગ-ઉપાંગોની શોભાનું તો કહેવું જ શું ? સ્વતઃ તે અંગો હૃદયાકાર્શક અને નયનાભિરામ હોય છે. પરંતુ ભક્ત લોકો આ બધાં અંગોને અલંકૃત કર્યા પછી જ સંતોષનો અનુભવ કરે છે. બધા અલંકાર શોભા માટે છે, એટલું જ નહિ પરંતુ પોતાની ભક્તિને અભિવ્યક્ત કરવા ઉપકરણ બની રહે છે. જુઓ ઈન્દ્રાદિ દેવો ગળાના કર્ણસંપુટના અને હસ્તકમળના અલંકારો દેવલોકથી તૈયાર કરીને જ લાવ્યા છે. અષ્ટ પ્રકારના અષ્ટ ધાતુના બનેલા સુવર્ણમય થાળોમાં બધાં અલંકારો શોભી રહ્યા છે, અને જ્યારે ક્રમશઃ યથાસ્થાને પ્રભુને અર્પણ કરી અલંકારો પહેરાવવામાં આવે છે ત્યારનું દશ્ય તો શબ્દાતીત હોય છે. આ બધા અલંકારો દિવ્ય અલંકારો હોવાથી એમનું મૂલ્યાંકન થઈ જ ન શકે. નામ ભલે લૌકિક ઝવેરાતના અપાયા હોય - રત્ન, માણેક ઈત્યાદિ, પરંતુ અહીં એ સમજવાનું નથી કે આ બધા અલંકારો સાધારણ કોટિના રત્નમાણેક જેવા લૌકિક અલંકારો છે.

કવિએ અહીં શબ્દોના અભાવે સામાન્ય શબ્દો મૂક્યા છે - ચમકતા, શોભતા વગેરે.

ધ્યાનમાં એ રહેવું જોઈએ કે રત્ન, નીલમ, માણેક ઈત્યાદિ મૂલ્યવાન અલંકારો બે જાતના હોય છે - સ્વપ્રકાશક અને પરપ્રકાશક. લૌકિક અલંકારો

બાહ્ય પ્રકાશ મળવાથી ચમકે છે, જ્યારે દિવ્ય અલંકારો સ્વયં પ્રકાશક હોવાથી ચારે તરફ અદ્ભુત રોશની પાથરે અને મંગળમય ભાવો પણ ઉત્પન્ન કરે છે. આ બધા અલંકારો ફક્ત પ્રકાશક છે, એટલું જ નહિ પણ મંગળ તત્ત્વો પણ છે. પદાર્થમાં બે પ્રકારના ભાવો સુપ્રસિદ્ધ છે - જેમાં મંગલતત્ત્વો એ પદાર્થનો ઉત્તમ અંશ છે. પ્રભુને અર્પણ કરેલા આ બધા અલંકારો મહામાંગલિક તરીકે જીવોનું કલ્યાણ કરવામાં નિમિત્તભૂત બને છે, અને પ્રભુના શરીરનો સ્પર્શ પામી અલંકારો પણ ધન્ય બની ગયા છે. પ્રભુની ભક્તિ સાથે પ્રભુના અલંકારો પણ એટલા જ પૂજ્ય બની જાય છે અને આ અલંકારો પ્રભુની આભ્યંતર શક્તિનો ઉદ્‌ઘોષ કરે છે. કર્ણસંપુટ એ દિવ્ય શ્રવણશક્તિ પ્રભુમાં છે. ત્રણ લોકનો ધ્વનિ તેઓ સ્વતઃ ઈન્દ્રિયાતીત ભાવોથી સાંભળી શકે છે. એ જ રીતે ગળાના હાર પ્રભુના કંઠમાં રહેલા આંતરિક દિવ્યવાણી રૂપી શબ્દોની અદ્ભુત શક્તિને પ્રગટ કરે છે. એ જ રીતે કરકમળમાં શોભતા કડા પ્રભુના શાસનના બે મુખ્ય સિદ્ધાંત સમ્યગ્‌દર્શન અને સમ્યક્ચારિત્રની સ્થાપના કરવા માટે આ કડા મનુષ્યની ચેતનાને જાગૃત કરે છે. બાહ્ય અલંકારો અનંત આભ્યંતર અલંકારોની શક્તિના સૂચક છે. કવિશ્રીએ ત્રણે અલંકારોનો ઉલ્લેખ કરીને તેનો મહિમા સમજીને પુનઃ પુનઃ દેવાધિદેવને પંચાંગભાવે વાંદ્યા છે.

**(ગાથા-૬)** "ને શ્રેષ્ઠ વેણુ મોરલી, વીણા મૃદંગ તણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની;
હર્ષે ભરી દેવાંગનાઓ, નમન કરતી લળીલળી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું." ૬


અલંકારોની સ્તુતિ કર્યા પછી વિશ્વમાં રહેલી વિભૂતિ જે લલનાઓના શરીરથી પ્રગટ થતી રહે છે. તેને કારણે જ સર્વત્ર દેવાંગનાઓના અને તેના નિર્દોષ નૃત્યનો ઉલ્લેખ જોવા મળે છે. લલિતકળાઓની અધિષ્ઠાત્રી પ્રાયઃ દેવીઓ છે, અને તેની અભિવ્યક્તિ કોમલાંગીઓના લલિતદેહથી પ્રગટ થાય છે, તેથી સમગ્ર કાવ્યશાસ્ત્રમાં, ભાવશાસ્ત્રોમાં કે ભક્તિશાસ્ત્રોમાં દેવાંગનાઓના અભિનય, નૃત્ય કે ઝંકાર વિના આખું ક્ષેત્ર શૂન્ય બની રહે તેવું કવિઓને જણાય છે. તો અહીં કવિશ્રી તે જ રીતે દેવાંગનાઓની લલિતભક્તિનો સ્પર્શ કરી રહ્યા છે. ભક્તિયોગમાં પુરુષ કરતાં નારીને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પૂજા અથવા દેવસ્થાનોમાં બરાબર નાટારંભ થતા રહેતા અને તેમાં પ્રમુખ સ્થાન લલનાઓનું રહ્યું છે. જૈનશાસ્ત્રોમાં સામાન્ય મનુષ્ય કરતા દેવ અને દેવાંગનાઓનું વર્ણન અધિક મળે છે. જેથી અહીં દેવાંગનાઓ વાજિંત્રની સાથે અલગ (૨) મુદ્રાઓમાં અભિનય કરતી નૃત્ય ઉપસ્થિત કરે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે - 'શું ભગવાનને પણ દેવાંગનાઓનું નૃત્ય પ્રિય હોય છે ?' પરંતુ ખરા અર્થમાં હકીકત તેમ નથી. મનુષ્ય પોતાની ભાવ-ઊર્મિઓને પ્રગટ કરવા માટે લલિતકળાઓનું અવલંબન ગ્રહણ કરે છે. આ લલિતકળાઓ મુખ્યતઃ પાંચ ભાગમાં વિભક્ત છે - (૧) શિલ્પ (૨) સાહિત્ય (૩) વાજિંત્ર (૪) ગાન (સ્વર) તાન અને (૫) નૃત્ય. આ બધી ભાવભંગીઓ પ્રકૃતિએ મનુષ્યના શરીરમાં મૂકી છે, એ રીતે લાગે છે કે દેવતાઓના શરીરમાં પણ વરદાન-રૂપે પીરસેલી છે. જ્યારે દેવ કે મનુષ્ય પોતાની ઊર્મિ પ્રગટ કરવા માંગે ત્યારે તેમની પાસે એક માત્ર આ સાધન છે, જેને ભક્તિયોગ કહેવામાં આવે છે. જ્ઞાનયોગમાં સ્થિરતા છે, ધ્યાનયોગમાં એથી પણ વધુ સ્થિરતા છે, જ્યારે ભક્તિમાં અભિવ્યક્તિ છે. અસ્તુ... એટલે જ અહીં કવિ દેવાંગનાઓ દ્વારા આનંદ ઊર્મિની અભિવ્યક્તિ કરી ભગવાનના મહિમાને વિશેષ રૂપે આપી રહ્યા છે. આ ઉચ્ચ કોટિની અભિવ્યક્તિ સામાન્ય પાત્રની સામે થઈ શકતી નથી. દેવાધિદેવ જેવા મહા અંતિમ સ્થિતિના ઉચ્ચત્તમ પાત્ર સામે દેવતાઓ પણ અભિવ્યક્ત કરતા જરા પણ અચકાતા નથી, તે પ્રભુનો મહિમા જ સમજો. અને આવા અરિહંતોને નમન કરવાની સ્વયં પંચાંગભાવે અભિવ્યક્તિ કવિ પણ કરી રહ્યા છે.

**ગાથા-૭** **"જયનાદ કરતા દેવતાઓ હર્ષના અતિરેકમાં,**
**પધરામણી કરતા જનેતાના મહાપ્રસાદમાં;**
**જે ઇન્દ્રપુરિત વરસુધાને ચૂસતા અંગૂષ્ઠમાં,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૭**

સાતમી કડીમાં દેવતાઓ પ્રભુને ફરીથી માતાના રાજમહેલમાં લાવીને સૂવડાવે છે. મેરુથી લઈને જનેતાના પ્રાસાદ (મહેલ) સુધી દેવતાઓ હર્ષના અતિરેકથી ઊભરાયને પૂરામાર્ગમાં જયધ્વનિ કરીને સમગ્ર ગગનને ગૂંજાયમાન કરતા હતા. અહીં હર્ષનો અતિરેક નથી થયો, તે ઘણી જ સ્વાભાવિક ક્રિયા છે. જ્યારે માણસનું ધાર્યું કામ પૂરું થાય ત્યારે હર્ષનો અતિરેક અર્થાત્ અપાર હર્ષ થવો સ્વાભાવિક છે. દેવતાઓ પણ ઐતિહાસિક પારંપારિક કર્મને સંપૂર્ણ રીતે નિભાવીને યથાવત્ પરિપૂર્ણ કરે છે, ત્યારે તેને હરખતા ઊભરા આવે છે. અને આવા ભાવવિભોર થયેલા દેવતાઓ જ્યારે માતાના રાજમહેલમાં પ્રભુના મંગળમય બાલરૂપને પુનઃ સ્થાપિત કરે છે ત્યારે તો કહેવું જ શું ?

પારંપારિક માન્યતા પ્રમાણે પ્રભુને જે પરિશ્રમ પડ્યો છે અથવા એમના પ્રત્યે જે માતૃત્વ ભાવ છે તેને પરિપૂર્ણ કરવા માટે ઈન્દ્ર પોતાની શક્તિથી પ્રભુના અંગૂષ્ઠમાં ઉચ્ચકોટિનો સુધારસ સ્થાપિત કરે છે. પ્રભુ જ્યારે અંગૂઠો પોતાના ઓષ્ઠકમળ પર રાખી તેનું આસ્વાદન કરે છે ત્યારે ખરેખર આવા ત્રિલોકીનાથ દેવાધિદેવનું પણ સહજ બાળસ્વરૂપ પ્રગટ થાય છે. આ દૃશ્ય કવિના હૃદયને ભાવથી મોહિત કરે છે. બાળકને જે અમૃતપાનની અપેક્ષા છે તેની સહજ પૂર્તિ થઈ જાય છે. ઈન્દ્ર જાણે મા બનીને પ્રભુને અમૃતપાન કરાવી રહ્યા હોય તેવો સંતોષ અનુભવે છે. ધન્ય છે પ્રભુના આ બાળસ્વરૂપને ! અને ધન્ય છે ઈન્દ્રની આ સજગતાને. સંપૂર્ણ ચિત્ર નજર સમક્ષ, આવતા કવિ સ્વયં હર્ષવિભોર થઈ પંચાંગભાવે અરિહંતોને નમસ્કાર કરે છે. નમસ્કાર કરતી વખતે ભક્તિથી કવિનું હૃદય દ્રવી ઊઠ્યું છે.



**ગાથા-૮** **"આહાર ને નિહાર જેના છે અગોચર ચક્ષુથી,**
**પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહિ;**
**સ્વર્ધેનુ દુગ્ધ સમા રુધિર ને માંસ જેના તન મહીં,**
**એવા પ્રભુ અરિહંતને પચાંગભાવે હું નમું." ૮**

કવિરાજ ભગવાનનો પ્રત્યક્ષ મહિમા વર્ણવ્યા પછી પરોક્ષ અચિંત્ય, અગોચર એવો પ્રાકૃતિક મહિમા પણ જાણીને અને જણાવીને પ્રભુની ગુપ્ત-લીલાનો ઈશારો કરે છે. જુઓ તો ખરા ! જ્યાં માનવશરીર છે ત્યાં આહાર-નિહાર સ્વાભાવિક છે. એ જ રીતે શરીરના બીજા કેટલાક ધર્મો પ્રસ્વેદ (પસીનો) વગેરે પણ સંભવિત છે. ઉપરાંત દેહના આંતરિક ધર્મો રક્ત-સંચાર પણ સ્વાભાવિક પોતાનું કાર્ય કરે છે. પરંતુ ત્રિલોકીનાથ દેવાધિદેવ અરિહંતોના પ્રબળ પુણ્યના યોગે તીર્થંકર નામ કર્મના ઉદયના કારણે બધી જ શારીરિક ક્રિયાઓ અદશ્યભાવે ચાલે છે અને પ્રકૃતિ સ્વયં તે પુદ્ગલોનો વિક્ષેપ કરી નાંખે છે અર્થાત્ ગંદગી - મેલ લેશમાત્ર રહેતો નથી તેવી સૌરભમય સ્થિતિ બની જાય છે. જેમ કપૂર હવામાં ઊડી જાય છે તેમ દેહથી નીકળતા બધા સૂક્ષ્મ પુદ્ગલપિંડો સ્વયં લય પામી જાય છે અને પ્રભુના શરીરમાં રહેલું રક્ત ખરેખર રક્તભાવથી રહિત બની જાણે કોઈ કામધેનુનું શ્વેતરંગી દુગ્ધ હોય તેવું ઉજ્જવળ અને સૌરભમય મધુરભાવને ધારણ કરતું શરીરમાં સંચાર પામે છે. કહેવાનો તાત્પર્ય એ છે કે સંપૂર્ણ પ્રકૃતિ જગત આ દિવ્ય પુરુષોના આ દેહની બધી ક્રિયાને સ્વયં સંપાદિત કરે છે. 'પ્રકૃતિસ્તુ જનની' અર્થાત્ પ્રકૃતિ સ્વયં માનું કામ કરે છે. 'નેચર ઈઝ ઓન મધર.' આ રીતે આઠમી ગાથામાં અલૌકિક ભાવનું વર્ણન કરી કવિરાજ તેવા લોકાતિત દિવ્ય પુરુષોનાં ચરણોમાં પંચાંગભાવે સ્વયં લીન બનીને પ્રણામ કરે છે.

**(ગાથા-૯)** **"મંદાર પારિજાત સૌરભ શ્વાસ ને ઉચ્છ્વાસમાં,**
**ને છત્ર ચામર જયપતાકા સ્તંભ જવ કરપાદમાં;**
**પૂરાં સહસ્ત્ર વિશેષ અષ્ટક લક્ષણો જ્યાં શોભતાં,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૯**

ઉપરની બંને કડીઓમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ પ્રભુનો મહિમા બતાવ્યા પછી બાળસુલભ નૈનાભિરામ મનોહરલીલા ભરેલો સ્ફૂરાયમાન પ્રભુનો દેહ દૃષ્ટિમાં લઈ હવે કવિ તે દેહની અનુપમ રચના ઉપર પ્રકાશ નાંખે છે, અને દેહમાં રહેલા વિશેષ ગુણોને પ્રગટ કરે છે. પ્રભુનું શરીર એ પણ માનવશરીર છે. તેમાં પ્રાણાદિ સમીરસંચાર યથાવત્ રહેતો હોય છે. પરંતુ પ્રભુના આ શ્વાસ ને ઉચ્છ્વાસ સામાન્ય શ્વાસ-ઉચ્છ્વાસ કરતાં વિશિષ્ટ ગુણોથી ભરેલા છે. તેમાં મંદાર અને પારિજાત જેવાં પુષ્પોની સૌરભ ફેલાય છે, જે મનુષ્યના મનને મોહિત કરે છે. એટલું જ નહિ પરંતુ તેમના શ્વાસના સ્પર્શથી અહિંસાથી ઉચ્ચ કોટિના ભાવોનો ઉદ્રેક થાય છે. તેથી પ્રભુના શ્વાસ ઉચ્છ્વાસનું ઘણું જ મહત્ત્વ છે. શ્વાસની આ ધમણ જે દેહમાં ચાલે છે, તે પ્રભુનો દેહ તે કેટલો દેદીપ્યમાન છે તેનો આભાસ આપતા 'અર્હત વંદના'માં કવિ કહે છે કે - 'પ્રભુનાં શરીર ઉપર એક હજાર ને આઠ શુભ લક્ષણો અંકિત થયેલાં છે. સાચુ પૂછો તો આખું લક્ષણશાસ્ત્ર સ્વતઃ પ્રભુમાં અભિવ્યક્ત થયેલું છે.

અહીં એ પ્રશ્ન છે કે લક્ષણશાસ્ત્ર એ છે શું ? લક્ષણોનાં શુભાશુભ તત્ત્વનો આધાર શું છે ? જો કે આ બહુ વિશદ્ ચર્ચા છે. અહીં આપણે એક સંકેતમાત્ર આપીશું. પરમાણુથી લઈને સ્કંધ સુધી પરમાણુપિંડોનો જે ઉદ્ભવ થાય છે અને પુનઃ વિક્ષેપ પણ થાય છે. આ સમગ્ર ક્રિયા શાશ્વતી સ્વતંત્ર ક્રિયા છે, તેની પર્યાયોમાં પ્રથમથી જ મંગલ અને અમંગલ એ બે ભાવો અંકિત થતા રહે છે. પૃથ્વીના સર્જનમાં વિષનું પણ ઉત્પાદન છે અને અમૃત-ફળોનું પણ ઉત્પાદન છે. વિશ્વની આ સ્વતંત્ર પોતાની ક્રિયા છે. જે કોઈ લક્ષણ છે એ પણ પુદ્ગલની રચના છે, અને તે લક્ષણો પણ સ્વતઃ શુભાશુભ ભાવે રચના પામે છે. પુણ્યશાળી જીવને બધાં શુભ લક્ષણોનો યોગ થાય છે, જ્યારે એથી વિપરીત અશુભ લક્ષણોનો યોગ થાય છે. અસ્તુ... અહીં દેવાધિદેવ તીર્થંકર કેવળ મહાપુણ્યના અધિષ્ઠાતા છે, એટલું જ નહિ પરંતુ તીર્થંકર નામ-

કર્મનો પ્રચંડ ઉદય હોવાથી તેમનો એક અભિનવ માર્ગ સ્વતઃ નિર્માણ થાય છે અને આ નામ કર્મના પ્રભાવે બધાં શુભ લક્ષણો તેમના સ્વર્ણમય શરીર ઉપર અંકિત થાય છે. જો કે પ્રભુને આ શુભ લક્ષણોથી કોઈ પ્રયોજન નથી, પરંતુ ભક્તોને માટે આ શુભ લક્ષણો કાષાયિક ભાવોનું વિસર્જન કરવામાં નિમિત્તરૂપ બને છે. જેથી અહીં કવિરાજે એક હજાર આઠ શુભ લક્ષણોનો ઉલ્લેખ કરી એ બાળભગવાનને પંચાંગભાવે વંદના કરી પોતે બાળકથી પણ નાના બાળક હોય તેવી લઘુતા પ્રદર્શિત કરે છે.

આ શુભ લક્ષણોમાં છત્ર, ચામર, જય પતાકા ઈત્યાદિ બે-ચાર નામ આપ્યા છે. એને તે આભાસ માત્ર આપી સંકેત આપ્યો છે કે આ લક્ષણોમાં શું શું છે ? 'છત્ર' શબ્દ હિંસાથી બચાવનાર ઉપકરણ માટે વપરાય છે. 'છ' એટલે છેદન, હિંસા 'ત્ર' એટલે ત્રાણ રક્ષણ.

જે હિંસાથી રક્ષણ કરાવે તે છત્ર. પાણીનો ઉપદ્રવ અને તડકાનો ઉપદ્રવ એ બંનેના ઉપદ્રવો છત્રના રક્ષણથી દૂર થાય છે. તેથી છત્રનું સ્થાન સ્વયં મહત્ત્વપૂર્ણ બની ગયું છે.

જ્યારે 'ચામર' એ શોભાવાચી શબ્દ છે. મનને મનોહર લાગે તેવી ક્રિયાઓ ઉત્પન્ન કરનાર ચામર હોય છે. દૃષ્ટિમાં ચમક લાવે એ ચામર. આ જ રીતે ભારતીય સંસ્કૃતિ જયપતાકા એટલે પતાકા બાંધવાનો રિવાજ ઘણો જ પ્રાચીન છે, અને પતાકાનો અર્થ ધ્વજ થાય છે. દેહની રેખાઓમાં સ્પષ્ટપણે ધ્વજ અંકિત થતો હોય છે. આમ શુભ લક્ષણોની વ્યાખ્યાથી આખું શાસ્ત્ર ભરાય છે. સાર એટલો જ છે કે બધાં જ શુભ લક્ષણો જીવને બાહ્ય અને આભ્યંતર બંને રીતે સુરક્ષિત કરી મોક્ષમાર્ગ તરફ વાળે છે.

**(ગાથા-૧૦) "દેવાંગનાઓ પાંચ આજ્ઞા ઇન્દ્રની સન્માનતી,**
**પાંચે બની ધાત્રી દિલે કૃતકૃત્યતા અનુભાવતી;**
**વળી બાળક્રીડા દેવગણના કુંવરો સંગે થતી,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૧૦**

સામાન્ય રીતે અવતારો હોય કે મહાપુરુષો હોય, પરંતુ તેની બાળકભાવની બાળલીલાઓ ભક્તોને આકર્ષિત કરતી રહી છે. જેથી બધા ગ્રંથો કે ચરિત્રોમાં અવતારી પુરુષોના બાળલીલાના પ્રસંગો અવશ્ય ઉજાગર કરવામાં આવ્યા છે, અને તેના અલ્પ અથવા સાંગોપાંગ વર્ણન આપી ભક્તો સંતોષ અનુભવે છે. લાગે છે કે બાળ ભગવાનને વાંદવાની મજા જ નિરળી છે. અસ્તુ...

અહીં આપણા કવિએ પણ અરિહંતોના બાળ-પ્રસંગનો સામાન્ય રૂપે સ્પર્શ કરી તીર્થંકરોની પરંપરામાં બધા બાળભગવંતોને જે ઉપલબ્ધિ છે તેનું અહીં બયાન કરેલ છે. માતૃભાવે - ધાત્રી બનીને બાળભગવંતોનું જતન કરવાની હરપળ તેની સાથે ઉપસ્થિત રહી પ્રત્યેક ચેષ્ટાને વધાવી લેતા આ બધા સેવકરૂપે પોતાને પણ ધન્ય માને છે. જ્યારે અહીં તો જે ધાત્રી-ગણ છે, તે પણ ઈન્દ્રાદિ જેવા મહાદેવોની આજ્ઞાથી આજ્ઞા પ્રાપ્ત કરી સેવામાં જોડાય છે, ત્યારે તો તેની કર્તવ્યપરાયણતા વધારે ખીલી ઊઠે છે. અને દેવાંગનાઓ સહજ ભગવાનની બધી જ ચેષ્ટાઓથી આનંદ મેળવે છે. અને પ્રભુને આનંદ પમાડે છે. લાલનપાલનની સાથે જ્ઞાનગમ્મત પણ અને રમતગમત પણ એટલી જ આવશ્યક બની રહે છે. કોઈપણ બાળકનું જતન કરતી વખતે સ્વાભાવિક ઉદ્‌ભવતી તેની આનંદની ઊર્મિઓનો પણ ખ્યાલ કરવો ઘટે છે, અને આવી આનંદની ઊર્મિઓને વધાવી લેતાં બાળક સાથે બાળક બની બાળભાવ પ્રદર્શિત કરવાથી અનેરો આનંદ ઉભરાય છે. આ જ વાતને અહીં કવિ પોતાના શબ્દોમાં પ્રગટ કરે છે કે - 'દેવતાઓ બાળકુંવરો બનીને અથવા નાનુંરૂપ બનાવીને પ્રભુની સાથે ખેલવાની મજા લૂંટે છે, અને પરોક્ષભાવે પ્રભુની આનંદમય સેવામાં પોતાને જોડે છે. આમ આખું ચિત્ર ધાત્રીઓ, સેવિકાઓ અને બાળકુંવર રૂપે રૂપાંતર પામી દેવતાઓ અરિહંતોના બાળ જીવનમાં કેવી રીતે જોડાય છે તેનું સ્પષ્ટ ચિત્ર આપ્યા પછી કવિને સ્વયં વાંદવા માટે હૃદયતંત્ર સ્વતઃ ઢળી પડે છે અને પંચાંગભાવે બાળઅરિહંતોને

વાંદવામાં આનંદ અનુભવે છે.

આ ગાથામાં એક પ્રશ્ન ઊઠે છે કે - 'રાજપરિવારોમાં આ બાળસેવા બહુ જ ઉત્તમ દરજ્જે થતી હોય છે તો ત્યાં શાસ્ત્રકાર દેવતાઓને વચમાં લાવી આખું પ્રસૂતિગૃહ દેવાંગનાઓના હાથમાં હોય તેવો ભાવ શા માટે વ્યક્ત કરે છે ?' ઉત્તર એક જ હોઈ શકે કે - 'આ કોઈ જરૂરિયાતને પૂરી કરે છે તેવું નથી, પરંતુ સુલભ કર્મી, હળુકર્મી દેવતાઓ સ્વયં લાલાયિત રહે છે અને રાજતંત્રની બધી જ સેવાઓ ઉપલબ્ધ હોવા છતાં દેવતાઓ પરોક્ષ ભાવે, અદૃશ્ય ભાવે, ગુપ્ત ભાવે આમાં જોડાયેલા રહે છે. અને સહજ માનવીય ત્રુટિ રહેતી હોય તેવી ત્રુટિ રહેવા ન પામે તેની કડી જોડી આપે છે. કારણ કે આ તો ત્રિલોકીનાથ છે તેના પુણ્યઉદયમાં એક અણુ પણ ઓછો ન થાય તે માટે દેવતાઓ સાવધાન રહે છે. અસ્તુ...



(ગાથા-૧૧) "જે બાલ્યવયમાં પ્રૌઢ જ્ઞાને મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા સારને અવધારીને;
, ત્રણ લોકમાં વિસ્મય સમા ગુણરૂપ યૌવનયુક્ત જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું." ૧૧

આ અગિયારમી ગાથામાં ભકતકવિ પ્રભુના બૌદ્ધિક અને શારીરિક બંને પ્રકારના વિસ્મયકારી ગુણોનો ઉલ્લેખ કરે છે. સાધારણ રીતે બાળ-સુલભ બુદ્ધિ મનુષ્યને પ્રસશ કરવામાં કારણ હોય છે. પરંતુ પ્રભુ તો બાલ્ય અવસ્થાથી બુદ્ધિનો અદ્દ્ભુત પ્રકાર પાથરે છે. પ્રૌઢ માણસો જે વાત ન કરી શકે કે ન સમજી શકે તેવી જ્ઞાન ભરેલી વાતો પ્રભુ સહેજ ભાવે બનાવીને લોકોને આશ્ચર્ય પમાડી દે છે. ગમે તેવો સવાલ હોય તેનો સટિક જવાબ આપતા હોય છે. આથી સહજ પ્રેરાઈને (વિશાળ અર્થ ભરેલ હોય તે - ચારેબાજુથી અર્થ નીકળતો હોય તે) બાળમુકુંદ સાથે વાતો કરવા વિદ્વાન લોકો પણ ઉત્સુક રહે છે. કારણ કે પ્રભુને જન્મતાંની સાથે જ ત્રણ જ્ઞાન ઉપલબ્ધ હોય છે. અને એ સિવાય મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો તીવ્ર ક્ષયોપશમ હોય છે. બધા ગણિતશાસ્ત્રો પણ તેમની બુદ્ધિમાં પ્રકાશિત હોય છે. એ જ રીતે બધી કળાઓ પણ પુણ્યના પ્રભાવે ખીલી ઊઠે છે. કોઈપણ એવી વાત નથી જે બાળપ્રભુ-માટે પણ અગોચર કે અગમ્ય હોય. અલૌકિક ભાવે તેઓ વસ્તુનું કથન કરી અધ્યાત્મ શક્તિનું પ્રદર્શન કરે છે.

ઉપર્યુક્ત બૌદ્ધિક ક્ષમતા પછી કવિ પ્રભુની અલૌકિક દૈહિક અવસ્થાનું વર્ણન કરે છે. કારણ કે શરીરમાં ગુણોનું પ્રાગટ્ય અને રૂપ-રંગની વિકસિત અવસ્થા તથા યૌવનનું છલકાવું એ મુખ્ય ગુણો છે. હવે અહીં પ્રભુના રૂપનું તો પૂછવું જ શું ? તીર્થંકર નામ કર્મના ઉદયથી અદ્દ્ભુત રૂપ પ્રગટ થયું છે, અને દેહના ગુણો પણ જાણે આધ્યાત્મિક ગુણોની ચાડી ખાતા હોય તે રીતે કણ-કણમાં ઝલકી રહ્યા છે. અને એ જ રીતે પ્રભુ હવે બાલ્યાવસ્થાનો ત્યાગ કરી કિશોર અવસ્થા તરફ ઢળ્યા છે, અને યૌવન અવસ્થાના અંશો ઉદયમાન થઈ રહ્યા છે, જેથી પ્રથમ નજરે જ હજારો લોકોને માટે તેઓ આકર્ષણ બિંદુ બની ગયા છે. અહીં કવિ પણ પ્રભુના ગુણો પ્રત્યે મુગ્ધ છે. આવા અલૌકિક ભાવોને નિહાળી અરિહંતોનાં ચરણોમાં પંચાંગભાવે વંદના કરવાનો તેમનો અસ્ખલિત પ્રવાહ વૃદ્ધિ પામ્યો છે, અને અરિહંતોને પુનઃ પુનઃ વંદના કરી રહ્યા છે.

(ગાથા-૧૨) "મૈથુન પરિષહથી રહિત જે નંદતા નિજ ભાવમાં,
જે ભોગકર્મ નિવારવા વિવાહ કંકણ ધારતા;
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો નાદ જેણે વિશ્વમાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૧૨

ભારતવર્ષમાં બ્રહ્મચર્યનો સિદ્ધાંત બધી જ સંસ્કૃતિમાં વ્યાપ્ત છે. સામાન્ય રીતે સ્ત્રી-પુરુષના સંબંધને છોડી દેવા કામવાસનાથી મુક્ત થવું તેને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. પરંતુ ખરી રીતે 'બ્રહ્મચર્ય' શબ્દમાં આવો કોઈ અર્થ નથી. 'બ્રહ્મ'નો સીધો અર્થ બ્રહ્મમાં રમણ કરવું, આત્મામાં રમણ કરવું ઈત્યાદિ અર્થ નીકળે છે. 'ચર્ય' એટલે ચરણ આચરણ, ચર્યા એવા ભાવ હોવાથી બ્રહ્મમાં વિચરણ કરવું તેવો સ્પષ્ટ અર્થ છે.

જો કે બ્રહ્મચર્યનો ગમે તેવો આધ્યાત્મિક અર્થ કરવામાં આવે, પરંતુ મૈથુનક્રિયાથી કે કામવાસનાથી મુક્ત થવું તે બ્રહ્મચર્યની પ્રથમ ભૂમિકા છે. એટલે સામાન્ય બ્રહ્મચર્યનાં વ્રતોમાં મૈથુન નિવારણનું વ્રત મુખ્ય હોય છે. આ રીતે દ્રવ્ય અને ભાવ બંને રીતે બ્રહ્મચર્યનો અર્થ બતાવ્યા પછી ભારતવર્ષમાં પ્રવર્તતી અધ્યાત્મ સાધનાની એક ભૂમિકા અસ્તિત્વ ધરાવે છે. જેમાં મનુષ્ય સંબંધી કામભોગની હાજરી હોવા છતાં તેમાંથી જીવ નિરાળો રહી ભોગકર્મ દ્વારા મોહકર્મનો નાશ કરે છે. આને સાધારણ જળકમળવત્ સ્થિતિ ગણવામાં આવે છે. સાધનાની બે ભૂમિકા સ્પષ્ટ છે -

(૧) ભોગોથી દૂર રહી જ્ઞાનમાં રમણ કરી તપોમય જીવન વ્યતીત કરવું.

(૨) ભોગોનો ત્યાગ કર્યા વિના ભોગ-ઉપભોગની વચ્ચેય રહીને, નિરાળા રહી શેષ કર્મોનો ક્ષય કરી મુક્ત થવું.

અરિહંતો અને તીર્થંકર ભગવંતોનાં ચરિત્રમાં આ બંને ભૂમિકા સ્પષ્ટ તરી આવે છે. લગભગ અધિક જિનેશ્વરોએ સંસારને રિદ્ધિ-સિદ્ધિનો ત્યાગ કરી કેવળજ્ઞાની ભૂમિકા પ્રાપ્ત કરી; જ્યારે કેટલાક જિનેશ્વરોએ ચક્રવર્તીનાં પદ ભોગવી હજારો રાણીઓની વચ્ચેય રહીને ઉદયમાન કર્મોને ખારીજ (ખતમ) કરી નિરાળા થઈ પુનઃ સાધના ક્ષેત્રમાં જોડાયા, અને આવા દેવાધિદેવને તે રિદ્ધિ-સિદ્ધિમય જીવન બંધનકર્તા ન નીવડ્યું. આ બંને ભૂમિકામાં મુખ્ય વસ્તુ છે મૈથુનભાવોની ઉગ્રતાથી નિર્લિપ્ત રહેવું અને કોઈ પ્રકારનાં મૈથુન સંબંધી પરિષહ આવા મહાન આત્માઓને સતાવી શકતા નથી. સમય પર બધું

કામ બરાબર થઈ જાય છે.

એટલે અહીં કવિ બંને પ્રકારની ભૂમિકાને દૃષ્ટિગત રાખી અરિહંતભગ-વંતોને વાંદી રહ્યા છે. અને કહે છે કે - મૈથુન પરિષહ તમને સતાવતો નથી, અને ભોગકર્મ સ્વયં ખરી પડે ત્યાં સુધી નિર્લિપ્ત રહી પોતે આત્મામાં જાગૃત છે. અને અરિહંત ભાવોને વરેલા છે.' બંને રીતે બ્રહ્મચર્યના સિદ્ધાંતની સ્થાપના કરી મૂળભૂત બ્રહ્મસ્વરૂપ એવો આત્મા તે જ સાધ્ય છે, અને બધી ક્રિયાઓ આત્માની શુદ્ધતામાં પરિસમાપ્ત થાય છે, તેઓ ઉદ્‌ઘોષ કરી એક રાજમાર્ગ સ્થાપી રહ્યા છે. તે અરિહંતોને કવિ અનન્ય ભાવથી વંદન કરી પાંચ અંગ ઝૂકી ગયા હોય તે રીતે નમસ્કારમાં તદ્રૂપ થઈ ગયા છે.



**(ગાથા-૧૩)** **"મૂર્ચ્છા નથો પામ્યા મનુજના પાંચ ભેદે ભોગમાં,**
**ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી પ્રજા સુખ ચેનમાં;**
**વળી શુદ્ધ અધ્યવસાયથી જે લીન છે નિજ ભાવમાં,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૧૩**

દેવાધિદેવ ફક્ત પોતાનું જ આત્મકલ્યાણ કરી ગયા છે, તે માન્યતાનું કવિ ખંડન કરી તીર્થંકરના જીવનનાં બંને પાસાં ઉજાગર કરે છે. પ્રથમ માનવજીવનમાં પોતાની શક્તિનો ઉપયોગ કરી દેવાધિદેવ સુ-શાસનની સ્થાપના કરે છે. ઉદાહરણરૂપે ભગવાન ઋષભદેવે સમગ્ર ગૃહનીતિ અને રાજનીતિનું નિર્માણ કર્યું. અહીં મુખ્ય પ્રશ્ન એ છે કે - ભારતવર્ષના રાજાની નીતિનો મુખ્ય આધાર તેના સદાચાર છે. જે રાજા સદાચારી હોય, જીવન પવિત્ર હોય, ભોગોમાં મૂર્ચ્છિત ન હોય, તે જનતાને પૂર્ણ સુખ આપી શકે છે. વર્તમાનમાં પણ રાજનેતાઓ માટે આ સિદ્ધાંત લાગુ પડે છે. એથી જ કવિ પ્રથમ પંક્તિમાં કહે છે કે - 'પાંચ પ્રકારના ભોગોમાં મૂર્ચ્છિત થયા વિના અરિહંતોએ રાજનીતિની લગામ સંભાળી હતી અને જનતાને સુખ પમાડી યોગ્ય વ્યક્તિને ઉત્તરાધિકારી બનાવી સ્વયં જ્ઞાનના અને ત્યાગના માર્ગમાં આગળ વધ્યા હતા. આમ સાધનાની ત્રણ ભૂમિકા સ્પષ્ટ થાય છે -

(૧) ભોગોમાં મૂર્ચ્છિત ન થવું.

(૨) સદાચારનું પાલન કરી શુદ્ધ શાસન કરવું.

(૩) અંતે તેનો પણ ત્યાગ કરી મોહમાયાથી નીકળી આત્મસ્વરૂપમાં સ્થિર થવું અને અરિહંતપદ મેળવી સિદ્ધપદને વરવાની તૈયારી કરવી.

ને અહીં કવિરાજ ત્રણે ભૂમિકાને સુંદર રીતે સ્પર્શ કરી મુક્તિમાર્ગનો ઉલ્લેખ કરી આ માર્ગને વરેલા એવા અરિહંત ભગવંતોને વંદન કરી ગૌરવનો અનુભવ કરી રહ્યા છે. જો કે આ ત્રીજી ભૂમિકામાં પ્રવેશ કર્યા પછી પણ મોહનીય કષાયના પાતળા ઉદયભાવો અધ્યાવસાયરૂપે બારમા ગુણ-સ્થાન સુધી અસ્તિત્વ ધરાવે છે. પરંતુ અરિહંતભગવંતો સિદ્ધજ્ઞાનની ધારાથી કે અધ્યવસાયોને ઉદય ભાવમાં સીમિત રાખી તેના રસમાં જરા પણ વૃદ્ધિ ન થાય તે રીતે વીર્યનો સંયમ રાખી સ્વતઃ ઉદયભાવો જેમ વૃક્ષનાં પીળાં પાંદડાં ખરી પડે તેમ ખરી પડે છે. ઉદયભાવો હોવા છતાં તે શુદ્ધ પર્યાયને પ્રાપ્ત થયેલા પવિત્ર આત્માઓ ઉદયાધીન થતા નથી, તેથી કવિરાજે આ આધ્યાત્મિક પરિણતિનો ઘટસ્ફોટ કર્યો છે.

ગાથા-૧૪ "પામ્યા સ્વયં સંબુદ્ધ પદ જે સહજ વર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ઘણી ભક્તિ થકી કરતા નયન;
, જેને નમી કૃતાર્થ બનતા, ચાર ગતિના જીવગણ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું." ૧૪

દેવાધિદેવની ઉચ્ચકોટિની સાંસારિક દશાનું વર્ણન કર્યા પછી તેઓ ભાવમાં અરિહંત હોવા છતાં દ્રવ્ય-ભાવે દીક્ષિત થઈ પુનઃ શાસનની સ્થાપના કરે છે. ચતુર્વિધ સંઘની વિધિવત્ સ્થાપના કરી તેઓ ધર્મચક્રી બને છે. આ બધી ક્રિયા સ્વાભાવિક કર્મમાં ગોઠવાયેલી છે. કારણ કે અરિહંતોનો આત્મા સ્વયં સંબુદ્ધ હોય છે. વસ્તુતઃ તેમને કોઈ બાહ્ય પ્રેરણાની આવશ્યકતા નથી, પરંતુ જીવ વ્યવહાર પ્રમાણે લોકાંતિક દેવ આવીને ભગવાનને ભક્તિપૂર્વક શાસનની સ્થાપના માટે ત્યાગમાર્ગ ગ્રહણ કરી તીર્થંકરપદને શોભાવે તેવી મંગલમય પ્રાર્થના કરે છે. ખરું પૂછો તો બાહ્ય અને આભ્યંતર ભાવો સુંદર સુમેળ પામી સ્વતઃ નિમિત્ત - નૈમિતિક ભાવથી પરિણત થાય છે. અને દેવતાઓ જે કાંઈ વ્યવહાર કરે છે તે નિરહંકારભાવે રહી ભક્તિભાવથી કરે છે. એટલે તે દેવો પણ ધન્ય બનતા હોય છે. અને આ પ્રાર્થના કરનારા દેવો સામાન્ય દેવો કરતાં આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણા ઉચ્ચ કોટિના દેવો છે. સમ્યક્દૃષ્ટિ તો હોય છે. ઉપરાંત પરિતસંસારી પણ હોય છે. અને નિકટ ભવિષ્યમાં મોક્ષની ઉપલબ્ધિ થાય તેવા અલ્પકાલીન કર્મની સ્થિતિવાળા હોય છે. આમ સ્વયં સંબુદ્ધ તીર્થંકર ભગવાન લોકાંતિક દેવોના મંગલમય શબ્દોમાં આદર કરી જ્યારે ત્યાગમાર્ગમાં પગલું ભરે છે, ત્યારે ગગન જયનાદથી ગાજતું હોય છે. વીતરાગ ભાવનો એક નવો ઉદ્‌ઘોષ થાય છે.

આ બધો બાહ્ય આડંબર કે દેવાધિદેવનો મહિમા કે તેમના અતિશયો વ્યર્થ હોતા નથી, પરંતુ તેમાં બધી ગતિના જીવોને ધર્મપ્રેરણા મળે, અહંકારી જીવોના અહંકારનો નાથ થાય, માયાથી જીવોની માયા ગળી જાય અને ક્રોધ-કષાયથી સંતપ્ત જીવો ક્ષમા રસને વરે છે અને પ્રભુનો વૈભવ જોઈ રાજાઓને પણ પોતાના રાજ્યનો લોભ તૂટી જાય, તિર્યંચ ગતિમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ પૂર્વના સંસ્કારોને જાગૃત કરી સ્વતઃ ભક્તિયોગમાં જોડાય તેવી અદ્‌ભુતલીલા પ્રગટ થાય છે. તેથી કવિ અહીં પ્રભુના ત્યાગમાર્ગનો મહિમા બતાવતા ચારેગતિના જીવોનું કલ્યાણ થાય છે તે ભાવને દૃષ્ટિગત રાખી પ્રભુનો વિરાટ વૈભવ નિહાળી પંચાંગભાવે અરિહંતોને વંદના કરતા જાણે પોતે લોકાંતિક દેવોની સાથે ઊભા હોય તેવો ભાવ પ્રગટ કરી રહ્યા છે.

**(ગાથા-૧૫)** **"આવો પધારો ઇષ્ટ વસ્તુ પામવા નરનારીઓ,**
**એ ઘોષણાથી અર્પતા સાંવત્સરિક મહાદાનને;**
**ને છેદતા દારિદ્રય સૌનું, દાનના મહા કલ્પથી,**
**એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું." ૧૫**

આપણે ત્યાં દાનની જે પ્રક્રિયા છે તે બે પ્રકાર છે - (૧) ઇચ્છાપૂર્વક થતું દાન (૨) સહજભાવે થતું દાન.

હવે એ ત્રીજો પ્રકાર ગણીએ તો પ્રકૃતિથી થતું મહાદાન, ખરેખર જે ગૃહસ્થો છે તે ઇચ્છાપૂર્વક દાન કરે છે. પરંતુ ત્યાગી સંતો અને ત્યાંથી આગળ વધેલા અરિહંત આત્માઓ અને તેથી વિશેષ દેવાધિદેવો શું આ બધા દાનના ભાગી છે ? તો અહીં આચાર્યો જવાબ આપે છે કે - 'આ ભગવંતો ઇચ્છાપૂર્વક દાન કરતા નથી. પરંતુ અનાયાસ તેના સંપર્કમાં આવનાર તેની ભક્તિ કરનારા જીવો સહજ તેમના પુણ્ય-પ્રતાપથી યોગ્ય દાન મળતું રહે છે. વસ્તુતઃ કેટલાક મહાત્માઓએ આને દાન પણ કહ્યું નથી, પરંતુ તેમના પુણ્ય-પ્રતાપથી સહજ ઉપકારના પ્રવાહો ચાલતા રહે છે. જેમ પુષ્પ તે સુગંધનું દાન કરતું નથી, પરંતુ પુરુષ પાસે જનાર અવશ્ય સુગંધ મેળવે છે. જુઓ ! અહીં પણ આ પંદરમી કડીમાં ભકતકવિ મહાત્મા આ પ્રભુના વિશેષ દાનાદિ અતિશયનો ખ્યાલ આપે છે. અને તેઓ દીક્ષિત થયા પહેલાં જેમ મેઘ વૃષ્ટિ કરે તેમ વર્ષીદાન કરે છે. પરિગ્રહની અર્પણતા અપરિગ્રહની ભાવનાથી અભિવ્યક્ત થાય છે. પ્રભુના અતિશયના કારણે સહજ પ્રાકૃતિક ઘોષણા થતી રહે છે. જનસમૂહને માનો પોતાના દુઃખનું નિવારણ કરવા માટે આમંત્રિત કરે છે. જે જે આ ઘોષણાના ભાગી બને છે, તેઓ પોતાના દુઃખ દારિદ્રયથી મુક્ત થઈ સહજ પ્રભુના કૃપાપાત્ર બને છે.

અહીં પ્રભુ દાનની ઇચ્છાથી દાન નથી કરી રહ્યા, છતાં પણ તેમનો દાનનો પ્રવાહ પ્રત્યક્ષ રૂપે દેખાય છે. લાખો નર-નારીઓ મહાદાની રૂપે પ્રભુને વાંદે છે, નમન કરે છે, તો કવિરાજ પણ એ જ પ્રત્યક્ષ ભાવને ગ્રહણ કરી દાનરૂપી પ્રભુનું આદર્શ ચિત્ર ઊંચું કરી પંચાંગભાવે વંદન કરી પોતે પણ પ્રભુના દાનના પાત્ર બન્યા હોય તેવો અહોભાવ પ્રગટ કરે છે.

વસ્તુતઃ ધાર્મિક સાધનાઓ સાથે પરોપકારની પુણ્યમય સાંકળ જોડાયેલી છે. કેટલાક અદૂરદર્શી વિવેચકો પુણ્યને બંધનનું કારણ માની

જાણે પુણ્યનો પરહેજ કરતા હોય અને પુણ્યકાર્ય તે ધર્મ નથી તેવું સાબિત કરવા મથે છે. જ્યારે સાચો આદર્શ એ છે કે ધર્મસાધના સ્વયં પુણ્યમય છે. જ્યારે સાધક આત્મનિષ્ઠ બને છે ત્યારે બાકીના યોગો સ્વતઃ પુણ્ય પ્રકૃતિ યુક્ત થઈ જાય છે. પુણ્ય પ્રવૃત્તિને ધર્મથી છૂટો પાડવાની એક ઘેલછા છે. જો પરોપકાર ન હોય તો તે સાધના ધર્મમય બનતી નથી. ઠીક છે કે કોઈ અહંકારયુક્ત જ્ઞાનરહિત અવસ્થામાં પરોપકારને જ સાધના માની તેના અહંકારનું સેવન કરે તો તે પ્રવૃત્તિ ઈચ્છનીય ન ગણાય. જો કે ત્યાં પણ પરોપકાર દૂષિત નથી પરંતુ અહંકાર જ દૂષિત છે. જ્યાં સુધી જીવાત્મા દેહથી મુક્ત થઈ અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે ત્યાં સુધી તેના સમગ્ર યોગો પુણ્યનું ભાજન બની ઉપકારશીલ બની રહે છે. તેથી અહીં કવિ આવા અરિહંતના આત્માને વંદન કરતા તેમની દાનશીલતાનો આભાસ આપે છે. અસ્તુ...

ગાથા-૧૬ "દીક્ષા તણો અભિષેક જેનો યોજતા ઇન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપે વિમાનમાં, બિરાજતા ભગવંતીશ્રી;
અશોકપુંનાગ તિલક ચંપા, વૃક્ષ શોભિત વનમહીં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું." ૧૬

પંદરમી ગાથામાં પ્રભુની દાનશીલતાનો મહિમા ગાયા પછી એમ ન સમજાય કે દાનશીલતાથી જ તેમનો ત્યાગમાર્ગ પ્રશસ્ત થઈ રહ્યો છે. ત્યાગમાર્ગનો એક સ્તંભ દાનશીલતા છે, જ્યારે બાકીનો મહાભિનિષ્ક્રમણને સામાન્યજનો કે રાજામહારાજા સંભાળી શકે તેવું કવિને જણાતું નથી. તેથી આ અભિનિષ્ક્રમણના અધિષ્ઠાતા તરીકે ઈન્દ્રને ઉપસ્થિત કરે છે. દેવરાજ ઈન્દ્ર જ્યાં સ્વયં ઉપસ્થિત હોય અને તેની દિવ્યપ્રભા વડે ઈચ્છામાત્રથી બધા ભવ્ય કલ્પ નિર્માણ થતા હોય, તેમાં શું મણા રહે છે ? અહીં પણ શકેન્દ્ર આદિ ઈન્દ્રો સ્વયં ઉપસ્થિત રહી શિબિકાનું નિર્માણ કરે છે. સાધારણ માનસિકતા એવી હોય છે કે જે વસ્તુનો ત્યાગ કરવાનો હોય તેનો વૈભવ પૂર્વશ્રેણીમાં પ્રગટ કરી ત્યાગના મહિમાને ઓપ ચડાવવામાં આવે છે.

જૈન પરંપરામાં અરિહંત અને દેવાધિદેવ દીક્ષિત થયા પછી પદયાત્રાના જ અધિકારી છે. સર્વથા વાહનનો ત્યાગ થાય છે. આ પદયાત્રાની ભવ્ય ભાવના જૈન ત્યાગી સંતોમાં અસ્તિત્વ ધરાવે છે. અહીં પણ જુઓ ! પ્રભુ હવે કોઈ પ્રકારની શિબિકા ઈત્યાદિ પાલખીનો ઉપયોગ કરવાના નથી, એટલે ઈન્દ્રાદિ દેવો દીક્ષાના પૂર્વસમયમાં પ્રભુને શિબિકામાં જ બેસાડી તેને દેવવિમાનની કલાયુક્ત ભાવના અર્પણ કરી તેને ઉપાડવાનો લહાવો લે છે. અને જ્યારે પ્રભુ દેદીપ્યમાન શિબિકામાં બિરાજમાન થાય છે ત્યારે ત્રિલોકીનાથ સહુના હૃદયને આકર્ષિત કરી જ્યારે શિબિકાનો પરિત્યાગ કરી નીચે ઊતરશે ત્યારે પુનઃ કેવા હર્ષોન્માદના પાત્ર થશે તે શબ્દાતીત અવસ્થા છે. હજુ કવિ શિબિકામાં પ્રભુને બેસાડી અભિનિષ્ક્રમણના નિષ્કટંકમાર્ગ પર આરૂઢ થઈ એક એવા બિંદુ પર લઈ જઈ રહ્યા છે, જ્યાં સર્વથા વૈભવનો ત્યાગ થશે. આ કેન્દ્ર બિંદુ તે વનવાટિકા છે. આદિકાલથી પરંપરા એવી છે કે ત્યાગ કરવા માટે વનવિભાગને જ પસંદ કરવામાં આવ્યા છે. ઉદ્યાન અને વનમાં પહોંચ્યા પછી વનને જ આશ્રય માની સ્થૂલ આશ્રયનો ત્યાગ કરવામાં આવે છે. આવો જ્યાં ત્યાગ થતો હોય ત્યાં વનવાટિકામાં અશોક એ પ્રધાનપદે વૃક્ષરાજ તરીકે પોતાનું સ્થાન દીપાવે છે. અશોક એ વૃક્ષોનો રાજા છે. જ્યાં જ્યાં પ્રભુના સમોશરણ થાય છે ત્યાં ત્યાં અશોકનો જ ઉલ્લેખ છે. 'અશોક' શબ્દ પણ ધર્મમય ભાવે પ્રગટ કરે છે. 'શોક રહિત' શોકાતીત અશોક જેમ વીતરાગ

શબ્દ છે તેમ વીતશોક પણ છે અને વીતશોક તે જ અશોક છે. ભાવ અર્થમાં શોકરહિત જેને કશો અભાવ નથી તેવા શુદ્ધ આત્મદ્રવ્યને વીતશોક કહેવામાં આવ્યું છે. અર્થાત્ આત્મદ્રવ્ય સ્વયં અશોક છે. આ અશોકભાવને મૂર્તિરૂપ આપનારું જે એક વૃક્ષ છે, તેને પણ અશોક કહ્યું છે. જે કરમાતું નથી, સૂકાતું નથી, સદા લીલુંછમ રહે છે તે અશોક છે. જેને ફળફૂલની દરકાર નથી, પરંતુ સ્વયં પરિપૂર્ણ છે તે અશોક છે.

પ્રભુની શિબિકા આવા અશોકવનમાં ઊભી રહે અને ત્યાં શિબિકાનો ત્યાગ થાય તેના સાક્ષીરૂપે અશોકવૃક્ષ. આ ત્યાગભાવને અનુમોદન આપે તે ખરેખર આશ્ચર્યજનક, આનંદદાયક, મોહવિદારક અવસ્થા છે. ઈન્દ્રાદિ દેવો આ કેન્દ્ર સુધી પ્રભુને પહોંચાડી પાછા વળશે. પરંતુ તે વનમાં અશોકનાં સહયોગી એવા બીજાં વૃક્ષો પણ છે. જેમાં કવિએ ચંપા, તિલક વૃક્ષનો તથા સોપારીનો ઉલ્લેખ કર્યો છે. આ બધાં વૃક્ષો પણ પોતાના નામને સાર્થક કરે તેવા ભાવગુણોથી પરિપૂર્ણ છે. ચંપાના વૃક્ષ પાસે ભ્રમર થઈ શકતો નથી, જો જાય તો મૂર્ચ્છિત થઈને જમીન ઉપર ઢળી પડે છે તો ખરેખર આ ચંપા તીવ્રજ્ઞાનની લહેર છે. એક પ્રકારની અદ્‌ભુત જ્યોતિ છે જ્યાં મહોરૂપી ભ્રમર જઈ ચડે તો મૂર્ચ્છિત થઈને પાછો પડે છે. એ જ રીતે સોપારીનું વૃક્ષ ખરેખર પોતાના કાઠિન્ય-ગુણથી સ્વાદયુક્ત બની પુણ્યભાવને પ્રગટ કરે છે. અર્થાત્ પોતાના ગુણને જાળવી રાખી અન્ય ગુણોથી નિર્લિપ્ત રહી એક અદ્‌ભુત સ્થાન ધરાવે છે. એ જ રીતે તિલકવૃક્ષ પણ ઔષધિમય હોવાથી તેના અલગ-અલગ અંગ ભિન્ન ભિન્ન પ્રકારના રોગોનું નિવારણ કરે છે. આયુર્વેદમાં તિલક સ્થાન પ્રધાન છે. તે જ રીતે સાધક વ્યક્તિ કોઈપણ આધ્યાત્મિક દોષરૂપી રોગનું નિવારણ કરવા માટે પ્રત્યેક ભાવમાં પ્રતિકાર માટે સમર્થ હોય છે. સાધકની એક પણ નબળી કડી બાકીની અન્ય ઉત્તમ ગુણોની હ્રાસ કરી નાંખે છે, માટે બધા દુર્ગુણોનો સામનો કરી શકે તેવી સાધના જ છિદ્રરહિત ઘડા જેવી ઉત્તમ જ્ઞાનરૂપી જળને ધારણ કરી શકે છે.

પ્રભુ આવા કેન્દ્રસ્થાનમાં પહોંચ્યા છે, જ્યાં દેવતાઓ પરાવર્તન થશે અને આ બધાં વૃક્ષો સહર્ષ પ્રભુનું સ્વાગત કરી ધન્ય બની જાય છે, અને તેમાં રહેલા એકેન્દ્રિયાદિ જીવ સહજ હળુકર્મી બની ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી શકે તેવા ભાગ્યવાન બની શકે છે. ધન્ય છે પ્રભુના ત્યાગભાવના કેન્દ્ર બિંદુને. અહીં કવિરાજ સ્વયં એ વનના વૃક્ષ બની જાણે પાંચ અંગરૂપી શાખાઓથી ઝૂકીને લળી-લળીને વંદન કરી રહ્યા છે.

(ગાથા-૧૭) "શ્રી વજધર ઇન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે;
• જે પંચમુષ્ટિ લોચ કરતાં, કેશ વિભુ નિજ કર વડે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું." ૧૭

જૈનાચાર મૂળમાં ત્યાગથી જ સુશોભિત થયેલો છે. ત્યાગ એ જૈન ધર્મનો પ્રાણ છે. ગમે તેવા વૈભવ હોય, પરંતુ આ વૈભવનો ત્યાગ થાય અથવા કોઈ પરાક્રમી જીવ ત્યાગ કરે, તો તેનો વૈભવ પણ બંધનનું કારણ બનતો નથી અને ત્યાગના અલંકાર રૂપે શોભાયમાન બની જાય છે. સાર એ થયો કે વૈભવનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ અથવા સુખશય્યાનો ત્યાગ એ સાધનાના પાયારૂપે ત્યાગમાર્ગમાં ઓપ ચડાવે છે.

જુઓ અહીં સત્તરમી કડીમાં કવિરાજ સ્વયં પંચમુષ્ઠિ લોચની વિવેચના કરતા કહે છે કે - "પ્રભુએ પોતાના રાજસિંહાસન તો છોડ્યા છે, પરંતુ ઇન્દ્ર વગેરેનો કેમ જાણે મોહ પૂરો ન થયો હોય તેમ પ્રભુને પોતાની દિવ્ય શક્તિ વડે રચેલા સિંહાસન ઉપર બેસવાની વિનંતી કર્યા પછી સંતોષનો અનુભવ કરતા પ્રભુની બધી ત્યાગ ક્રિયાઓનું નિરીક્ષણ કરે છે. શરીરની શોભા માટે જે જે અલંકારો આ પુણ્યશાળી આત્માઓએ ધારણ કર્યા હતા તે ક્રમશઃ એક પછી એક ઉતારીને છેવટે વસ્ત્રનો પણ ત્યાગ કરી સર્વથા નિવારણ બની દિગંબર અવસ્થાને ધારણ કરી જે કેશ-કલાપની દાસ-દાસીઓએ અને કલા-કારોએ મર્દન કરી સજાવટ કરી હતી, તેવા અતિપ્રિય કેશ-સમૂહને પોતાની અનંત શક્તિના બળે પંચમુષ્ટિ દ્વારા લોચ કરીને કેશમોહથી પણ નિરાળા થઈ આગાર ધર્મથી અણગાર ધર્મ તરફ વાળી રહ્યા છે. અને મુંડે ભવિતાનો અદ્‌ભુત જાણે નાટારંભ થઈ રહ્યો હોય તેમ બધાની આંખમાં અશ્રુધારા વહે છે. અને હવે રાજ રૂપ બદલીને અણગાર રૂપને વરેલા એવા અરિહંત દેવોને કવિ જાણે સાક્ષાત્ મહોત્સવમાં ઉપસ્થિત હોય તે રીતે પંચાંગભાવે વંદન કરી રહ્યા છે. ફક્ત પોતે જ વંદન કરે છે એવું નહિ પણ આ વંદનાદિક ભાવોથી લાખો-કરોડો માણસોને વંદનામાં પ્રવર્તન કરે છે.

આ કડીમાં પંચમુષ્ઠિ લોચ એ મુખ્ય તત્ત્વ છે. લોચ શા માટે એ એક ગૂઢ પ્રશ્ન છે. શું કેશલોચનો કોઈ આધ્યાત્મિક ભાવ કે કાંઈ આધ્યાત્મિક તાત્પર્ય રહેલો છે ? શું દ્રવ્ય શરીરને આ રીતે પીડા પહોંચાડવી તે ધર્મને અનુકૂળ

છે ? લોચની ક્રિયામાં આ બધા પ્રશ્નો સમાયેલા છે. જેનો સટિક ઉત્તર મળવો દુર્લભ છે. પરંતુ એક જ વાત મહત્ત્વપૂર્ણ છે કે જ્ઞાની દેહને અને આત્માને અલગ માને છે અને સર્વથા ભિન્ન છે તેવું કહે છે. પણ આ વાણીના શબ્દો ક્રિયાત્મક નથી હોતા ત્યાં સુધી દેહ - આત્માના ભેદ પ્રત્યક્ષ થતો નથી. લોચ એ એક કઠિન ક્રિયા છે કે જેમાં જીવ દૃઢપણે સમજી શકે કે આત્મા ભિન્ન છે, અને શરીર ભિન્ન છે, તે વાતનો સ્વયં સાક્ષાત્કાર કરે અને પોતાના મનને સ્થિર કરવા માટે લોચ એ એક કસોટીરૂપ બની જાય. અને દેહના કોઈપણ અંગો પ્રત્યે મમતા ન રહે કે તેને સંભાળવાની પ્રક્રિયા ન રહે તે માટે લોચ ઘણો જ ઉપકારી ત્યાગ છે. દેહને પીડા આપવી તે સાક્ષાત્ અધર્મ થાય, પરંતુ અહીં આ સાક્ષાત્ અધર્મનો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. કારણ કે તે શરીરનો એક નિર્જીવ અંશ છે. છતાં આનો વાસ્તવિક ઉત્તર તો જ્ઞાની જ આપી શકે.

દેવાધિદેવ સ્વયં પંચમુષ્ઠિ લોચ કરે છે, તેથી જૈન પરંપરામાં આ ત્યાગ-વિધિ એ એક મહત્ત્વપૂર્ણ અંગ બની અત્યાર સુધી અસ્તિત્વમાં છે. અને કરોડો-કરોડો સંતોએ તેમનું આચરણ કરેલું છે. અને આ મહાત્યાગના મૂળમાં દેવાધિદેવના પંચમુષ્ઠિ લોચ મુખ્ય પ્રેરક તત્ત્વ છે.

પંચમુષ્ઠિની ભાવાત્મક વ્યાખ્યા તો જો ઊંડાઈથી કરવામાં આવે તો જેમ કેશના મૂળ શરીરમાં જોડાયેલા છે અને કાર્મણ શરીર અનાદિ કાળથી આ કર્મરૂપ કેશોનું ઉત્પાદન કરતું રહે છે, અને ખેડૂત જેમ ક્ષેત્રવિશુદ્ધિ કરી ફાલતું ઘાસ અને કંટકનાં મૂળિયાં ઉખેડી શુદ્ધ ખેતીને વિકાસ પામવામાં અનુકૂળતા ઊભી કરે છે, તેમ જીવ પરાક્રમ કરી કેશ-કલાપરૂપી કર્મનાં મૂળ ઉખેડી કાર્મણ ક્ષેત્રનું શરીર શુદ્ધ કરે અને તેમાં જો પુણ્યનાં બીજ વિકાસ પામે તો આ પુણ્યતત્ત્વ તીર્થંકરપદ સુધી પહોંચાડવામાં પૂર્ણ સહયોગી બને છે. એક પ્રકારે ખૂબ જ સારો પાક આવે છે. પરંતુ આવા કેશ-કલાપ રૂપી કર્મનો ઉપાડતી વખતે જીવ જો કષ્ટ ભોગવવા તૈયાર ન થાય તો તેની ખેતી બરાબર થતી નથી. પરાક્રમ વડે દુઃખને સહન કરીને પણ કેશ-કલાપને ઉખેડી નાખે તો કેશલોચ કર્યો સાર્થક છે, નહિતર આવા ઘણા દ્રવ્ય-લોચ કર્યા છતાં જીવ કલ્યાણ પ્રાપ્ત કરી શક્યો નથી. પંચમુષ્ઠિ એ પંચાંગ-યોગની સૂચના આપે છે. તેને પંહમહાવ્રત ગણો કે પંચેન્દ્રિયને સંયમ ગણો કે પંચદિશામાં વહેતા વંદના પ્રવાહોને ગણો તેની સૂચના પંચમુષ્ઠિથી મળી રહે

છે. મુષ્ઠિ એ એક પ્રકારની પકડ છે. કોઈ કામ ઢીલા હાથે થઈ શકતું નથી, થાય તો તેમાં રંગ આવતો નથી. પરંતુ જ્યારે વ્યક્તિ મુઠ્ઠી વાળીને દઢતાપૂર્વક જોડાય છે ત્યારે તેનો સંકલ્પસિદ્ધ થાય છે. આટલી વ્યાખ્યાથી સમજી શકાશે કે લોચ શા માટે ? પંચ શા માટે ? મુષ્ઠિ શા માટે ?

ટૂંકમાં, આ કેશલોચની વ્યાખ્યા કરી છે તેનો વિસ્તાર તો ઘણો જ ગહન છે અને વ્યાપક છે કાવ્યમાં કવિરાજે પંચમુષ્ઠિનો ઉલ્લેખ કરીને પ્રભુના ત્યાગ-માર્ગ પર કળશ ચડાવ્યો છે. તથા દ્રવ્ય અને ભાવ એવી બંને કડીનો સુમેળ કરી જૈનાચારની આ સ્થૂલ પરંપરાને પણ ન્યાય આપ્યો છે. અને ભાવ પરંપરાનું દર્શન કરાવ્યું છે. અને ત્યારબાદ તેઓ અરિહંતોને વાંદી રહ્યા છે એટલે તેમના પંચાંગભાવે વંદન પણ એવા જ મહત્ત્વપૂર્ણ બની રહે છે.



**ગાથા-૧૮** "લોકાગ્રગત ભગવંત સર્વ સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોના કરે પચ્ચક્ખાણને;
, જે જ્ઞાન, દર્શન ને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે;
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૧૮

દ્રવ્યભાવે મહાભિનિષ્ક્રમણ કરી પ્રભુએ વસ્ત્રાદિ અલંકારોનો ત્યાગ કર્યો તે દ્રવ્યત્યાગ છે. હવે પ્રભુ વિધિવત્ ભાવત્યાગમાં પ્રવેશ કરી મન-વચન-કાયાના સંકલ્પ સાથે એક પ્રકારે સાંસારિક ભાવનામાં પ્રત્યાખ્યાન કરે છે.

કોઈપણ ત્યાગ લેતી વખતે બે મુખ્ય તત્ત્વોની ઉપસ્થિતિ જરૂરી છે. તેમની વંદના અનુમતિ કે આજ્ઞા એ આવશ્યક છે. ગુરુપદ કે કોઈ ઉત્તમ પદને વાંધા વગર કરેલો ત્યાગ તે ત્યાગ હોવા છતાં પરિત્યાગ નથી, કારણ કે ત્યાગની પૂર્વમાં અહંકાર છોડવો તે જ મુખ્ય તત્ત્વ છે. જ્યારે દેવાધિદેવો ત્યાગ કરે છે ત્યારે તેઓને માટે વંદનીય તત્ત્વ કોણ છે ? તે સહજ પ્રશ્ન ઉદ્ભવે છે. અને એ જ રીતે ગુરુપદે કોઈ છે કે કેમ ? એ પ્રશ્ન પણ રહી જાય છે. અસ્તુ..

અહીં પરંપરા પ્રમાણે દેવાધિદેવો સિદ્ધને નમસ્કાર કરે છે અને કવિરાજે તે જ વાતનો સ્વીકાર કરીને અરિહંતો વિનયશીલ બની સિદ્ધત્વને સન્મુખ રાખી વંદનીય ભાવે પ્રણામ કરી તેમની આજ્ઞા મેળવે છે. એવી પણ પરંપરા છે કે દેવાધિદેવો દીક્ષા લેતી વખતે સિદ્ધ ભગવાનની સાથે 'નમો સિદ્ધાય નમો સંઘાય' એવું ઉચ્ચારણ કરી શ્રીસંઘને નમસ્કાર કરે છે. અસ્તુ...

સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા પછી અરિહંતો સર્વ પ્રથમ અવ્રત સાવદ્યયોગ તથા અશુભયોગોનો ત્યાગ કરવા માટે તેનું નિવારણ કરે છે. અને મનોમન માનસિક સંકલ્પયુક્ત વ્રત ગ્રહણ કરે છે. આ વ્રત નવકોટિએ હોય તેમાં શંકા નથી. અને પરિણામે તેઓ રત્નત્રયના ધારક બને છે. ક્ષાયિક સમકિત જેવા શ્રેષ્ઠ સમ્યક્દર્શન તથા સમ્યક્દર્શનને આધારે પરિણામ પામતું સમ્યગ્જ્ઞાન તેમાં જોડાય છે અને બંનેના પ્રતાપે સમ્યક્ચારિત્રનો ઉદ્ભવ થાય છે. જો કે આ રત્નત્રયના મૂળમાં ઉચ્ચ કોટિના વિર્યાંતરાયના ક્ષયોપશમથી ઉદ્ભવેલ પરાક્રમને મૂળ તત્ત્વ છે, અને અરિહંતો ચારિત્ર ગ્રહણમાં અદ્ભુત પરાક્રમ દાખવીને જરાપણ પોતાનાં વ્રતોમાં ખંડન ન થાય તેનો સતત ઉપયોગ રાખે છે. અહીં મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ ગાથામાં નિવૃત્તિ અને



શ્રી વજ્રધર ઈન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે;
જે પંચ મુષ્ટિ લોચ કરતા, કેશ વિભુ નિજ કરવડે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૭



લોકાગ્રગત ભગવંત સર્વે સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોના કરે પચ્ચક્ખાણને;
જે જ્ઞાન દર્શન ને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૮



નિર્મલવિપુલમતિ મનઃપર્યવ, જ્ઞાન સહ જે દીપતા,
જે પંચસમિતિ ગુપ્તિત્રયની, રયણમાળા ધારતા;
દશભેદથી જે શ્રમણ સુંદર, ધર્મનું પાલન કરે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧૯




પુષ્કર કમલનાં પત્રની, ભાંતિ નહીં લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત, વરગતિએ વિચરે;
આકાશની જેમનિરાલંબન, ગુણ થકી જે ઓપતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૦




ને અસ્ખિત વાયુ સમૂહની, જેમજેહ નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેનાં, ગુપ્ત ઈન્દ્રિય દેહ છે;
નિસ્સંગતા ય વિહંગશી, જેનો અમુલખ ગુણ છે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૧





ખડ્ગીતણા વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારિખા, ગુણવાન ને અપ્રમત્ત છે;
વ્રતભાર વહેતા વરવૃષભની, જેમજેહ સમર્થ છે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૨



કુંજરસમા શૂરવીર જે છે, સિંહસમનિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી;
જેના સ્વભાવે સૌમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રના.
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૩




આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પૂરતા દિગંતને, કરુણા ઉપેક્ષા મૈત્રીથી;
હરખાવતા જે વિશ્વને, મુદિતાતણા સંદેશથી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૪




જે શરદઋતુના જળસમા, નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થળો વિશે;
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૫




બહુપુણ્યનો જ્યાં ઉદય છે, એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છટ્ઠ અટ્ઠમપારણે;
સ્વીકારતા આહાર બેંતાલીસ, દોષ વિહીન જે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૬



ઉપવાસ માસક્ષમણ સમા, તપ આકરા તપતા વિભુ,
વીરાસનાદિ આસને સ્થિરતા ધરે જગના પ્રભુ;
બાવીસ પરિષહને સહંતા, ખૂબ જે અદ્‌ભુત વિભુ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૭





બાહ્ય અભ્યંતર બધા પરિગ્રહથકી જે મુક્ત છે,
પ્રતિમાવહન વળી શુક્લધ્યાને, જે સદાય નિમગ્ન છે;
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા, મોહમલ્લ વિદારીને,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૮



જે પૂર્ણ કેવળજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો, પાર કો નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતી, કર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨૯




જે રજત સોના ને અનુપમ, રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણનાં નવ પદ્મમાં, પદકમલને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસને જે શોભતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩૦



જ્યાં છત્ર સુંદર ઉજ્જ્વલાં, શોભી રહ્યાં શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર, વીંઝતા કરદ્વય વડે;
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પૂજાય છે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૭૧



મહાસૂર્ય સમતેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં;
ચોમેર જાનુ પ્રમાણ પુષ્પો, અર્ઘ્ય જિનને અર્પતાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૭૨

પ્રવૃત્તિ બંને પાસાંનું દિગ્દર્શન છે. જૈન આરાધનાને નિવૃત્તિપ્રધાન અર્થાત્ અશુભ તત્ત્વોનું વિલય કર્યા પછી જ જ્ઞાનાદિ સ્વભાવ તત્ત્વનો વિકાસ તેમ માને છે અમંગલ તત્ત્વોની હાજરીમાં મંગલ તત્ત્વોનું આચરણ કરવાની વાત તે એક પ્રકારનો આડંબર છે, તર્કયુક્ત પણ નથી. કવિએ અહીં અરિહંતોને વંદન કર્યા પહેલાં તેમની મહાનિવૃત્તિ અને મહાજ્ઞાન આ બંને ભાવોને દૃઢતાપૂર્વક વાંધો છે અને પોતે જ પંચાંગ ભાવે વંદના કરે છે. તેમાં પ્રભુનો સંયમ ચારિત્ર એ મુખ્ય વંદનાનો આધાર છે તેમ જણાવીને વંદન કરે છે.

જૈનદર્શન ગુણયુક્ત આરાધનાને જ વંદનીય માની વ્યક્તિનો આધાર પણ તેના ગુણો જ છે, અને ગુણોને આધારે વ્યક્તિ પૂજનીય છે એવું સ્થાપિત કરે છે. આમ કવિ તત્ત્વની વાત કર્યા પછી અરિહંતોને વંદન કરી જાણે પોતે અમૃતપાન કર્યું હોય તેવો સંતોષ અનુભવે છે.

**ગાથા-૧૯** **"નિર્મલ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન સહ જે દીપના,**
**જે પંચ સમિતિ ગુપ્તિત્રયની રચણમાળા ધારતા;**
**દશ ભેદથી જે શ્રમણ સુંદર ધર્મનું પાલન કરે,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૧૯**

દેવાધિદેવ તીર્થંકર દેવોને છદ્મસ્થ અવસ્થામાં ત્રણ જ્ઞાન હોય છે, પરંતુ દીક્ષા લેતાંની સાથે જ મનઃપર્યવજ્ઞાનનો ઉદય થાય છે. અર્થાત્ વિપુલમતિ નામનું શ્રેષ્ઠ મનઃપર્યવજ્ઞાન ખીલી ઊઠે છે. અને તેઓ પોતાના મન સિવાય પણ બીજા અન્ય સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોભાવને સાકાર રૂપે નિહાળી શકે છે. તેથી કોઈપણ જીવ પ્રત્યે રાગ-દ્વેષ શમી જાય છે, અને જે જીવો કર્માધીન છે, તેના પ્રત્યે કરુણા જન્મે છે. અને જે જીવો મનોયોગ દ્વારા સંયમ રાખી શાંતિ જાળવતા હોય તેના પ્રત્યે પ્રભુનો સહજ અનુગ્રહ થાય છે. આ જ રીતે મનઃપર્યવજ્ઞાન પ્રભુની શોભામાં વૃદ્ધિ તો કરે જ છે, પણ સાથે સાથે આત્મશાંતિમાં એક કદમનો (પગલાનો) વધારો કરે છે.

દીક્ષાનો માર્ગ જ એવો છે કે જેમાં સમિતિ અને ગુપ્તિ એ બે સાધનાની મુખ્ય પાંખો છે. આ બંને પદો પર ગંભીર વિવરણ કરી શકીએ છીએ, પણ અહીં ટૂંકમાં એ કહેવાનું છે કે શરીરની મુખ્ય પાંચ ક્રિયાઓ જેમાં બોલવાની, ચાલવાની કોઈ પદાર્થને સ્પર્શ કરી લેવો - મૂકવો તેવી લેવા-મૂકવાની ક્રિયા એ રીતે આહાર-નિહારની ક્રિયા - આ પાંચ ક્રિયામાં માનવ-શરીરનું સમગ્ર યંત્ર કે તંત્ર ગોઠવાયેલું છે. જો આ પાંચેય ક્રિયાઓ અસંયમિત ભાવથી થાય તો શરીરને હાનિકારક નીવડે છે. પરંતુ સાધનામાં પણ આ બાધા ઊભી કરે છે. એટલે આ બધી ક્રિયાનું નિયંત્રણ કરવું અને સમ્યક્ પ્રકારે તેમાં વ્યવહાર કરવો તે સમિતિ છે. પરંતુ વિના પ્રયોજન મન-વચન-વાણીની ક્રિયાઓને શાંત રાખવી તે ગુપ્તિ છે. એટલે કે શાસ્ત્રકારોએ આ બંનેને અષ્ટપ્રવચન માતા કહેલી છે. સમગ્ર સંયમજીવન આના પર આધારિત છે. અસ્તુ..

દેવાધિદેવો સ્વયં આ અષ્ટ પ્રવચન માતાનું આચરણ કરીને ત્યાગ-માર્ગનો શ્રેષ્ઠ નમૂનો ઉત્પન્ન કરે છે. જો કે આવા ઉત્તમ પુરુષોની તો પાંચ ઇન્દ્રિયો તથા સમગ્ર કાયાદિ યોગ સ્વતઃ નિયંત્રિત હોય છે. સમ્યક્ભાવે સંચાલિત થાય છે. પરંતુ તેઓ આ અષ્ટપ્રવચન માતાનું પાલન કરીને પોતાના

આચરણથી જ સાધનાનો માર્ગ સ્થાપિત કરી આદર્શ પૂરો પાડે છે. અને જે અત્યાર સુધી જૈન પરંપરાઓમાં સ્પષ્ટરૂપે જળવાઈ રહ્યો છે. આ ઉપરાંત પણ જૈનઆચારના ખાસ કરીને સાધુ-સાધ્વીના નિયમનાં જે વિધિ-વિધાનો છે, તેનું દેવાધિદેવો યથાર્થ ભાવે પાલન કરી હજારો સાધુ-સંતોને તે માર્ગ પર ચાલવાની સ્વયંપાલિત પ્રેરણા આપે છે. જેથી જ કવિરાજે અહીં સામાન્ય મુનિવરોના આચાર-વિચારને તીર્થંકર દેવાધિદેવોના સહજ ઉદ્‌ભવતા શુદ્ધ આચાર રૂપે વર્ણવીને તેઓ સ્વયં ક્રિયા પાળીને પળાવે છે, તેવો આદર્શ અભિવ્યક્ત કર્યો છે. અન્યથા 'પરોપદેશે પાંડિત્યમ્'નો દોષ સમાજમાં પ્રસિદ્ધ છે. પરંતુ અહીં દેવાધિદેવોની ઈમાનદારી ભરેલી ધિકતી પેઢી છે, જેમાં સ્વયં પોતે બધા આદર્શોનું પાલન કરી વિશ્વને ઉચ્ચ કોટિના સંયમ-નિયમના આદર્શોનો અનુભવ કરાવે છે. તેથી અહીં કવિ આ આદર્શભાવને મનમાં રાખી અરિહંતોની મહાનતાને બિરદાવી જાણે પોતે એક-એક સમિતિને એક-એક અંગથી નમસ્કાર કરતા હોય તેમ પંચાંગભાવે પ્રભુની પાંચે સમિતિઓને અરિહંતરૂપે વંદન કરી ધન્ય બની ગયા છે.

(ગાથા-૨૦) "પુક્કર કમલના પત્રની ભાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત વરગતિએ વિચર;
આકાશની જેમ નિરાવલંબન ગુણ થકી જે ઓપતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૦

દેવાધિદેવ તીર્થંકરપદ પ્રાપ્ત કર્યા પછી મહાન રિદ્ધિ-સિદ્ધિને વરે છે, અને સમવશરણ આદિ તેનો વૈભવ ભવ્ય પ્રગટ થાય છે. જે રાજા-મહારાજા અને ચક્રવર્તીઓના વૈભવને પણ ઝાંખો પાડે છે. આ બધું હોવા છતાં પ્રભુ તેમાં કેવા નિર્લિપ્ત છે, તેની સામાન્ય વિશ્વ પ્રસિદ્ધ ઉપમાથી કવિ સ્પષ્ટતા કરે છે. સાહિત્ય ક્ષેત્રમાં પ્રસિદ્ધ છે કે તળાવમાં રહેલા કમલદલ અર્થાત્ કમળપુષ્પનાં પાંદડાંઓ જરા પણ પાણીથી કે બીજા ગંદા પદાર્થથી લેપાયમાન થતા નથી. નિર્લિપ્ત રહે છે. અને એ જ રીતે જૈનદર્શનના સૂક્ષ્મ ગણિતમાં જીવ દ્રવ્ય ગતિને અપ્રતિહત માની છે, અર્થાત્ તેની ગતિને કોઈ રોકી શકતું નથી અને જીવને પોતાના કર્મ પ્રમાણે જ્યાં-જ્યાં જવાનું હોય કે આવવાનું હોય, ઉત્પન્ન થવાનું હોય કે ચ્યુત થવાનું હોય, તેનું કોઈ ઉલ્લંઘન કરી શકતું નથી. અર્થાત્ સ્વતંત્રભાવે વિચરણ કરે છે. અને એથી પણ આગળ ચાલીને આકાશની ઉપમા આપવામાં આવે છે કે આકાશમાં બધા ભાવો ભરેલા છે, છતાં આકાશ કોઈથી લેપાયમાન થતું નથી. બધા પદાર્થો આકાશનું અવલંબન કરે છે, પરંતુ આકાશ કોઈનું અવલંબન કરતું નથી. તે સ્વયં નિરાલંબન છે, તેથી અહીં આપણા કવિરાજે ત્રણે ઉપમાઓને એક સાથે સંચિત કરી દેવાધિદેવોનું જીવન અને દેહાદિ ગતિ અપ્રતિબદ્ધ છે. લેપાયમાન પણ નથી અને બંધનશીલ પણ નથી, તેથી અભિવ્યક્તિ કરી છે. ત્રણેય ઉપમામાં સહયોગ હોવા છતાં અલગ-અલગ વિશેષતા પણ છે. કમળ લેપાયમાન થતું નથી. પરંતુ પોતાની જગ્યાએ બંધાયેલું છે, તેથી કવિ આ ઉપમાને થોડી અપૂર્ણ માની બીજી ઉપમાને સ્પર્શ કરે છે કે પ્રભુ જીવની જેમ અપ્રતિહત ગતિવાળા છે. પરંતુ તેમાં પણ થોડી કચાશ છે. જીવ અપ્રતિહત અને અખંડ હોવા છતાં અમુક અંશે કર્માધીન છે, જેથી તેમની અપ્રતિબદ્ધતામાં થોડી ઊણપ આવી શકે છે. જેથી કવિરાજ ત્રીજી ઉપમાને સ્પર્શે છે અને તે છે. આકાશની નિર્લિપ્ત અસ્તુઃ આકાશ સર્વથા નિરાલંબન અને નિર્લિપ્ત છે, અને એથી વધારે તે સર્વથા અપ્રભાવ્ય છે, અરૂપી છે. આકાશની જે નિરાલંબતા છે

કે નિર્લિપ્ત ભાવ છે તે અદ્વિતીય છે. તેથી અહીં કવિરાજ અહીં ત્રીજી ઉપમાને સ્પર્શ કરે છે, અને સંતોષ અનુભવે છે કે પરમકૃપાળુ પરમાત્મા દેવાધિદેવ કમળપત્ર જેવા નિર્લિપ્ત, જીવાત્મા જેવા અપ્રતિબદ્ધ અને આકાશ જેવા નિરાલંબ છે અને આ ત્રણેય ગુણોથી પણ પોતે વધારે અનુપમેય જેની ઉપમા આપી ન શકાય તેવા જ્ઞાનગુણોથી ભરેલા છે. અને આ ભવ્ય ભાવોનું દર્શન કરીને કવિ પંચાંગ ભાવે નમી પડ્યા છે. અને પોતે જાણે અવલંબન પર આધારિત હોવાથી લાચારી અનુભવી પ્રભુના નિરાલંબન પ્રત્યે અહોભાવ પ્રગટ કરે છે.

(ગાથા-૨૧) "ને અસ્ખલિત વાયુસમૂહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગો પાંગ જેના ગુપ્ત ઇન્દ્રિય દેહ છે;
નિઃસંગતાય વિહંગશી જેના અમુલખ ગુણ છે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૧

કવિ હજી પ્રભુની નિઃસ્પૃહતા ઉપર જ દૃષ્ટિ રાખી પ્રભુના વિશેષ ગુણોનું અવલોકન કરી રહ્યા છે. તેમાં કેમ જાણે આગળની ઉપમાઓ અધૂરી લાગતી હોય તે રીતે પ્રભુને ત્રણે નિર્બંધ ભાવે વિચરણ કરતા જોઈ તેમને વાયુ સ્વરૂપ હોય તેવા દેખાય છે. વાયુ ક્યાંય અટકતો નથી તેમ કોઈને રાજી કે નારાજી કરવાની વૃત્તિથી દૂર હોય છે. જંગલ, પહાડો કે નગરોમાં ગમે ત્યાં વાયુ અબંધ ભાવે પ્રવાહિત થઈ શીતળતાનું દાન કરે છે. જો કે આ ઉપમા પણ પ્રભુ માટે થોડી લાગે છે. છતાં પણ વાયુ જેવું મહાન સ્વરૂપ, પ્રભુની અબાધ ગતિને પ્રદર્શિત કરે છે.

આવી અબાધ ગતિ અને નિર્બંધ અવસ્થામાં સામાન્ય મનુષ્ય રહી શકતો નથી. કારણ કે તેના અંગ-ઉપાંગ અને ઈન્દ્રિયો વિષયભોગી અંગો ચંચળ બની બાધા ઊભી કરે છે. તેથી અહીં કવિ પ્રભુની નિર્બાધ ઈન્દ્રિય અવસ્થાને પ્રગટ કરતા કહે છે કે પ્રભુના અંગ, ઉપાગો અને ઈન્દ્રિયો એ બધી ગુપ્ત અને સુષુપ્ત બનેલી છે, તેની ચંચળતા દૂર થયેલી છે. કેમ જાણે ઈન્દ્રિય આદિ સંબંધ મનથી કપાઈ ગયો હોય અને મન સ્વયં ઊર્ધ્વગામી બની ચેતનભોગી બન્યું હોય ત્યાં આ બધા વિષયોને શાંત રહેવું પડે તે નવાઈ નથી. શાસ્ત્રોમાં પણ ગૌતમસ્વામી જેવા મહાન ગણધરોને ગુપ્ત બ્રહ્મચારી કહ્યા છે. અને એ જ રીતે 'ગુપ્ત' શબ્દ ઘણી જગ્યાએ સંયમની શ્રેષ્ઠતા માટે ઉપર્યુક્ત થયેલો છે. તો કવિરાજ પણ અહીં પ્રભુના અંગ-ઉપાંગ માટે 'ગુપ્ત' શબ્દનો પ્રયોગ કરી તેની આંતરિક વિકારોની અવસ્થા વિકાસ પામી નથી અને શુદ્ધ ભાવ જેમ બાળકનાં અંગો હોય તેવા ભાવમાં રહે છે. આવાં ગુપ્ત અંગો સાથે પ્રભુ હવે વિહંગ એટલે પક્ષીની જેમ અસંગથી અથવા નિસંગ બની અમૂલ્ય એવી સ્વતંત્ર યાત્રાને ધારણ કરે છે. જો કે આ વિહંગની ઉપમા એકાંગી છે, કારણ કે વિહંગ પણ પોતાના ક્ષેત્રમાં નિવાસ કરી દૂરદૂરનાં ક્ષેત્રનો સ્પર્શ કરે છે. તેમ પ્રભુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવના આધારે આવશ્યક સ્થિરતા કરવા છતાં પક્ષીની જેમ ઊડતા રહે છે. અહીં ભક્તોએ સમજવું જોઈએ કે ઉપમા માત્ર એકદેશી હોય છે અને તેમાં ગુણ પૂર્તિ જ પ્રયોજન છે.

આવી આવી ઘણી ઉપમાઓના અધિકારી દેવાધિદેવનું વિચરણ એ કવિને મુગ્ધ કરે છે.

**ગાથા-૨૨** **"ખડગીતણા વરશૃંગ જેવા ભાવથી એકાંકી જે,**
**ભારંડ પંખી સારિખા ગુણવાન અપ્રમત્ત છે;**
**વ્રતભાર વહેતા વરવૃષભની જેમ જેહ સમર્થ છે,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૨**

પહાડોની વચ્ચે એકાંકી ઉચ્ચ કોટિનું શિખર શોભતું હોય છે. ઊંચું અને નિરાલંબ હોવાથી એકલું સ્વતંત્ર દેખાય છે. જેની ચારેબાજુ ખાઈ હોય અથવા પહાડોના ભાગ હોય, મોટા ગાળા બનેલા હોય, તેની વચ્ચે ઊભેલું આ શિખર જાણે પોતાની મર્દાગીનીની ચાડી ખાતું હોય તે રીતે શોભે છે. પરંતુ આ શિખર તો સ્થિર છે. તેનાથી આગળ વધીને ભારંડ પંખી જેવા મહાસમર્થ એકાંકી પંખી અપ્રમત્તભાવે જીવનભર ઊડતા જ રહે છે, અને એ પક્ષી પોતાને નિર્લિપ્ત રાખે છે. તે પણ અપ્રમત્ત અવસ્થાના સૂચક છે. અહીં આગળ ચાલીને કવિ કહે છે કે - 'અપ્રમત્તદશા એ જ સારી રીતે વ્રતો ધારણ કરવામાં કારણ-ભૂત છે.' વ્રતો તો મામૂલી વસ્તુ નથી કે કાયર કે નિર્બળ વ્યક્તિ વ્રતને ધારણ કરી શકે. જેમ ઉચ્ચ કોટિના વૃષભ એટલે કે બળદ જે બધી રીતે સમર્થ છે શક્તિશાળી છે. તે જમીન ખેડવામાં જરા પણ પાછી પાની કરતો નથી. એટલે શાસ્ત્રોમાં પણ સંતો અને ભગવંતોને વૃષભની ઉપમા આપવામાં આવી છે. એક શક્તિશાળી, મંગળ કલ્યાણકારી જીવ હોવાથી વૃષભ બધે પૂજ્ય બન્યો છે. ચૌદ સ્વપ્નમાં પણ વૃષભનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. શંકરજીના સેવક તરીકે પોઠિયો બનીને વૃષભે પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન બનાવ્યું છે, તો આ વૃષભની દેવાધિદેવને ઉપમા અપાય તે આપણા માટે તો ઠીક વૃષભ માટે ગૌરવપૂર્ણ છે. કવિ પણ દેવાધિદેવની અંદર વૃષભનાં દર્શન કરીને પ્રભુની શક્તિનું અવગાહન કરે છે. અને પોતે જાણે વૃષભ બની ઝૂકી ગયા હોય તે રીતે પ્રભુને પ્રણામ કરીને ધન્ય બની ગયા છે.



**ગાથા-૨૩** "કુંજરસમા શૂરવીર જે છે સિંહ સમ નિર્ભય વળી
ગંભીરતા સાગર સમી જેના હૃદયને છે વરી;
જેના સ્વભાવે સૌમ્યતા છે પૂર્ણિમાના ચંદ્રની,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૩

આટલી ઉપમાઓ પછી પણ કવિનું મન અતૃપ્ત છે અને જેથી જુદા-જુદા ગુણોનું અવલંબન કરીને જુદી-જુદી ઉપમાઓને દૃષ્ટિગત રાખી બધાના ગુણો એક સાથે પ્રભુમાં એકત્ર થયા હોય તે રીતે કુંજર (હાથી), સિંહ, સમુદ્ર અને ચંદ્ર આ બધા કાવ્ય અને સાહિત્યના મનોરમ ઉપમાનો છે. અને કવિઓના મનનાં રમકડાંઓ છે. આ બધાં માધ્યમો વડે જાણે કાવ્ય અપૂર્ણ રહી જાય છે, તો આપણા કવિ પણ આ ઉપમાઓથી પ્રેરીત થઈને દેવાધિદેવની અંદર હાથીની દૃઢતા, સિંહનું પરાક્રમ, સમુદ્રની ગંભીરતા અને ચંદ્રની સૌમ્યતાનાં દર્શન કરે છે. આ બધા ગુણો એક-એકથી ચડિયાતા છે. તેમાંનો એક ગુણ પણ ન હોય તો ત્રણ પાયાવાળા પલંગ જેવી સ્થિતિ બની જાય. જેથી પ્રભુના ચારેય પાયા મજબૂત છે તેમ દર્શાવીને કવિ અહોભાવથી નાચી ઊઠ્યા છે, અને તેના એક-એક અંગમાં અદ્‌ભુત સ્ફૂર્તિથી પુનઃ પુનઃ અરિહંત વંદનામાં લયલીન બની ગયા છે.



**(ગાથા-૨૪)** **"આકાશ ભૂષણ સૂર્ય જેવા દીપતા તપ તેજથી,**
**વળી પૂરના દિગંતને કરુણા ઉપેક્ષા મૈત્રીથી;**
**હરખાવતા જે વિશ્વને, મુદિતા તણા સંદેશથી,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૪**

કવિરાજે ઘણી પ્રક્રિયાઓ આપી છતાં હજી ઉપમાઓની પરંપરા ચાલુ જ રાખી પ્રભુને સૂર્યની ઉપમા આપે છે. સાથે-સાથે કહે છે કે - 'આ સૂર્ય કેવો છે ? તો સંપૂર્ણ નભોમંડળને પ્રકાશિત કરી ઉષ્ણતા અર્પણ કરે છે. અર્થાત્ પોતાનાં કિરણોની ઝાળથી આકાશને ભરી દે છે.' સૂર્ય એ આપણા ગ્રહ-મંડળનો એક મહાગ્રહ છે. અર્થાત્ આકાશમાં હોવા છતાં સમગ્ર પૃથ્વીતલ માટે પૂજનીય છે. તો આવા સૂર્ય જ્ઞાન-કિરણોથી પ્રકાશિત સમગ્ર જીવરાશિને પ્રકાશ આપે છે, એટલું જ નહિ કરુણા એટલે દયાભાવનો પ્રસાર કરે છે, અને મોક્ષનો જે મુખ્ય રાજમાર્ગ છે તે મૈત્રીભાવનો ઉપદેશ આપે છે. મોક્ષ-માર્ગના દરવાજા ઉપર ફક્ત (મુખ્ય) એક જ શબ્દ લખ્યો છે - 'સત્વેષુ મૈત્રી'. અર્થાત્ પ્રાણીમાત્રમાં મૈત્રીભાવની સ્થાપના કરો. પરસ્પર એકબીજા જીવોને મૈત્રી-સંબંધ સ્થાપિત કરે એવી પ્રેરણા આપો. આ કરુણા અને મૈત્રી ત્યારે જ વિકસિત થઈ શકે કે જીવમાં ઉપેક્ષા શક્તિ હોય. ઉપેક્ષા એટલે જતું કરવાની ભાવના. ઉપેક્ષાવૃત્તિ આવે ત્યારે જ જીવ કદાગ્રહ, હઠાગ્રહ અને દૂરાગ્રહથી મુક્ત થઈ શકે છે. એટલે ઉપેક્ષા એ જૈન ધર્મનો પ્રાણ સમાન સિદ્ધાંત છે. તો પ્રભુ કરુણા ને મૈત્રીની સાથે ઉપેક્ષાનો મંગલમય સંદેશ આપે છે. પરિણામ-સ્વરૂપ મુક્તિનો ગુણ પ્રગટ થાય છે. મુદિત એટલે પ્રમોદભાવ. ખુશ રહેવું નિર્દોષ તથા સાત્ત્વિક રીતે આનંદિત રહી પ્રમોદ ભાવનું સેવન કરવું. કહ્યું પણ છે કે - 'સુખ-દુઃખમાં એક સમાન' તો પ્રભુ દેવાધિદેવ પોતાનો દિવ્ય પ્રભાવ પાથરી જગતને પ્રમોદભાવનો સંદેશ આપે છે. કવિએ અરિહંત વંદનાના માધ્યમથી ધર્મના મુખ્ય ચારે સ્તંભનો ચાર દૃષ્ટિમાં સમાવેશ કરે છે : (૧) મૈત્રીભાવ, (૨) પ્રમોદભાવ, (૩) કરુણાભાવ અને (૪) ઉપેક્ષા એટલે કે મધ્યસ્થભાવ.

**સત્વેષુ મૈત્રી, ગુણિષુ પ્રમોદમ્ ક્લિષ્ટેષુ નિવેષુ કૃપાપરત્વં**
**માધ્યસ્થ ભાવં વિપરીતવૃત્તૌ, સદા મમાત્મ વિદ્ધાતુદેવ**

કવિએ ચારે ભાવનાનો સમાવેશ કરી દેવાધિદેવને વાંધા છે. ખરું પૂછો તો આ ચારે ભાવનાનો ઉદ્‌ભવ દેવાધિદેવના જીવનમાંથી જ પ્રગટ થાય છે. તેથી કવિએ અહીં બરાબર કહ્યું છે કે - 'આવા અરિહંતદેવોને વંદન કરી કવિ પોતે જાણે ચારે ભાવનામાં વિભક્ત થઈ ઢળી પડ્યા હોય તે રીતે પંચાંગભાવે વંદન કરી રહ્યા છે.

**ગાથા-૨૫** "જે શરદઋતુના જળ સમા નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થળો વિષે;
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું." ૨૫

આ પચ્ચીસમી કડીમાં કવિરાજ ઘણી મોટી ઉપમાઓ આપ્યા પછી પ્રભુનાં આંતરિક અંગોને નિહાળે છે. આ આંતરિક અંગમાં તીર્થંકર નામ કર્મના ઉદયથી મનુષ્યભવના ગતિ અને આયુષ્ય ઉદયમાન હોવાથી, પ્રભુ કેવળજ્ઞાનને વર્યા છતાં બધાં અંગો પોતપોતાની જગ્યાએ ઉદયમાન સ્થિતિમાં વર્તી પ્રવર્તમાન બની રહે છે. પ્રભુનું ઇચ્છાપૂર્વકનું કોઈપણ પ્રકારનું કર્તૃત્વ ન હોવા છતાં જ્યાં સુધી તે દેહમાં રહે છે ત્યાં સુધી દેહધારી છે, અને ત્યાં સુધી બધી જ પ્રવૃત્તિના અધિષ્ઠાતા બની રહેશે. કવિ અહીં ઊંડાણમાં ઊતરી જ્ઞાનદૃષ્ટિથી નિરીક્ષણ કરે છે કે - પ્રભુના બધા, મનયોગ અંતઃકરણ કે કાયયોગ કેવા ભાવથી ભરેલા છે અને કેવા ભાવને વરેલા છે. સર્વપ્રથમ પ્રભુનો મનોયોગ કે શરદઋતુના નિર્મળ જળ જેવો બની ગયો છે. આકાશના બધા મેઘાડંબરો શેષ થતા જે કાંઈ મેલભાવ છે, તે પૃથ્વી પર ઊતરી ગયા પછી બાકીનું શેષ જળ અતિ નિર્મળ બની જાય છે. જેથી તેને શરદઋતુનું પાણી એમ કહેવામાં આવે છે. દ્રવ્ય-ભાવે આ શરદજળ નિર્મળ છે, તેવી જ રીતે પ્રભુના મનોયોગના પુદ્‌ગલ સ્કંધો પણ અતિ ઉજ્જ્વલ પર્યાયને પ્રાપ્ત થવાથી સ્ફટિક જેવા - બિલોરીકાચ જેવા અને આપણા કવિની ભાષામાં શરદઋતુના પાણી જેવા નિર્મળ સ્કંધો છે. વસ્તુતઃ મનુષ્યના મનમાં આવતા વિકારો તે સ્થૂલ દૃષ્ટિએ કોઈ નિમિત્તથી પ્રગટ થતા હોય તેમ કહેવાય છે. જ્યારે હકીકતમાં મનોયોગના પુદ્‌ગલો કૃષ્ણાદિ લેશ્યાઓમાં, નીચેની લેશ્યાઓમાં પરિણત હોય ત્યારે વિકારો સ્વતઃ ત્યાં સ્થાન જમાવીને પોતાનો ભાવ પ્રગટ કરતા રહે છે. પરંતુ આ બધા પુદ્‌ગલોમાંથી બધી લેશ્યાનો પરિહાર થયા પછી એક પરમ શુક્લ લેશ્યા અવસ્થિત હોવાથી પ્રભુનો મનોયોગ અતિ નિર્મળ હોય તે નવાઈ જેવું નથી, સ્વાભાવિક પ્રક્રિયા છે.

જ્યારે મનોયોગ સ્વચ્છ થઈ ગયો છે અને મનોયોગની ઇચ્છાપૂર્વક કાયયોગનું હલનચલન થતું નથી. પરંતુ કાયયોગ સ્વતઃ સ્વતંત્ર બની શુભ પ્રવૃત્તિને ધારણ કરે છે. તેમાં પણ હવે કોઈ અમંગલ પ્રવૃત્તિની શક્યતા

રહેતી નથી. તેથી પ્રભુનું દિવ્ય શરીર દિવ્ય ભાવોથી વિહાર પામતું જગતના કલ્યાણમાં સહજ નિમિત્ત બની રહે છે. પરંતુ દેવતાઓ અને મનુષ્યો ભક્તિ-ભાવથી કાયયોગના અધિષ્ઠાતા દેવાધિદેવને પૂજ્યભાવે નમન કરી તેઓ આ મંગલ વિહારના પ્રણેતા છે. તેઓ ભક્તિયોગ પ્રગટ કરે છે, અને પ્રભુ ભિન્ન ભિન્ન પ્રકારનાં ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરી ત્યાં રહેલા લોકો પર તેઓના પુણ્યયોગ પ્રમાણે ઉપકાર કરી અહિંસા ધર્મનો ધ્વજ ફરકાવતા રહે છે, અને હળુકર્મી જીવો મોક્ષમાર્ગના ઉપાસક બની અણગાર અને આગાર ધર્મને વરી ત્યાગ ધર્મની સ્થાપના કરી શાસન પ્રભાવના કરે છે. વસ્તુતઃ અહીં કવિ પ્રભુને હજી એક ઉપમા આપી તેમાં ધરિત્રી પદ પ્રગટ કરે છે. અને જેમ પૃથ્વીમાતા આ જગતનાં બધા સુખ દુઃખ-રૂપી ભાવોને સહન કરી, કરોડો જીવોને ધારણ કરી મનુષ્યને સમભાવનો ઉપદેશ આપે છે. પરંતુ આ પૃથ્વીની સહનશીલતા પણ પ્રભુના ધૈર્ય સાથે અને તેના ધૈર્યગુણ સાથે સરખાવતા જાણે પૃથ્વી પણ નમી પડે છે. કવિને એમ લાગે છે કે - 'પૃથ્વી પણ ઝાંખી પડે છે. પરંતુ ખરેખર પ્રભુના ચરણ પડવાથી પૃથ્વી દેદીપ્યમાન બની રહે છે, ધન્ય બની રહે છે. અને પ્રભુની સહનશક્તિ સામે પોતાની લઘુતા પ્રગટ કરે છે. તેથી કવિને લાગે છે કે - 'પૃથ્વી ઝાંખી પડે છે.' ખરેખર પૃથ્વીને પૃથ્વીની આ ઝાંખપ પણ, તેને માટે ગૌરવરૂપ છે, લાંછન નથી. ત્રિલોકીનાથની સામે ઝાંખુ પડવું, લઘુતા ગ્રહણ કરવી, તે એક પ્રકારની મહાનતા છે. તો કવિરાજે અહીં અન્યથા ઉક્તિ અલંકારનું અવલંબન કરી પૃથ્વીની ઝાંખપને પરોક્ષ ભાવે ગુણાત્મક રૂપ આપ્યું છે. અને પ્રભુના મનયોગ, કાયયોગ, તેમના વિહાર અને એમની પ્રચંડ સહનશક્તિ એ બધાને ઉપમા આપીને પ્રગટ કરતા કરતા કવિરાજ પંચાંગભાવે પ્રભુનાં ચરણોમાં નમી પડ્યા છે, અને અરિહંત વંદના ઉપર કળશ ચઢાવ્યો છે.

**(ગાથા-૨૯)** **"બહુ પુણ્યનો જ્યાં ઉદય છે એવા ભવિકના દ્વારને,**
**પાવન કરે ભગવંત નિજ તપ છઠ્ઠ-અઠ્ઠમ પારણે;**
**સ્વીકારતા આહાર બેંતાલીસ દોષ વિહીન જે,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૯**

દેવાધિદેવને અપૂર્ણ પુણ્યનો ઉદય હોય છે. અહીં એક બહુ જ મહત્ત્વ-પૂર્ણ વાત સમજવાની છે. સામાન્ય રીતે માણસો એમ માને છે કે પુણ્યનો ઉદય વ્યક્તિનો પોતાનો હોય છે, અને તે પોતે જ પુણ્ય ભોગવે છે. ત્યારે હકીકતમાં વાત બીજી જ છે. સ્વાર્થની પ્રવૃત્તિથી પુણ્યનો બંધ પડતો નથી. પુણ્યના બંધમાં પણ પરોપકાર મુખ્ય વસ્તુ છે. પરોપકાર વખતે જીવના શુભયોગ હોય છે. આમ પુણ્યનો જન્મ પરોપકારથી જ થાય છે. જ્યારે પુણ્ય ઉદયમાન થાય છે ત્યારે પણ તે ઘણા જીવોના ઉપકારનું કારણ બને છે. પુણ્યનો યોગ ભોગ માટે નથી. પુણ્યનો ઉદય થયા પછી જો મોહ હોય તો જ મનુષ્ય પુણ્યનાં ફળ ભોગવવાં પ્રવૃત્ત થાય છે. પરંતુ મોહરહિત આત્માઓના પુણ્ય સ્વતઃ પરોપકારમય બની રહે છે. કહ્યું પણ છે કે -

**"પરોપકારાય સતાંમ - વિભુતયઃ"**

અર્થાત્ સત્પુરુષોની વિભૂતિ પરોપકાર માટે હોય છે. અહીં તો પ્રભુ સર્વથા મોહ રહિત છે, એટલે તેમના મહાપુણ્યના યોગ સમગ્ર જીવરાશીના કલ્યાણરૂપ હોય તેમાં આશ્ચર્યજનક શું હોઈ શકે ? અર્થાત્ દેવાધિદેવનો તીર્થંકર નામ કર્મનો ઉદય તે આ પુણ્યની પ્રભા જ્યાં સુધી ફેલાય ત્યાં સુધીના ક્ષેત્રમાં રહેલા જીવોનું પ્રત્યક્ષ કે પરોક્ષ કલ્યાણ થતું હોય છે, એટલે કે આગળના કલ્યાણના દ્વાર ખૂલવાનો એક મહાયોગ બને છે.

દેવાધિદેવના પદને વરેલા આ આત્માઓ વસ્તુતઃ મુનિચર્યામાં જ વિચરણ કરે છે અને ઉચ્ચકોટિનું યથાખ્યાતચરિત્ર તેમના જીવનમાં પ્રાદુર્ભાવ થાય છે. એટલે સહેજ તેમની પોતાની માનસિક સંજ્ઞાઓ તો છે જ નહિ, પરંતુ દિવ્ય શરીરના કારણે શરીરની આવશ્યકતા પણ ઓછી થઈ જાય છે. તેમાંય ખાસ કરીને આહારની પદ્ધતિમાં પરિવર્તન આવે છે અને ભગવંતોનું જે કાંઈ આયુષ્ય બાકી છે, તેમાં છદ્મસ્થકાળમાં તેઓ પણ નિર્જરાના હેતુઓનું સેવન કરે છે, અને સહજ અનશન તપશ્ચર્યાના પ્રભાવે છઠ્ઠ-અઠ્ઠમ જેવા અને તેથી વધારે અઠ્ઠાઈ-નવાઈ ઈત્યાદિ માસખમણ જેવાં તપની નિષ્પત્તિ

થાય છે. અને છદ્મસ્થ અવસ્થામાં વિચરણ કરતા ભગવાન જે કંઈ કર્મોના અંશો બાકી છે, તેને પ્રજ્વાળી કેવળજ્ઞાન તરફ ધસી રહ્યા હોય છે. અને જ્યાં સુધી મુનિ પર્યાય છે ત્યાં સુધી ગોચરીના ૪૨ દોષ તો શું ? પરંતુ બીજી ચર્યાના પણ બધા દોષોનું નિવારણ કરીને પ્રભુ એક મહાઆરાધક રૂપે શાસનનો ધ્વજ ફરકાવતા હોય છે. અને હવે જાણે શાસનનો ઉદય થવાનો છે તેવાં દિવ્ય લક્ષણો તેને પ્રગટ થઈ રહ્યાં છે. તેવા અરિહંત પ્રભુને કવિ જાણે વાંદવા માટે ઉતાવળા થઈ રહ્યા છે. તે રીતે પંચાંગ ભાવે દેવાધિદેવનાં ચરણોમાં નમસ્કાર કરી જાણે અઠ્ઠમનું પારણું કરતા હોય તે રીતે દેવાધિદેવને વાંદી રહ્યા છે.



(ગાથા-૨૭) "ઉપવાસ માસખમણ સમા તપ આકરાં તપતા વિભુ,
વીરાસનાદિ આસને સ્થિરતા ધરે જગના પ્રભુ;
, બાવીસ પરિષહને સહંતા ખૂબ જે અદ્‌ભુત વિભુ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૭

અહીં કવિ હજુ મુનિચર્યાનો સ્પર્શ કરી દેવાધિદેવને વાંદી રહ્યા છે. વસ્તુતઃ દેવાધિદેવ માટે સામાન્ય મુનિ ચર્યાનો ઉલ્લેખ કરવો તે બહુ મહત્ત્વપૂર્ણ નથી. પરંતુ અહીં કવિની મનીષા ત્યાગભાવને મહત્ત્વ આપવાની છે. જે સંતોની મુનિચર્યા શાસ્ત્રોમાં સ્થાપિત થઈ છે, તે મુનિચર્યાના મૂળ દેવાધિદેવના ગ્રહત્યાગ પછી આચરણ કરેલા સાધુભાવમાં પ્રગટ થયેલી છે. સમગ્ર મુનિચર્યા કેવળ ઉપદેશાત્મક નથી, પરંતુ મહાપ્રભુ દેવાધિદેવોએ જીવનમાં આચરેલી મહત્ત્વપૂર્ણ મુનિચર્યારૂપ સાધના છે. અને તેમાં ઉત્કૃષ્ટ તપશ્ચર્યાઓ પણ જોડાયેલી છે. અને તેઓ તીર્થંકર રૂપે કેવળજ્ઞાનને વરવાના છે. તેઓએ પણ શું માસખમણ જેવા તપ નથી કર્યા !? અહીં કવિ આ બધા મુનિચર્યાના ભાવોને બિરદાવે છે. ઉપરાંત જે પરંપરા લુપ્ત થઈ ગઈ છે, જેને યોગસાધનાની પરંપરા કહેવાય છે. ભારતવર્ષમાં જૈન અને જૈન સિવાયના જે કોઈ ત્યાગમાર્ગો છે, તે બધાના મૂળમાં અષ્ટાંગયોગ સમાયેલો છે અને અષ્ટાંગયોગમાં યમ-નિયમ અને આસન એ ત્રણ તત્ત્વ પ્રાધાન્ય ભોગવે છે. યમ કહેતાં પાંચ અણુવ્રત, મહાવ્રત અને યથાર્થ વ્રત. નિયમ કહેતા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના નિયમો અને આસન કહેતાં શરીરની સ્થિરતા રાખવી. ચોરાસી પ્રકારનાં શાસનોમાંથી જે આસનો ધર્મને અનુકૂળ હોય તેને અપનાવી આસનયુક્ત વ્રતસાધના કરવાની હતી. પરંતુ વર્તમાન જૈન પરંપરામાં આ પ્રણાલી જાણે લગભગ લુપ્ત થઈ ગઈ છે. સામાયિક કે પૌષધવ્રત કરે છે પરંતુ સામાયિકમાં કોઈ પ્રકારના આસન અપનાવવામાં આવતા નથી, જેને પરિણામે સામાયિકમાં પણ ચંચળતા બની રહે છે. અને યોગો સમૃદ્ધ થતાં નથી. અને આસનથી થનારી તપશ્ચર્યાનો લાભ સાધકને મળતો નથી. જેથી અહીં કવિ દેવાધિદેવે ધારણ કરેલાં વિરાસનાદિ આસનોનો ઉલ્લેખ કરી આસનમાં સ્થિર થયેલા ભગવંતને નિહાળી પ્રભુના યોગોની સ્થિરતાનો અદ્‌ભુત પ્રસાદ મળતો હોય તે રીતે સ્વયં પંચાંગ ભાવે જાણે યોગનિષ્ઠ વંદના કરી રહ્યા હોય તેમ આનંદ અનુભવે છે. અહીં કવિરાજે પ્રભુની ચર્યાના બાવીસ પરિષહનો ઉલ્લેખ કર્યો છે. તે જાણે સંતોને માત્ર પ્રેરણા આપવા પૂરતો કર્યો હોય તેવું


અનુભવાય છે. કારણ કે ભગવાન તો અનંત પરાક્રમી હોવાથી તેમના માટે બાવીસ પરિષહ તો શું ? કોઈપણ પ્રકારના પરિષહ કેમ ન હોય ? તેમનાં પુણ્ય પ્રતાપે સ્વયં પરિષહો ઓગળી જતા હોય છે, પરિષહો સ્વયં વિમુખ થઈ જતા હોય છે. તો ભગવંતોને માટે ૨૨ પરિષહોનો સામનો કરવો તે કહ્યું તે હાથીએ પાશેર પૂણી ઉપાડી છે તેમ કહેવા જેવી વાત છે. વસ્તુતઃ દેવાધિદેવના જીવનમાં પણ પરિષહોનું નિવારણ થતું હોય છે, તેથી સંતોએ પ્રેરણા લેવાની છે, અને આ પ્રેરક ભાવથી જ કવિરાજે અર્હંત વંદનામાં સમગ્ર ચર્યાનો સમાવેશ કર્યો છે. અસ્તુ...

(ગાથા-૨૮) "બાહ્ય આભ્યંતર બધા પરિગ્રહ થકી જે મુક્ત છે,
વરધર્મ પાવક શુક્લધ્યાને જે સદાય નિમગ્ર છે;
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા મોહમલ્લ વિદારીને,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૮

જૈનશાસ્ત્રમાં પરિગ્રહનું દ્વિવિધ વર્ણન છે. અર્થાત્ બે પ્રકારે, બે પ્રકારની વ્યાખ્યા કરવામાં આવી છે. દ્રવ્ય પરિગ્રહ અને ભાવ પરિગ્રહ. જેને સામાન્ય ભાષામાં આભ્યંતર અને બાહ્ય એવા બે ભેદથી ઓળખવામાં આવે છે. અહીં આપણે, ટૂંકમાં આ પરિગ્રહ શું છે તેની થોડી વ્યાખ્યા કરીએ. પરિગ્રહનો વિપુલ એટલો બધો ગહન અને વિશાળ છે કે જે સમજવા લાયક છે. 'ગ્રહ' શબ્દ ગ્રહણ અર્થે છે. પરિગ્રહનાં બે આલંબન છે - એક જીવ અને બીજા ભૌતિક દ્રવ્યો. શું જીવ ભૌતિક દ્રવ્યો ગ્રહે છે કે ભૌતિક પદાર્થો જીવને ગ્રહે છે ? આ પ્રશ્ન સૂક્ષ્મ છે. વસ્તુતઃ પુદ્ગલ પુદ્ગલને જ ગ્રહે છે. પરંતુ તેમાં જે આશ્રવ પરિણામો થાય છે તે પરસ્પર બંનેનું ગ્રહણ કરાવે છે. ગ્રહણ બે પ્રકારનું છે - એક સામાન્ય સંયોગાત્મક ગ્રહણ અને એક આસક્તિપૂર્વકનું સાર્વભૌમ ગ્રહણ. આ સાર્વભૌમ ગ્રહણને જ પરિગ્રહ કહેવામાં આવે છે. ગ્રહણ જીવન અને જડ વચ્ચેની લેવડ-દેવડની ક્રિયા છે. જ્યારે પરિગ્રહ એ સાર્વભૌમ બંધન કરનારી ક્રિયા છે. જેથી જૈન-શાસનમાં પરિગ્રહ ઉપર જોર આપવામાં આવ્યું છે. આભ્યંતર પરિગ્રહ જ બાહ્ય પરિગ્રહનું કારણ છે. પતંગનો દોર હાથમાં છે ત્યાં સુધી જ પતંગકર્તા દ્વારા ગ્રહેલી છે. દોર છૂટો થાય તો પતંગ તો છૂટી જ છે. તેમ મોહનો દોર તે આભ્યંતર પરિગ્રહ છે, અને તેને કારણે નિસ્પન્ન થતાં દ્રવ્યોના સંયોગ તે બાહ્ય પરિગ્રહ છે. દેવાધિદેવ આવા બંનેને પરિ-ગ્રહોથી મુક્ત છે, જેથી તેમને પરિગ્રહ સંબંધી કોઈ ક્રિયા લાગતી નથી. કેવળ ઈરિયાપથિક ક્રિયા લાગે છે, જે પરિગ્રહની વ્યાખ્યામાં આવતી નથી. અસ્તુ... આવા બાહ્ય આભ્યંતર પરિગ્રહથી મુક્ત થયેલા.... !

કવિએ અહીં ઉત્ક્રાંતિનાં ત્રણેય બિંદુને સ્પર્શ કર્યો છે. જેમાં પ્રથમ બિંદુ અપરિગ્રહ છે. દ્વિતીય બિંદુ શુક્લ ધ્યાન છે. અને તૃતીય બિંદુ ક્ષપકશ્રેણી છે. ધ્યાન પણ એક પ્રકારની કર્મજનિત રંગોથી રંગાયેલી આધ્યાત્મિક પ્રક્રિયા છે. જેથી ધ્યાનમાં આર્ત-રૌદ્ર એવા ભાવ પ્રગટ થાય છે. કપડું તો કપડું જ છે. સફેદ હોવા છતાં તે રંગાયેલું છે. પરંતુ હકીકતમાં વસ્ત્ર અને રંગ

બંને જુદા છે. એમ ધ્યાન સ્વયં શુક્લ છે. પણ વિભાવોના કારણે અપધ્યાન બને છે. કેટલાક મંદકષાયની અવસ્થા વખતે વર્તતા ધ્યાન ધર્મ ધ્યાનની શ્રેણીમાં આવે છે. પરંતુ જ્યારે આવા કષાયોનું આધિપત્ય શૂન્ય બને છે ત્યારે ધ્યાનનો મૂળરંગ પ્રગટ થાય છે. જેને શુક્લધ્યાન કહેવામાં આવે છે. શુક્લનો અર્થ ફક્ત શ્વેત નહિ પણ સ્વચ્છ એવો છે. શુદ્ધ પર્યાયને શુક્લધ્યાનની શ્રેણીમાં મૂકવામાં આવે છે, પરંતુ આ શુક્લધ્યાનની બે અવસ્થા છે - શુક્લ અને પરમ શુક્લ. જ્યાં સુધી જીવાત્મા પરમ શુક્લને સ્પર્શતો નથી ત્યાં સુધી તે ક્ષપકશ્રેણીને અપનાવી શકતો નથી. પરંતુ ધ્યાનની તીવ્રતા થતાં પરમ શુક્લધ્યાનનો સ્પર્શ જીવાત્માને ક્ષપકશ્રેણી તરફ લઈ જાય છે. જો કે આ ક્ષપકશ્રેણીની સાથે એક ઉપશમશ્રેણીનું પણ અસ્તિત્વ છે. મૂળમાંથી જ કષાયનું ઉત્થાપન કર્યા વિના કષાયને નિર્બળ કરી દબાવી રાખવાથી ઉપશમ ભાવનું પ્રાધાન્ય વર્તે છે, અને તેવી અવસ્થામાં જીવ ચારિત્ર બળ વડે શ્રેણીમાં આરૂઢ થાય તો ઉપશમશ્રેણીનું અવલંબન કરી દશમા ગુણસ્થાન પછી માર્ગ બદલી નાખે છે. પરંતુ દેવાધિદેવની સાધનામાં આવું થતું નથી. તેઓ ક્ષાયિક ભાવના અવલંબનને કારણે ઉપશમ ભાવોથી વેગળા રહી ઉપશમશ્રેણીનો પરિહાર કરી સ્વતઃ ક્ષપકશ્રેણીમાં આરૂઢ થાય છે, અને આ શ્રેણીમાં આરૂઢ થયેલા અરિહંત ભગવંતો જેમ નિષ્કલંક સૂર્ય પ્રકાશિત થતો હોય, તે રીતે વિભાવથી મુક્ત બની ઘાતિકર્મોનો ક્ષય કરવા માટે પ્રબળ બને છે. અને રણક્ષેત્રમાં ઊભેલા ક્ષપકશ્રેણીએ ચડેલા સૂક્ષ્મ કષાયોનું ઉત્થાપન કરતા એવા અરિહંતોને વાંદવા માટે કવિ સ્વયં ઉપશમરસમાં પરિણત થઈ પ્રભુની અદ્‌ભુતશક્તિનો ખ્યાલ કરી પંચાંગભાવે વંદન કરતા અશ્રુભીની આંખથી પ્રભુની કૃપાને આંખોથી વર્ષાવતા જાણે ઢળી પડ્યા છે.



(ગાથા-૨૯) "જે પૂર્ણ કેવળજ્ઞાન લોકા-લોકને અજવાળ તું,
જેના મહાસામર્થ્ય કેરો પાર કો નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતિ કર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૨૯

કવિતાના કારણે કવિરાજે કાવ્ય-કારણનો વિપરીત ભાવ કર્યો છે અને કેવળજ્ઞાનના ઉલ્લેખ પછી ચાર કર્મ ઘાતિના ક્ષયની વાત કરી છે. વસ્તુતઃ ચાર ઘાતિકર્મનો ક્ષય થયા પછી જ કેવળજ્ઞાન ઉદ્ભવે છે. આ ચારેય ઘાતિકર્મો અનાદિ કાળથી ચાર મહાગુણોને ઘેરીને, જેમ સાપ ભરડો લઈને ચંદનને વળગેલો હોય, તે રીતે આ ઘાતિકર્મો વળગેલાં હતાં અનંત જ્ઞાન - અનંત દર્શન - અનંત નિર્મળ ગુણોની અવસ્થા અને અનંત બળ એવા ગુણો ઘાતિકર્મોના ગયા પછી સ્વતઃ પ્રગટ થઈ જાય છે. તેમાં પ્રમુખસ્થાન કેવળજ્ઞાન; કેવળજ્ઞાન એક પ્રકારની મુક્તિ છે. માનો મોક્ષ અવસ્થા જ છે. કેવળજ્ઞાનને મહાજ્ઞાન, પરિપૂર્ણજ્ઞાન, અનંતજ્ઞાન દોષરહિત જ્ઞાનપિંડ એવાં બધાં નામો આપી શકાય છે. કેવળજ્ઞાનમાં ત્રણલોકનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે. તે જ્ઞાનની સાથે-સાથે ભગવાનનું અનંત દર્શન અને અનંત સામર્થ્ય પણ પ્રગટ થાય છે. શબ્દોથી કે બીજા કોઈ સાધનથી આ ગુણોનો પાર પામી શકાય નહિ, તેવા અનંત વિસ્તારવાળા ગુણો છે. અકષાય અવસ્થા હોવાથી આ બધા ગુણો અરિહંતપદને શોભાવે છે. અને મૂળમાં આત્મગુણોનો ઘાત કરનાર ઘાતિકર્મનું ઉચ્છેદન થઈ જવાથી ચારિત્રની અપૂર્વ પર્યાય દ્વારા તે ઘાતિયા છેદાઈ ગયા છે. તેથી પ્રભુ દેવાધિદેવના પદને પ્રાપ્ત કરી અરિહંત-પદને વરી સ્વ-પરના પરમ ઉપકારી બની શાસન નાયક તરીકે શોભા વધારી રહ્યા છે. અને કવિશ્રી ઉદિત થયેલા નવ રૂપને અને દેવાધિદેવની પરિપૂર્ણ સાધના પછી ઉદ્ભવેલા ગુણોને નિહાળીને જાણે પતાસું પાણીમાં પીગળી જાય તે રીતે ભાવમાં પ્રવાહિત થઈ પંચાંગભાવે વંદી રહ્યા છે.

ગાથા-૩૦ "જે રજત સોનાને અનુપમ રત્નના ત્રણ ગઢ મહીં
સુવર્ણનાં નવ પદ્મમાં પદકમલને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર-ચાર સિંહાસને જે શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૦

કેવળજ્ઞાન થયા પછી તીર્થંકર નામ કર્મના ઉદયથી પ્રભુનો વૈભવ પ્રગટ થાય છે. અને સમોશરણ જેવા ત્રિગઢની રચના થાય છે. અને જેમાં મણિરત્ન શોભી રહ્યાં છે, અને પ્રભુ સ્વર્ણમય કમળોમાં ચરણ ધરીને જ્યારે આ સમોશરણમાં ચૌમુખી સિંહાસને બિરાજે છે અને ભક્તોને ચારે દિશાથી સમાન રૂપનાં દર્શન થાય છે, તેવી અદ્‌ભુત લીલા પ્રગટ થાય છે. જો કે પ્રભુ સ્વયં આ બધા વૈભવથી નિરાળા છે. ફક્ત જ્ઞાનરૂપી સિંહાસન પર આરૂઢ થયેલા છે. પરંતુ પ્રબળ પુણ્યના ઉદયથી દેહાદિક ભાવો દિવ્ય હોવાથી દ્રવ્યભાવે પણ શ્રીપ્રભુ આવા વજ્રમય સિંહાસન ઉપર આરૂઢ થઈ બધા વૈભવથી નિર્લિપ્ત રહી આત્મ-જ્ઞાનના બોધનો ધોધ પ્રવાહિત કરે છે.

શ્રી આનંદઘનજી મહારાજ સાહેબે ઠીક જ કહ્યું છે કે -

**ચરણ કમળ કમલા વસે રે નિર્મળ થિર પદ દેખ,**
**સમલ અથિર પદ પરિહરે રે પંકજ પામર પેખ...**

અર્થાત્ હે પામર જીવ ! તું આવા મલિન પદાર્થમાં મોહિત થઈને વળગી રહ્યો છે. પ્રભુનાં દર્શન કર અને જેનાં ચરણમાં કમળ સ્વયં નિવાસ કરે છે, છતાં તેઓ કેવા નિર્મળ પદમાં બિરાજમાન રહી સ્થિરભાવે, અખંડભાવે આત્મસ્મરણ કરી રહ્યા છે. ખરેખર કવિશ્રીએ દ્રવ્ય વૈભવનો ઉલ્લેખ કરી પરોક્ષભાવે પ્રભુને નિર્લિપ્તતાના ભાવદર્શન કરી તેમને વાંદ્યા છે. અસ્તુ...

**(ગાથા-૩૧)** "જ્યાં છત્ર ખંદર ઉજવલાં શોભી રહ્યાં શિર ઉપરે,
ને દેવ-દેવી રત્નચામર વીંઝતાં કરદ્વય વડે;
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ અશોકથી ય પૂજાય છે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૧

અર્હત વંદનાના કવિ આઠ પ્રતિહાર્યનો સ્પર્શ કરી એ પછી એક પ્રતિહાર્યનો ઉલ્લેખ કરે છે. આ પદમાં તેઓએ ત્રણ પ્રતિહાર્યને ભગવાનની શોભામાં અભિવૃદ્ધિ કરતા, વ્યક્ત કરીને મહિમા ગાયો છે. છત્ર, ચામર અને અશોક વૃક્ષ તે સ્થાન ધરાવે છે. 'છત્ર' શબ્દ દેવતાઓના મહિમામાં મહત્ત્વપૂર્ણ સ્થાન પામ્યો છે. 'છ' એટલે હિંસા નાશ, ધ્વંસ એવો થાય છે. ત્રણ એટલે ત્રાણ. એમાંથી બચાવે તેને છત્ર કહેવામાં આવે છે. આમેય જગજાહેર છે કે છત્રી, ધૂપ, વરસાદ ઇત્યાદિ સંતાપકારી તત્ત્વોથી રક્ષા કરે છે. પરંતુ ભગવાનનું છત્ર તે સામાન્ય છત્રી નથી. તેમાંય દેવાધિદેવના છત્ર તો ત્રિછત્ર રૂપે ત્રણલોકનું આધિપત્ય પ્રગટ કરે છે. અને ત્રણેય જગતને અનર્થકારી તત્ત્વોથી બચવાની ગેરંટી આપે છે. અને તે કારણથી ભક્તજનોએ અને સંતોએ ભગવાનને છત્રયુક્ત બનાવ્યા છે. છત્ર તે ફક્ત શોભા નથી, પરંતુ ધર્મનો ઉદ્‌ઘોષ કરનાર પ્રભુનું એક મહા પ્રતિહાર્ય છે. અને એ જ રીતે ચામરને પણ પ્રભુભક્તિમાં કે મંદિરોમાં સ્થાન આપવામાં આવ્યું છે. 'ચામર' શબ્દ પણ શોભાવર્ધક છે, પરંતુ તેથી વધારે તે પ્રભુનો મહિમા ગાઈને વિશ્વને સંદેશ આપે છે કે - 'પ્રભુ ઉપર જે ચામર ઢળે છે, તે ચલાયમાન હોવાથી આ વિશ્વની સંપત્તિ ચલાયમાન છે. અને તમતમાટ કરતી બધી ભોગસામગ્રી પણ ચંચળ છે. અને આવા ચંચળ ચામરની નીચે ભગવાન અચંચળ ભાવે સ્થિર થયેલા છે.' તો ચામર એ વિગુણાત્મક ક્રિયાનો બોધક છે, અને આવો બોધ કરીને પણ તે ભગવાનની શોભાવૃદ્ધિ કરે છે. તેથી કાવ્ય દૃષ્ટિએ સ્વયં વિરોધાભાસ અલંકાર બની રહે છે. કેમ જાણે ભક્તોને અને કવિઓને ભગવાનના મસ્તક ઉપર ચામર ઢાળ્યા વગર ચેન ન પડતું હોય તેમ આ ચંચળતાવાળી ગતિવાળા ચામરને પ્રભુની અચંચળતાવાળી ગતિ સાથે જોડીને એક કાવ્યાત્મક, એક આહ્‌લાદક ગ્રહણ કર્યો છે. ચામરનો પણ ઘણો જ ગૂઢ મહિમા છે. અહીં આટલી ટૂંકી વ્યાખ્યા કરી અશોક વૃક્ષ તરફ દૃષ્ટિપાત કરીએ છીએ. જે દેવાધિદેવના સિંહાસન કરતા બારગણું ઊંચું છે. અને આ અશોક વૃક્ષ સ્વયં પોતાના નામથી જ વિતશોકનો મહિમા ગાય છે. અશોક વૃક્ષ

પ્રભુની શોકરહિત દશાનું પ્રતીક છે. જેનું પાછળ આપણે વર્ણન કરી ગયા છીએ. સમજાતું નથી કે ભગવાનના સિંહાસન પાસે આટલું બધું ઊંચું આ દિવ્ય અશોક વૃક્ષથી શું સૂચવે છે ? શું ભગવાન કરતાં પણ તેની ઊંચાઈ વધારે છે ? ખરેખર ભગવાન અત્યારે તો દેહધારી છે, પરંતુ શોકાતીત અવસ્થા ઘણી જ ઊર્ધ્વગામીની છે. અને અશોક વૃક્ષથી જાણે સિદ્ધભગવાનનો સાક્ષી હોય તેમ બહુ જ ઊંચાઈ પર રહી પોતાની દિવ્ય પ્રભાથી આ પ્રભુ દેવાધિદેવ પરમ અવસ્થાને પ્રાપ્ત થશે અને તે ભૂલવું ન જોઈએ - આ રીતે છત્ર, ચામર અને અશોક વૃક્ષ રૂપી પ્રતિહારીનું પ્રતિબિંબ દષ્ટિગત રાખી કવિ ઊંડો સંતોષ અનુભવે છે અને વારંવાર પંચાંગભાવે નમન કરે છે.



**ગાથા-૩૨** "મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
• ભામંડળે પ્રભુપીછથી આભા પ્રસારી દિગંતમાં;
ચોમેર જાનુ પ્રમાણ પુષ્પો અર્ઘ્ય જિનને અર્પતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૨

આ પદ કવિ પુનઃ પ્રભુના વિશેષ પ્રતિહાર્ય સમ ભવ્ય તીર્થંકર નામભૂત એવા ધર્મચક્ર, આભામંડળ અને સૂર પુષ્ટ વૃષ્ટિનો ઉલ્લેખ કરીને દેવાધિદેવની જે અચિંત્ય પરોક્ષ શક્તિ છે તેનો આભાસ આપે છે. પ્રભુને ધર્મચક્રવર્તી કહેવામાં આવ્યા છે. જેમ ચક્રવર્તીને વિશેષ ચક્રધારી હોવાથી ચક્રવર્તી કહેવામાં આવે છે. તે જ રીતે દેવાધિદેવની શાસન સેવામાં ધર્મચક્ર સ્વયં ઉદ્‌ભુત થઈને સિંહાસનની પાસે ગોઠવાયને રહે છે. આ ધર્મચક્ર તે સાધારણ કોઈ ધર્મચક્ર નથી, પરંતુ અસાધારણ જ્યોતિષપુંજને વિખેરતું જાણે કોઈ મહાસૂર્ય હોય તેવું તેજસ્વી હોય છે. ધર્મચક્રની કોઈપણ પ્રકારનાં ધર્મવિરોધી તત્ત્વોને સંહાર કરી ધર્મમાં સ્થાપિત કરી શકે છે. એટલે પ્રભુને પણ અરિહંત કહેવામાં આવ્યા છે. આ ચક્રની પ્રભામાં કોઈપણ વિરોધી ઊભો રહી શકતો નથી. દશ આશ્ચર્યમાં એવી ઘટના છે કે ધર્મચક્ર પણ પોતાનો પ્રભાવ હોવા છતાં તે ઘટનાને ટાળી શક્યો નથી. પરંતુ આવી ઘટના તો વિરલ હોય છે. ધર્મચક્ર તે ધર્મશાસનની સાર્વભૌમ સત્તાને પ્રગટ કરે છે. અને એ જ રીતે પ્રભુની પીઠ પાછળ રહેલું ભામંડળ 'ભા' એટલે પ્રકાશ મંડળ (ઓરા) આભા એટલે ગોળાકાર કોઈ મહાપ્રકાશનું વર્તુળ, તેને ભામંડળ કહેવામાં આવે છે. આ ભામંડળ પણ દેવાધિદેવના અચિંત્ય પ્રભાવને પ્રગટ કરે છે. આધ્યાત્મિક ચેતનારૂપી પ્રભા જાણે ભામંડળની પ્રભા ઉપર સમાશ્રિત થઈને તીવ્ર ગતિથી ચારે તરફના તિમિરને છેદીને અદ્‌ભુત પ્રકાશ પાથરે છે.

ઉપર્યુક્ત દેવાધિદેવના પ્રકાશમાન શાસન વખતે દેવતાઓ જરા પણ પ્રમાદનું સેવન કર્યા વિના સુર પુષ્પવૃષ્ટિ અર્થાત્ દેવતાઓ દ્વારા અર્પિત કરેલી પુષ્પવૃષ્ટિ થતી રહે છે. જાણે ફૂલો મધુર-મધુર ભાવે વર્ષતા હોય તે રીતે ચારે તરફ સૌરભ ફેલાવી એક અદ્‌ભુત નિર્દોષ આનંદ લહેરીને જન્મ આપે છે. પ્રભુની આ શોભા અને શાસનની આ વ્યવસ્થા અસાધારણ છે, જે તીર્થંકર નામ કર્મના ઉદયથી જ સંભવિત છે. પ્રબળ પુણ્યના ઉદય કેવા અદ્‌ભુત હોય છે. તેનો નમૂનો તે દેવાધિદેવનાં ચરણોમાં નિહાળી શકાય છે. અને આવા મહાપુણ્યના ધારક તો સ્વયં અરિહંત પ્રભુ જ છે. એટલે કવિશ્રી આ બધા વિશેષ ગુણોના

ધારક એવા અરિહંતનાં ચરણોમાં વંદન કરી, તેમની દિવ્ય શક્તિનો ઉલ્લેખ કરી પુનઃ પુનઃ પંચાંગ ભાવે વંદન કરે છે. અને કહેવા માગે છે કે - 'ધન્ય છે આવા મહાપ્રભુને, જેઓ આવી રિદ્ધિસિદ્ધિ હોવા છતાં સર્વથા નિરાળા છે, નિર્લિપ્ત છે અને પોતાના આત્મગુણના, જ્ઞાનગુણના પ્રકાશથી સુશોભિત થઈ રહ્યા છે. એવા દેવાધિદેવ અરિહંત પ્રભુને વંદન કરતા કવિશ્રી અનેરો આનંદ માણે છે.

**ગાથા-૩૩** **"જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે ઘોષણા ત્રણ લોકમાં,**
**ત્રિભુવન તણા સ્વામી તણી સૌએ સુણો શુભ દેશના;**
**પ્રતિબોધ કરતા દેવ-માનવને વળી તિર્યંચને,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૩**

કવિશ્રી પ્રતિહાર્યનો ક્રમશઃ ઉલ્લેખ કરતાં, દુંદુભિનો ઘોષ કેમ જાણે કવિને સંભળાતો હોય તે રીતે દુંદુભિની દિવ્યતા પ્રગટ કરે છે. દુંદુભિનો ગર્જન ગર્જિત ઘોષ ત્રણેય લોકમાં વ્યાપ્ત થઈ જાય છે અને તેમાં સહજ ભગવાનના સિદ્ધાંતોનું પ્રતિબોધન થાય છે. અને તે પણ ફક્ત મનુષ્ય પૂરતું મર્યાદિત નથી. દેવ, દાનવ, મનુષ્ય, પશુ, પંખીને પણ બોધ પમાડે તેવું સહજ પ્રેરક પ્રતિબોધન હોય છે. અહીં જરૂર એક પ્રશ્ન થશે કે શું પ્રભુનો અવાજ એટલો પ્રબળ નથી ? કે આ દુંદુભિથી સત્‌ગુણો વૃદ્ધિ પામી વિશ્વવ્યાપિ બને છે ? તે જમાનાનું વિજ્ઞાન સહજ શબ્દ શક્તિ વર્ધક હતું અને આવી દેવતાઈ દુંદુભિ પ્રભુના સમવશરણમાં ધ્વનિત થઈ વિશ્વને મંગળ સંદેશ આપતી હતી. એ જ પ્રકારે આ બધા અતિશય પ્રભુની મહાનતાના દ્યોતક છે. એટલું જ નહિ પરંતુ આ પૌદ્‌ગલિક શક્તિના ઉચ્ચ કોટિના આ પ્રભાવ પાથરતા પુદ્‌ગલ સ્કંધો સ્વતઃ દેવાધિદેવના પ્રભાવક્ષેત્રમાં રચના પામી નિમિત્તરૂપે દેવતાઓનું અવલંબન થઈ કાર્યકારી બને છે. પરંતુ મૂળમાં તો દેવાધિદેવનો ઉચ્ચ કોટિનો આત્મવિકાસ અને મહાપુણ્ય જ કારણભૂત બને છે. જેથી કવિશ્રી આ બધા પ્રભાવ નિહાળીને પ્રભાવક એવા અરિહંત દેવને પંચાંગભાવે વારંવાર વંદન કરી રહ્યા છે.

(ગાથા-૩૪) "જ્યાં ભવ્ય જીવોના અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંત વાણી દિવ્ય સ્પર્શે દૂર થતાં મિથ્યા વગળ;
ને દેવ-દાનવ ભવ્ય માનવ ઝંખતા જેનું શરણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૪

આ ગાથામાં અર્થાત્ ૩૪મી કડીમાં કવિરાજ ભગવાનનો પ્રતિહારિક મહિમા પૂર્ણ કરીને હવે સામાન્ય ઉપદેશાત્મક દિવ્ય પ્રભાવનો ઉલ્લેખ કરે છે અને પ્રભુની વાણીને એક નવો ઓપ આપે છે. કારણ કે ઘણા ભવ્ય જીવોના જ્ઞાનાવરણીય કર્મ પાતળાં પડ્યાં પછી તેમનું પ્રજ્ઞાચક્ર વિકસિત થવામાં એક નિમેશમાત્ર નિમિત્તની જરૂર હોય છે. જેમ એક દીપક બધી રીતે તૈયાર થયેલ છે. બીજી પ્રજ્વલિત દીપકનો સ્પર્શ થતાં તે પ્રજ્વલિત થાય છે. અહીં પ્રભુની વાણી અને ઉપદેશ આવા પ્રજ્ઞાકમળને ખીલવવામાં સૂર્યના કિરણની જેમ કારણભૂત બને છે.

સાથે-સાથે જે કોઈ ભવ્ય-બુદ્ધિમાન આત્મા છે, પરંતુ સાચા માર્ગ-દર્શનના અભાવે મિથ્યા વમળમાં સંડોવાયેલા હોય છે. કહો કે કુતર્ક અને મિથ્યા જ્ઞાનના પ્રવાહમાં તણાતા હોય છે. પરંતુ પુણ્યના યોગથી પ્રભુની ઉપદેશધારાનો સ્પર્શ થતાં બધુ સમન્વયકારી બની જીવને સમ્યક્ માર્ગ પર આરૂઢ કરે છે. આ જ્ઞાનની ધારામાં સ્નાન કરી પવિત્ર થયેલા આત્માઓ જ્યારે શાંતિનો અનુભવ કરે છે ત્યારે તેની અસર દેવ-દાનવ અને ભવ્ય માનવના મન પર પડે છે. અને તેઓ પણ અરિહંતના ચરણકમળમાં પહોંચવા માટે ઝંખના રાખે છે. હવે પ્રભુના ઉપદેશ સિવાય બીજુ કશું જ તેમને રુચતું નથી. ફક્ત પ્રભુનાં દર્શનથી અને શ્રવણથી નયનકમળ અને કર્ણ-સંપુટ પવિત્ર કરવાની એક માત્ર ઈચ્છા વર્તે છે ત્યારે તને ઝંખના કહેવાય છે. આવી ઝંખના-વાળા જીવો અરિહંતનું શરણ પામી, પ્રતિબોધ સાંભળી પાણીમાં જેમ પતાસું ગળી જાય તેમ તન્મય થઈ જાય છે. તો અહીં કવિશ્રી આ બધા ઘણા જીવોના ઉદ્ધારક એવા દેવાધિદેવને વાંદીને ફક્ત ધન્યતા નથી અનુભવતા, પરંતુ જાણે પ્રભુનો તે વાણીપ્રપાત હોય કે સાંભળતા હોય તે રીતે પંચાંગભાવે અરિહંતોનાં ચરણોમાં અર્પિત થઈને ઉત્તમ આનંદ મેળવે છે.

(ગાથા-૩૫) "જે બીજભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશ પૂર્વનાં,
ઉપન્નેઈ વા, વિગમેઈ વા ધ્રુવેઈ વા મહાતત્ત્વનાં;
એ દાન સુશ્રુત જ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૫

જૈનદર્શન પ્રમાણે જગતને અનાદિ નિધન માનીને તેની જે મુખ્ય ક્રિયા છે તથા જેનું શાશ્વત અસ્તિત્વ છે તેવા ત્રિપદી જ્ઞાન ઉપર પ્રધાનપણે જોર આપવામાં આવ્યું છે. જો કે આ ત્રિપદી એવી છે કે જેના ઉપર સમગ્ર આસ્તિક-નાસ્તિક શાસ્ત્રો ઊભાં છે. ત્રિપદીનો અર્થ છે ઉત્પત્તિ, લય અને સ્થિતિ. સાધારણ બોલવાના ક્રમમાં ઉત્પત્તિ-સ્થિતિ લય એમ બોલાય છે, પરંતુ પદાર્થના બે મુખ્ય અંશ છે. - ધ્રુવ અને અધ્રુવ - ધ્રુવને શાશ્વત અસ્તિત્વ છે, જ્યારે અધ્રુવના બે મુખ્ય અંશ છે - ઉત્પત્તિ અને લય. આથી પદાર્થનું અસ્તિત્વ કાયમ રહ્યા પછી તે પર્યાયશીલ હોવાથી તેમાં ઉત્પત્તિ અને સ્થિતિનો ક્રમ બને છે. આ રીતે સમગ્ર વિશ્વ ઉત્પત્તિ અને લયથી પ્રત્યક્ષ થાય છે. જ્યારે તેનો ધ્રુવ અંશ અગોચર રહે છે. અનંતજ્ઞાનીઓ કેવળજ્ઞાનમાં જ ધ્રુવઅંશને પ્રત્યક્ષ જુએ છે, એટલે જ્ઞાનમાં પ્રતિબિંબ થયેલા ત્રણેય ભાવો સમગ્ર જ્ઞાનરાશિના બીજ સમાન છે. જે કંઈ જ્ઞાન છે તે ત્રિપદીમાંથી જ વિકસિત થયેલું છે. ચૌદપૂર્વ જેવું વિશાળ શાસ્ત્રજ્ઞાન જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ભંડાર છે, તે જ્ઞાન પણ ત્રિપદી રૂપી લતાના જ ફળ-ફૂલ રૂપે વિકસિત થયેલા છે. ગીતામાં પણ લખેલું છે કે - 'વેદ પણ કોઈ બીજ જ્ઞાનનાં પાંદડાં રૂપે વિકસિત થયેલો છે.' અસ્તુ... અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે આવા ત્રિપદીના દાતા મૂળભૂત જ્ઞાનનો પ્રકાશ કરનારા દેવાધિદેવો સ્વયં અનંતજ્ઞાની તો છે જ પરંતુ વાણીમાં જ્ઞાનનો પ્રવાહ પ્રવાહિત કરી જે પ્રરૂપણાથી તેઓએ શાસનનું કે જૈન આગમનું નિર્માણ કર્યું છે, તેવા અરિહંતો - ભલે તેનું કેવળજ્ઞાન ભક્તલોક જોઈ શકતા નથી, પરંતુ - વાણીથી જે ઉપદેશામૃત પીરસે છે અને તત્ત્વોમાં ગૂઢ રહસ્યોને પ્રકાશિત કરે છે. પોતે બધા અરિ કહેતા વિભાવોને જીતેલા છે, તેથી તેમનું જ્ઞાન પણ નિર્મળ જેવું સુખાકારી છે. અને કવિશ્રી આવા વાણી અને વચનના પ્રણેતા દેવાધિદેવને પંચાંગભાવે વાંદીને પ્રભુને પ્રરૂપણા શક્તિનો ઉલ્લેખ કરી કેમ જાણે કવિને તે જ્ઞાનના આહારથી ઓડકાર આવ્યો હોય તે રીતે પંચાંગભાવે નમી રહ્યા છે. અસ્તુ...

ગાથા-૩૬ "એ ચૌદ પૂર્વોના રચે છે સૂત્ર સુંદર સાથે જે,
તે શિષ્યગણને સ્થાપતા ગણધર પદે જગનાથ જે;
ખોલે ખજાનો ગૂઢ માનવ જાતનાં હિત કારણે,
એવા પ્રભુ અરિહંતે પંચાંગ ભાવે હું નમું." ૩૬

દેવાધિદેવ સ્વયં તો સાધના પરિપૂર્ણ કરી પોતાનાં બધાં કાર્યોથી નિર્વૃત્ત થઈ ગયા છે, અર્થાત્ પૂર્ણસિદ્ધિને પ્રાપ્ત કરે છે. પરંતુ તેઓ ધર્મચક્રી હોવાથી પરંપરામાં એક ઉત્તમ શાશ્વત સંઘની સ્થાપના કરે છે. જેમાં ગણધર પદ મુખ્ય છે. સંઘનો આધાર પ્રબળ જ્ઞાનસાધના છે, જેથી ઉચ્ચ કોટિના ચૌદ પૂર્વના જ્ઞાન ધારણ ગણધરો શાસન સૂત્ર સંભાળે છે, અને ત્યારબાદ આ પરંપરામાં હજારો સંત દીક્ષિત થાય છે, અને તેઓ નિરંતર મોક્ષમાર્ગ અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની વિશેષ આરાધનાઓ કરે છે. અને નિરંતર ભગવાનની પ્રરૂપણા ધારણ કરી હજારો પ્રશ્નો દ્વારા ઉત્તર મેળવી માનવ જાતિનાં ગૂઢ રહસ્યોને ખોલે છે. આખો સંઘ એક નિરાળી કાર્યપદ્ધતિ અપનાવી ધર્મનો જયઘોષ કરે છે. રાજા, મહારાજાઓ, મોટા ગાથાપતિઓ અને વિશિષ્ટ બુદ્ધિશાળી વિદ્વાન વ્યક્તિઓ પ્રભુની ધર્મસભામાં આવે છે, ત્યારે આશ્ચર્ય-ચકિત રહી જાય છે. ન સાંભળવું હોય તેવું અપૂર્વ શ્રુત સાંભળે છે, ન જોયેલું એવું અપૂર્વ ત્યાગનું દૃશ્ય જુએ છે, ન અનુભવેલી એવી અપૂર્વ શાંતિ અનુભવે છે. માનો જીવનની એક નવી દિશા મેળવે છે. અને ગણધર મહારાજાઓથી લઈ સામાન્ય તપસ્વી મુનિ સુધી પરસ્પર આજ્ઞાનો આદાન-પ્રદાન વ્યવહાર જોઈ એક વ્યવસ્થિત તંત્રનો અનુભવ કરે છે. જે શત્રુઓ સેનાથી જિતાતા નથી તેવા શત્રુઓ અહીં જિતાય જવાથી જાણે અરિહંત ભગવાનનું પદ સાર્થક બને છે. કવિશ્રી કેમ જાણે આ ધર્મસભામાં દૃશ્યથી તરબોળ થઈ ગયા હોય તેમ તેનું હૃદય ભીંજાઈ ગયું છે, અને પંચાંગભાવે પ્રભુને વારંવાર વંદના કરવા છતાં હજુ તેમના મનમાં સંતોષ થતો નથી. તેથી આગળ વાંદવા માટે પ્રેરિત થયા છે.

**ગાથા-૩૭** "જે ધર્મ તીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને સુરઅસુર સહુ વંદન કરે;
. ને સર્વ પ્રાણી ભૂત જીવો સત્વશુ કરુણા ધરે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૭

જૈનશાસન અને દેવાધિદેવનો ધર્મમાર્ગ એ પ્રાણીમાત્રને ન્યાય આપે તેવો અને બધા જીવો ઉપર કરુણા વર્ષાવે તેવો માર્ગ છે. એ ધર્મમાર્ગનું સંચાલન કરવા દેવાધિદેવો ચતુર્વિધ સંઘ અર્થાત્ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચાર અંગવાળો મહાસંઘ સ્થાપે છે. આ સંઘ પ્રત્યે બધા જ ભક્તગણોને અનન્ય ભાવ હોવાથી એક બહુ મજબૂત સંગઠન બની રહે છે અને સંઘની ગતિ-વિધિ જોઈ દેવ-દાનવ અને બધા દેવના ગણો આ સંઘને નમસ્કાર કરે છે. સંઘના ઉદ્દેશો પ્રાણભૂત-જીવ અને સત્ત્વ અર્થાત્ પ્રાણધારીઓમાં પંચેન્દ્રિય જીવોની ગણના થાય છે. ભૂતોમાં પંચામહાભૂત પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિની ગણના થાય છે. જ્યારે જીવરાશિમાં બેઈન્દ્રિયથી લઈ અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીની ગણના કરવામાં આવે છે અને આ સિવાયના જે સૂક્ષ્મ બાદર જીવો છે, તે બધાને મોઘમ ભાવે સત્ત્વ કહેવાય છે. આ ચારેય વ્યાખ્યા સામાન્ય-રૂપથી છે. કારણ કે બધાં પ્રાણીઓ પ્રાણધારી છે બધાં પ્રાણીઓમાં ભૂતનો સમાવેશ થાય છે, અને એ જ રીતે તમામ ચેતનધારી દેહી આત્માઓ જીવ જ છે. અને સત્ય કહેતા બધામાં આત્મ તત્ત્વ રહેલું છે. જેથી અહીં જાણવું ઘટે કે ઉપરની વ્યાખ્યા એકાંગી નથી, સામાન્ય વ્યવહાર દૃષ્ટિથી કરવામાં આવી છે. અસ્તુ.. આ પ્રાણભૂત જીવ સત્ત્વ પ્રત્યે જે સંઘમાં કરુણા હોય તે સંઘને જ ધર્મસંઘ કહી શકાય, જેથી દેવાધિ-દેવોએ આવો ધર્મસંઘ સ્થાપ્યો છે, અને અત્યાર સુધી આ મહાસંઘનું અસ્તિત્ત્વ જળવાઈ રહ્યું છે. ઘણી શાખા-પ્રશાખા હોવા છતાં મૂળ સિદ્ધાંત રૂપે જૈનસંઘ અભિન્ન ધ્યાન સિદ્ધાંતથી જોડાયેલો છે, અને કવિશ્રી સ્વયં મહાસંઘના સભ્ય છે. અને તેઓશ્રીને આ વિરાટ સંઘ સ્થાપવા બદલ દેવાધિદેવ પ્રત્યે-તીર્થંકર દેવનાં ચરણોમાં અપૂર્વ શ્રદ્ધા જાગૃત થાય છે, અહોભાવ પ્રગટ થાય છે અને આવા અહોભાવમાં રમણ કરી અરિહંત વંદનામાં કવિશ્રી તદ્રૂપ થઈ પંચાંગભાવે અરિહંતોને તથા પરોક્ષભાવે તેમના સ્થાપેલા મહાસંઘને વંદન કરી રહ્યા છે.

**(ગાથા-૩૮)** **"જેને નમે છે ઇન્દ્ર વાસુદેવ ને બળભદ્ર સહુ,**
**જેના ચરણને ચક્રવર્તી પૂજતા ભાવે બહુ;**
**જેણે અનુત્તર વિમાનવાસી દેવના સંશય હણ્યા,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૮**

હવે કવિશ્રીને આ વિશ્વના બીજા મહારથીઓ ગમે તેવું મહત્ત્વનું પદ ધરાવતા હોય, પરંતુ દેવાધિદેવનાં ચરણોમાં તેઓ ઝૂકી પડે છે. તેનો અહંકાર વિનયમાં પરિવર્તન થઈ જાય છે. પછી ચાહે તે ઈન્દ્ર હોય, ચક્રવર્તી હોય કે વાસુદેવ હોય કે વાસુદેવ-બળભદ્ર હોય. આ બધા પદવીધર દેવ અને મનુષ્ય અસાધારણ શક્તિના ધારક છે. ધારે તો પોતાની પ્રબળ શક્તિના પ્રભાવે પર્વતોને પણ ઊંધા-ચત્તા કરી શકે છે. વૈક્રિય શક્તિ દ્વારા મોટા ઝંઝાવાતો પણ પેદા કરી શકે છે. એક આંગળીના ઉપર કરોડ મણની શિલા ધારીને ગિરિધર પણ બની શકે છે. જેને જૈનશાસ્ત્રમાં ચક્રવર્તી અને વાસુદેવ એવા બે મોટાં પદો મનુષ્ય માટે મૂક્યાં છે. જ્યારે શકેન્દ્ર, ચમરેન્દ્ર, ઈશાનેન્દ્ર ઇત્યાદિ શબ્દો દેવગણના અધિષ્ઠાતા એવા ઈન્દ્રો માટે મૂક્યા છે. આ લોકની શક્તિ અચિંત્ય છે, પરંતુ દેવાધિદેવનાં દર્શન થતાં અને તેમાનો મહિમા જાણી ચક્રવર્તી - બળદેવ - વાસુદેવ કે ઈન્દ્ર બધા ચરણની પૂજા કરવામાં તત્પર રહે છે. અહીં કાવ્યના આધારે વાસુદેવનું નામ પ્રથમ મૂકવામાં આવ્યું છે. પરંતુ ચક્રવર્તી પછી વાસુદેવ-બળદેવનું સ્થાન છે. તે લક્ષમાં રાખવું જોઈએ.

આ કાવ્યનો બીજો ગૂઢાર્થ એ છે કે દેવાધિદેવને ત્યાગ અને સત્તારહિત હોવાથી પોતાનો અધિકાર રાખતા નથી, જ્યારે ઈન્દ્રાદિ સત્તા અને વૈભવની સાક્ષાત્ મૂર્તિ છે. ઈન્દ્ર પ્રભુને નમે છે, જેનો અર્થ એ થયો કે સત્તા અને સંપત્તિ લક્ષ્મીત્યાગ અને કરુણાનાં ચરણોમાં નમી પડે છે. કવિશ્રી પ્રભુના આ પ્રત્યક્ષ-ભૂત સ્થૂલ શક્તિનાં દર્શન કરવાથી જાણે સંતુષ્ટ નથી એમ સાથે-સાથે એક પ્રભુની ગુપ્ત શક્તિનો પણ ઉલ્લેખ કરે છે. અને તે એક અલૌકિક ભાવ છે. અનુત્તરવિમાનવાસી દેવો બધા સમ્યક્ત્વધારી હોય છે. તેઓ પણ સ્વર્ગના કોઈપણ વૈભવથી પ્રભાવિત થયા વિના આત્મરમણ કરતા હોય છે. પરંતુ ત્યાં પણ તેઓને સૂક્ષ્મ શંકાઓ ઉદ્ભવતી હોય છે કે આ વિશ્વની રચના કોણે કરી ? શું જડની અચિંત્ય શક્તિ તે જીવ થકી છે કે સ્વતંત્ર છે ? પરમાણુ પિંડો સ્વયં અનંતગુણ અને શક્તિના ધારક હોવા છતાં તે જીવાત્માની સાધનાને

અનુકૂળ બનીને ઉત્તમ રૂપ કેમ ધારણ કરે છે અને પાપાત્માઓનાં વિકારી પરિણામો અને કર્મોને અનુકૂળ તેવું વિપરીત રૂપ કેમ ધરે છે ? આમ જડ-ચેતનની એક ક્રિયાત્મક મહાગુથ્થી છે, ઉલ્ઝન છે. પ્રશ્નની ગ્રંથિ છે. પરંતુ જુઓ તો ખરા તેના પ્રબળ પુણ્યનો પ્રભાવ ! આશ્ચર્ય ! સિદ્ધના આ પાડોશી જીવોને દેવાધિદેવો સ્વયં મનોમન ઉત્તર આપી દે છે. એમનું સમાધાન કરે છે અને જડ-ચેતન વચ્ચે જે દીવાલ છે, તે આશ્રવ તત્ત્વની છે. જીવના સ્વરૂપ રમણના અભાવે આ દીવાલ સ્વતઃ બની રહે છે. પરંતુ જ્યારે જીવ સંયમ-શીલ બને ત્યારે તેનું કોઈ માથું નથી, તેના કોઈ હાથ-પગ નથી. જેનું કોઈ શાશ્વત અસ્તિત્વ નથી, તેવાં માયાવી આશ્રવ તત્ત્વો સ્વયં અંત પામી જાય છે, પરિસમાપ્ત થઈ જાય છે, અથવા સ્થાનાંતર કરી જાય છે. હે પુણ્યમય દેવો ! ભગવાન કહે છે કે તમે જે અનુત્તરવિમાનના પુણ્યભાવ ભોગવો છો તે પુણ્યમય ઉજળા આશ્રવ તત્ત્વનું સત્ત્વગુણી માયાનું પરિણામ છે, અને તે સ્વતંત્ર રૂપે તમારા જેવા સમ્યક્દષ્ટિ જીવને સ્પર્શ્યા વિના તેની સ્થિતિનો પરિપાક થતાં તે ખરી પડે છે. અને તમારા એક ભવનું આયુષ્ય શેષ થતાં તમે સિદ્ધ-બુદ્ધમુક્ત થઈ પરમ તત્ત્વને પામી જાવ છો. પ્રભુનું આ ગુપ્ત કથન અને સૂક્ષ્મવાણી અનુત્તરવાસી દેવોને જે દેવવૈભવ સુખ આપતો નથી, તેના કરતાં અસંખ્યગણું અધિક સુખ આપે છે. અને કવિશ્રી આવા સુખ પામતા પરમ ઉચ્ચકોટિના દેવને નિહાળીને તેમનું સમાધાન આપતા અરિહંતોને વાંદવા માટે ઉતાવળા થયા છે. અને ચક્રવર્તી વાસુદેવ ઇત્યાદિનાં સ્થૂલ પૂજનમાં ચિંતનથી એકાએક તેઓ આ અચિંત્ય ગુપ્ત ચિંતનમાં સરી પડતા પંચાંગ-ભાવે તો શું સર્વાંગભાવે વંદન કરે છે.

(ગાથા-૩૯) "જે છે પ્રકાશક સૌ પદાર્થો જડ તથા ચૈતન્યના,
જે શુક્લ લેશ્યા તેરમે ગુણસ્થાનકે પરમાતમા;
જે અંત આયુષ્ય કર્મનો કરતા પરમ ઉપકારથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૩૯

અહીં કવિશ્રી દેવાધિદેવના કેવળજ્ઞાન થયા પછીના જીવનની મહત્તા પ્રદર્શિત કરે છે. જુઓ તો ખરા ! આયુષ્ય તો પૂરું કરવાનું જ છે; પરંતુ હવે ભગવાનને પોતાના જીવનથી કોઈ પ્રયોજન નથી, જેથી તેઓશ્રી જનકલ્યાણ કરતા કરતા આયુષ્યને ખપાવે છે. આ આયુષ્યને પૂર્ણ કરવાની વિધિ સામાન્ય કક્ષાની નથી, પરંતુ તેઓ બ્રહ્માંડમાં રહેતા અચેતનને ચેતન તત્ત્વોને વિશે વાસ્તવિક સિદ્ધાંતોની સ્થાપના કરે છે, અને તેમાં જરા પણ કોઈ અનુરાગ છે બીજો સંક્લેશ આવતો નથી. કારણ કે દેવાધિદેવ પરમ શુક્લ લેશ્યાના ધારક છે. વળી કષાય રહિત એવા ૧૩મે ગુણસ્થાનકે બિરાજે છે. આમ ગુણ અને તેના સંબંધમાં જે કોઈ ઉચ્ચ કોટિના ભાવો છે, તે ભાવો પ્રભુની વાણીમાં ઝળકી રહ્યા છે, અને આ ભાવોને જીવારાશિમાં સ્થાપિત કરતા કરતા તેઓ મોક્ષના બિંદુ સુધી પહોંચે છે.

વસ્તુતઃ આયુષ્ય કર્મ એક સ્વતંત્ર કર્મ છે. મનુષ્યજીવન અને મૃત્યુના ખ્યાલથી તેમાં અનુરાગ અને વીતરાગની સ્થાપના કરે છે, અને કેમ જાણે મૃત્યુથી ડરતા હોય અને તેનાથી ઊલટું ક્યારેક જીવનથી કંટાળી મોતને બોલાવતા હોય. પરંતુ આ બંનેની ક્રિયા અવાસ્તવિક છે, અને કષાય ભાવોનું પરિણામ છે. જ્યારે કષાય ભાવો નીકળી ગયા ત્યારે આયુષ્ય કર્મ સર્વથા નિષ્કલંક બની સ્વતંત્ર રીતે પોતાના દલિકોને વિખેરતું રહે છે, અને મન-વચન-કાયાના યોગ આયુષ્ય કર્મ સાથે જોડાયેલ હોવાથી આયુષ્ય નિષ્ક્રમણની ક્રિયા શુદ્ધ થતાં યોગોની પ્રવૃત્તિ પણ શુભ બની જાય છે. હકીકતમાં ત્રિવેણીનો પૂર્ણ સંગમ થાય છે. આત્મામાં રહેલું જ્ઞાન અને ચારિત્ર આયુ કર્મની સ્વતંત્ર નિર્જરા અને યોગોની શુભ પર્યાય. આ ઉચ્ચકોટિની ત્રિવેણી દેવાધિદેવના જીવનમાં સંપૂર્ણ શુદ્ધભાવે પ્રવર્તમાન થાય છે. આ ત્રિવેણીમાં સ્થાન કરનારા ધન્ય બની જાય છે. કવિશ્રી અહીં પ્રભુની પ્રવહમાન આયુષ્ય સરિતામાં જાણે ડૂબકી દઈને આ ત્રિવેણીમાં સ્નાન કરી પાવન થઈ ગયા હોય તે રીતે પ્રભુને પંચાંગભાવે વાંદવાનું ચૂક્યા નથી. જેમ-જેમ પ્રભુના ભાવોનું નિરીક્ષણ કરતા જાય છે તેમ-તેમ તેમના વંદનની ભાવાત્મક માત્રા પણ વધતી જાય છે.


**(ગાથા-૪૦)** **"લોકાગ્ર ભાગે પહોંચવાને યોગ્ય ક્ષેત્રી જે બને,**
**ને સિદ્ધનાં સુખ અર્પતી અંતિમ તપસ્યા જે કરે;**
**જે ચૌદમા ગુણસ્થાનકે સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૦**

સમગ્ર દર્શનનું લક્ષ મોક્ષ છે. અને દેવાધિદેવો પણ અંતે મોક્ષના જ અર્થી છે. સામાન્ય રીતે મોક્ષનું સ્થાન ઊંચું જ હોય એટલે લોકાગ્ર ભાવે અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે. તેઓ સર્વથા નિસ્પૃહ મુક્ત અક્રિયાત્મક બ્રહ્મ તત્ત્વ છે. જેને પરબ્રહ્મ પરમાત્મા પણ કહે છે. તો અહીં અરિહંતોની સાધના હજી અધૂરી છે. કારણ કે દેહભાવ છૂટ્યો નથી. યોગાતીત અવસ્થા એ જ સિદ્ધિ છે. તેથી તેરમા ગુણસ્થાનકે બિરાજમાન અરિહંતો જેવાં સંયોગી કેવળી ભગવંતો છે. તેઓ પણ દેવ આયુષ્યપૂર્ણ થતાં તેરમા ગુણસ્થાનની યાત્રા પૂર્ણ કરવા માંગે છે. અને અયોગી એવું ચતુર્દશ એવું ગુણસ્થાનને સ્પર્શ કરવા માગે છે. સહજ તેમનું આત્મતત્ત્વ પરિપક્વ થઈ ગયેલું છે. ચાર અઘાતિકર્મના બંધન તે પણ હવે અંતિમ સ્કંધ છોડવાની સ્થિતિમાં આવ્યા છે. જુઓ ! અહીં હવે શુભાશુભ પુણ્ય પાપ બંને પ્રવૃત્તિ શેષ થવાથી શુભાતીત - પુણ્યાતીત એવી અવસ્થાને આત્મા સ્પર્શ કરે છે.

**એક બહુ જ મહત્ત્વપૂર્ણ વાત**

સામાન્ય વિષયમાં બધા ભાવો બે ભાગમાં વિભક્ત જણાય છે. શુભ અને અશુભ રસહીન અને રસવાન, શબ્દહીન - શબ્દવાન, દુઃખયુક્ત - દુઃખમુક્ત, અને સુખયુક્ત આમ બે અવસ્થામાં જીવનનો પ્રવાહ વિભક્ત છે. પરંતુ આપણે ત્યાં પરમ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. આ પરમ એ ત્રીજી અવસ્થાનો દ્યોતક છે. અને ત્રીજી અવસ્થા તે બંને અવસ્થાને શેષ કરી બંનેને અવસ્થાઓથી નિરાળા થઈ ત્રીજી અવસ્થાનો સ્પર્શ કરે છે. આ અવસ્થા છે રસાતીત, શબ્દાતીત, ગુણાતીત, સુખાતીત અર્થાત્ સંસારના બંને પાસા છોડી શુભાશુભ ભાવથી મુક્ત થઈ ત્રીજી અવસ્થાને વરે છે. જ્યાં યોગાતીત અવસ્થા છે અને આને જૈનશાસ્ત્રમાં અયોગી અવસ્થા કહેવામાં આવે છે. આ અયોગી ગુણસ્થાન એ જ ચતુર્દશ ગુણસ્થાન છે.

જ્યારે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થવા માટે ચૌદમાં ગુણસ્થાનકના ક્રમમાં અરિહંતો શૈલેષીકરણ કરે છે. શૈલેષીકરણ એટલે યોગોની સર્વથા સ્થિરતા.




જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે, ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી, સૌએ સુણો શુભદેશના;
પ્રતિબોધ કરતા દેવ માનવ ને વળી તિર્યંચને,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૭૭






જ્યાં ભવ્ય જીવોના અવિકસિત, ખીલતાં પ્રજ્ઞાકમળ,
ભગવંતવાણી દિવ્યસ્પર્શે, દૂરે થતાં મિથ્યા-વમળ;
ને દેવદાનવ ભવ્યમાનવ, ઝંખતા જેનું શરણ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩૪





જે બીજ ભૂત ગણાય છે, ત્રણપદ ચતુર્દશપૂર્વનાં,
ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા, ધુવેઈ વા મહાતત્ત્વનાં;
એ દાન સુશ્રુતજ્ઞાનનું, દેનાર ત્રણ જગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૭૫




એ ચૌદપૂર્વોનાં રચે છે, સૂત્ર સુંદર સાર્થ જે.
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે;
ખોલે ખજાનો ગૂઢ માનવ, જાતના હિત કારણે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩૬



જે ધર્મતીર્થંકર ચતુર્વિધ, સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમએ સંઘને, સુરઅસુર સહુ વંદન કરે;
ને સર્વજીવો ભૂત-પ્રાણી, -સત્ત્વશું કરુણા ધરે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩૭



જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી, પૂજતા ભાવે બહુ;
જેણે અનુત્તર વિમાનવાસી, દેવના સંશય હણ્યા.
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩૮




જે છે પ્રકાશક સૌ પદાર્થો, જડ તથા ચૈતન્યના,
વરશુક્લ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાતમા;
જે અંત આયુષ્યકર્મનો, કરતા પરમઉપકારથી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૩૯




લોકાગ્ર ભાવે પહોંચવાને, યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધના સુખ અર્પતી, અંતિમતપસ્યા જે કરે;
જે ચૌદમા ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૦



હર્ષે ભરેલા દેવનિર્મિત, અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા, જગતઘર આંગણે;
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુઃખનાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૧




જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુક્ત પુરણ, સર્વથા સદ્‌ભાવથી;
રમમાણ જે નિજરૂપથી, સર્વજગનું હિત કરે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૨




જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતું;
જે રાગદ્વેષ જળે ભર્યા, સંસાર સાગરને તર્યા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૩




શૈલેશીકરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી;
ધનુષ્યથી છૂટેલ બાણ, તણી પરે શિવગતિ લહી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૪




નિર્વિઘ્ન સ્થિર ને અચલ અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી, નહીં પુનઃ ફરવાપણું;
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૫




આ સ્તોત્રને પ્રાકૃતગિરામાં, વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામન કો મુનીશ્વર બહુશ્રુતે;
પદ પદ મહીં જેના મહા-સામર્થ્યનો મહિમા મળે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૬




જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્ગદ્ બન્યું,
શ્રી ચંદ્ર નાચ્યો ગ્રંથ લઈ, મહાભાવનું શરણું મળ્યું;
કીધી કરાવી અલ્પભક્તિ, હોંશનું તરણું ફળ્યું,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૭




જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે, નાથ સમકો છે નહિ;
જેના સહારે ક્રોડ તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહિ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૮

જે નાથ છે ત્રણ ભુવનના કરુણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં, સદ્ભાવની સરણી વહે;
આપે વચન શ્રીચંદ્ર જગને, એ જ નિશ્ચય તારશે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૯

યોગ એ ચંચળ પ્રવૃત્તિ છે. અપ્રવર્ત અવસ્થા હોવાથી યોગ સ્વતઃ ખરી પડે છે. પ્રવૃત્ત તે જ યોગ છે. અહીં શૈલેષીકરણ કરી અરિહંત પ્રભુ યોગોને સર્વથા સ્થિર કરે છે. અર્થાત્ તેનો ક્રિયા કલાપ બંધ કરી તેનાથી વિખૂટા પડે છે. અનાદિકાળન કાર્મણ અને તેજસ જેવા શરીરનો પણ હવે પરિત્યાગ કરવાની ઘડી આવી છે. એટલે શૈલેષીકરણ આવશ્યક છે. ત્યારબાદ ક્રમશઃ બાદર-મનયોગ, બાદરવચનયોગ, બાદરકાયયોગનું વિસર્જન કરી સૂક્ષ્મ મનયોગ સૂક્ષ્મ વચનયોગનું એ બંનેને યોગનું પણ વિસર્જન કરી અંતે એક સૂક્ષ્મ કાયયોગ છે. તેનું વિસર્જન થતા મુક્ત અવસ્થા પ્રગટ થાય છે. ખરું પૂછો તો ભગવંતોની આ એક અંતિમ તપસ્યા છે. સામાન્યપણે 'ઈચ્છા નિરોધઃ તપશ્વ' એવી વ્યાખ્યા કરવામાં આવી છે. પરંતુ અહીં અરિહંતો માટે 'યોગઃ નિરોધઃ તપ' તેવી યોગ નિરોધની તપસ્યા કરી હવે ભગવંતો મુક્તિ પદને પામવાના ક્ષેત્રીય અધિકારી બની ગયા છે. તેવા અરિહંતોને કવિશ્રી વંદન કરી વસ્તુતઃ સિદ્ધ અવસ્થાને વંદન કરી રહ્યા છે. હવે તેઓ અરિહંતોમાં સિદ્ધ અવસ્થાના દર્શન કરી રહ્યા છે. તેથી તેનાં પંચાંગભાવે વંદન દશાંગભાવ વંદન જેવા થઈ ગયા છે.

ગાથા-૪૧ "હર્ષે ભરેલા દેવ નિર્મિત અંતિમ સમવસરણે,
જે શોભતાં અરિહંત પરમાત્મા જગત ઘર આંગણે;
જે નામના શુભ સ્મરણથી વિખરાય વાદળ દુઃખનાં, ૧
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૧

મોક્ષની ભાવાત્મક સ્થિતિનું વર્ણન કરી કવિશ્રી ખ્યાલ આપે છે કે આવા અરિહંત ભગવંતો અને દેવાધિદેવો ગમે ત્યાં જેવી-તેવી સ્થિતિમાં મુક્ત થઈ શકતા નથી. પરંતુ અંતિમ અવસ્થાનો ખ્યાલ રાખી ઈન્દ્રાદિક દેવો સજાગ થઈ જાય છે. અહીં પ્રભુ પોતાનું સ્થૂલ શરીર છોડી મોક્ષગામી થવાના છે. જેની જાણકારી લઈ વિશેષ પ્રકારના મોક્ષગમન સમવશરણની રચના કરે છે, અને વિધિવત્ ઉદ્ઘોષ થાય છે. ભગવંતો આવા દેવનિર્મિત વિશેષ પ્રકારના સમવશરણમાં આરૂઢ થઈ સિદ્ધાસને બિરાજમાન થાય છે, અને જેની આંતરિક મુક્ત દશા છે, તેનું પ્રતિબિંબ સ્પષ્ટ આ મોક્ષગમન સમવશરણમાં જોઈ શકાય છે. લાખોલાખો નેત્ર-પંક્તિઓ આ અંતિમ દર્શન માટે આતુર બની તે ભગવંતોનાં દર્શન કરી જાણે પોતાનાં બધાં દુઃખોના નિવારણ કરે છે. ખરું પૂછો તો સ્વતઃ દુઃખ-નિવારણ થઈ જાય છે. પ્રભુની આ મુક્ત વેળા કેટલી બધી પરોપકારમય બની જાય છે, તેને કવિશ્રી પણ મોક્ષના સોપાન પર ચડવાને તૈયાર એવા ભગવંતોને સમોવશરણમાં નિશ્ચિત આસને સ્થિર થઈ બિરાજિત જોઈ અપાર હર્ષ પામે છે, અને પુનઃ પુનઃ ત્યાંના એક સાક્ષાત્ દ્રષ્ટા હોય તે રીતે પંચાંગભાવે વંદન કરે છે.

**ગાથા-૪૨** "જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુક્ત પૂરણ સર્વથા સદ્‌ભાવથી;
રમમાણ જે નિજરૂપમાં ને સર્વ જગતનું હિત કરે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૨

'તત્ત્વાર્થ સૂત્ર'માં "कुत्सन कर्म क्षयो मोक्ष कुत्सन માને સંપૂર્ણ કર્મોનો ક્ષય થાય ત્યારે મુક્તિ થાય છે. અહીં અરિહંત ભગવંતો હવે આ કર્મને છેલ્લી સલામ કરે છે. અનાદિ કાળથી ઉદય-ઉદીરણા સતા ને બંધભાવ પરિવર્તીત થતા કર્મના સ્કંધો જે નાટક ખેલી રહ્યા હતા, એ હવે બધું બંધ થઈ રહ્યું છે. કર્મો સતામાંથી પણ વિદાય લેવાના થયા છે. કર્મો સાથેની આ છેલ્લી મુલાકાત છે. બંને પ્રકારનાં કર્મો શુભ કે અશુભ એ જ રીતે બંને પ્રકારનાં કર્મો - કારણ કર્મો ક્રિયા, કર્મો પોતાની બાજી સંકેલીને ખેલ પૂરો કરે છે, અને અરિહંત ભગવંત નિરાળા થઈ આત્મરમણ કરવામાં સ્થિર થયા છે. જો કે પ્રભુનું આ અંતિમ આત્મરમણ પણ જગતને માટે કલ્યાણકારક છે. કારણ કે તેમના સૂક્ષ્મભાવોથી પણ વિખૂટા પડેલા કર્મપુદ્‌ગલ જે મનોવર્ગણાના, વાચા-વર્ગણાના કે શ્વાસોચ્છ્‌વાસવર્ગણાના જે કાંઈ અણુ-પરમાણુ છે, તે એટલા બધા પવિત્ર થયેલા છે કે અંતિમ અવસ્થાએ છૂટા પડ્યા પછી વિશ્વમંગળનું કારણ બને છે. અને અશુદ્ધ પરમાણુઓને પરિહાર કરી મંગળમય સૂક્ષ્મ-ભાવોનું ઉત્પાદન કરે છે. એટલે કવિશ્રી અહીં સર્વ જગતનું હિત કરે તેમ બોલીને એક ગૂઢ વાત કહી ગયા છે, જેનો આપણે ઘટસ્ફોટ કર્યો અને આ રીતે પ્રભુ આત્મકલ્યાણ ને વિશ્વકલ્યાણમાં નિમિત્ત બની અરિહંતપદને શોભાય-માન કરી રહ્યા છે. અને તેના આ મંગળમય દિવ્ય સ્વરૂપથી કવિશ્રીનું હૃદય પુલકિત બની ગયું છે. જેમ તવા ઉપર રોટલી ફૂલે તેમ પ્રભુની આ તપોમય ભક્તિથી કવિશ્રી ફૂલી ઊઠ્યા છે, અને પંચાંગભાવે વંદના કર્યા સિવાય બીજું કાંઈ અધિક ભાવ વ્યક્ત કરવા માટે હથિયાર દેખાતું ન હોય તેમ પુનઃ પુનઃ પંચાંગભાવે વંદના કરે છે.

(ગાથા-૪૩) "જે નાથ ઔદારિક વળી તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં પામ્યા પરમ પદ શાશ્વતું;
જે રાગ દ્વેષ જળ ભર્યા સંસાર સાગરને તર્યા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૩

જૈન તત્ત્વજ્ઞાન અનુસાર જ્યારે જીવાત્મા મુક્ત થાય છે ત્યારે તેને શાસ્ત્રોમાં બતાવેલા ક્રમશઃ જુદી-જુદી પ્રકારનાં બધાં બંધનો છોડવાનાં હોય છે. અરિહંત ભગવાન તેરમે ગુણસ્થાને હતા ત્યાં સુધી ચાર ઘાતિકર્મના ઉદયથી ઘણી જાતના યોગો બનેલા હતા અને તેમાં મુખ્ય શરીરનો યોગ હતો. પરંતુ જ્યારે જીવ મુક્ત અવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે અઘાતિકર્મના ઉદયથી જે જે અંગો અસ્તિત્વ ધરાવતાં હતાં, તે બધાં છૂટી અને લય પામે છે. અને ઘાતિકર્મના ઉદયથી જે મોહાદિ કષાય હતા, તેનો અરિહંત ભગવાને પહેલેથી જ છોડી દીધા છે. અને ભક્ત આત્મા અરિહંત વંદનામાં એ જ બતાવે છે. અરિહંત ભગવાનના મુક્તિના ક્રમમાં ઔદારિક, તૈજસ અને કાર્મણ, ત્રણેય શરીર હવે લય પામી રહ્યા છે. ઔદારિક એટલે હાડ-માંસનો સ્થૂલ દેહ. જો કે ભગવાનનું ઔદારિક શરીર હાડમાંસ હોવા છતાં સામાન્ય શરીર કરતાં ઘણું જ અલૌકિક છે. વજ્રઋષભ નારાયણ સંઘયણના કારણે તેમાં ઔદારિક શરીરનો ઢાંચો અતિ મજબૂત હોય છે. અને પ્રભુના શરીરના રુધિર આદિ બધાં દ્રવ્યો અમંગલ ભાવોથી મુક્ત, કોઈ પ્રકારના રોગાણુથી વિમુક્ત, જાણે ઉચ્ચ કોટિનાં ફૂલોની સુગંધ હોય તેવા તેમના ઔદારિક ભાવ છે. કાર્મણ શરીર હવે કેવળ અઘાતિકર્મના બંધવાળું હોવાથી ફક્ત પુણ્યમય છે. સમગ્ર કાર્મણ શરીર શુભરૂપ છે, અને એ જ રીતે પ્રભુનું તેજસ શરીર ઘણા પ્રકારની સિદ્ધિથી ભરેલું છે. તેમના તૈજસ શરીરમાં તેજોલેશ્યા જેવી ઘણી ગુપ્ત શક્તિઓ અસ્તિત્વ ધરાવે છે. આ રીતે અતિ વિશિષ્ટ એવા ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરનો પણ હવે પ્રભુ ત્યાગ કરે છે. તેમને હવે દેહાદિનું કોઈ પ્રયોજન નથી. ફક્ત આયુષ્ય કર્મના બળે જ દેહ ટક્યો છે. આયુષ્ય કર્મ પણ અંતિમ બિંદુમાં છે. અને હવે કોઈ નવા આયુષ્યનો બંધ પડ્યો નથી, તેમ જ કોઈ પ્રકારની કર્મસત્તા બાકી નથી. બધાં કર્મો અને તેના ઉદયભાવો ઝીરો પોઈન્ટમાં આવી ગયા છે. અહીં શાસ્ત્રકારે એક વિશિષ્ટ વાત બતાવી છે કે - 'આયુષ્ય કર્મનો અંત થાય ત્યારે પુણ્યનો જથ્થો વધેલો હોય તો અરિહંત ભગવંતો કેવળી સમુદ્‌ઘાત કરે છે, અર્થાત્ પોતાના યોગ-

બળથી આઠ જેટલા અલ્પસમયમાં પુણ્યને વિખેરવાનું કામ પૂરું કરે છે. સમગ્ર વિશ્વના લોકાકાશના બધા પ્રદેશોને ભગવાન આત્મપ્રદેશથી સ્પર્શ કરી પુણ્યના બધા કણો વિખેરી દે છે, અને પોતે સ્વયં મૂળ સ્થિતિમાં આવી હવે કર્મરહિત અવસ્થાનો અનુભવ કરે છે. અંતિમ વેળાની આ ગૂઢ વાત કર્યા પછી હવે કવિ અહીં ઉપસંહાર કરે છે કે - 'આ બધી ક્રિયા થવાથી રાગદ્વેષ-રૂપી પાણીથી ભરેલો સંસાર સમુદ્ર ભગવાન તરી ગયા છે. અને હવે સંસાર જેવી વસ્તુથી અરિહંતો મુક્ત થયા છે. શેષ પાંચમી ગતિ જ બાકી છે. અને તે છે સંજ્ઞા રહિત શુદ્ધ જીવની અવસ્થા.' અર્થાત્ અત્યારે સુધી દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી રૂપે અનંત જન્મથી સંજ્ઞા પામેલો આ જીવ હવે ચારે પ્રકારની સંજ્ઞાથી મુક્ત થઈ નિરાળી અવસ્થાને ભજે છે. અને સંસાર સાગરને પાર કરી ગયા છે. આવા મુક્ત થયેલા અરિહંત ભગવાનને વંદન કરતા કવિશ્રીને જાણે મિષ્ટ ભોજન પછી ઓડકાર આવતા હોય તેવો વંદનરૂપી ઓડકાર ખાઈને પુનઃ પુનઃ પંચાંગભાવે વંદન કરે છે.

**ગાથા-૪૪** **"શૈલેષીકરણે ભાગ ત્રીજે શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવમાં ઘન કરી વળી પૂર્વ ધ્યાન પ્રયોગથી;
ધનુષ્યથી છૂટેલ બાણ તણી પરે શિવગતિ લહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૪**

જૈનદર્શન જયારે મુક્તિની વાત કરે છે ત્યારે વૈજ્ઞાનિક રીતે બધા દષ્ટિકોણથી વિચાર કરીને મુક્ત આત્માનું એક નિશ્ચિત સ્વરૂપ બતાવે છે. તે સમજવા માટે આપણે અહીં પ્રશ્ન રાખીએ...

પ્રશ્ન-૧ શું મુક્ત જીવ જેવા આકારે શરીર છે, તેવા જ આકાર સાથે મુક્ત થાય છે ? અર્થાત્ મુક્ત આત્માનો આકાર શું છે ?

પ્રશ્ન-૨ મુક્ત થતી વખતે જીવ પોતાના દિવ્ય આત્મા માટે કશો પ્રયોગ કરે છે ?

પ્રશ્ન-૩ આ શરીર પંચભૂતોથી બનેલું છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ઈત્યાદિ ભૌતિક અંશો રહેલા છે તે બધાનું વિસર્જન થાય છે ત્યારે જીવાત્મા તે તત્ત્વોથી નિરાળો થઈ કેવું રૂપ પામે છે ?

પ્રશ્ન-૪ મુક્ત થયેલો આત્મા સ્થિર ક્યાં થાય છે ?

જવાબ : (૧) હવે અહીં અરિહંત વંદનામાં કવિ વંદન કરવાની સાથે પ્રથમ પ્રશ્નનો જવાબ આપે છે. મુકત અવસ્થા વખતે ભગવંતનું જે શરીર છે તે ઘનીભૂત નથી. બધા પિંડોની વચ્ચે આકાશતત્ત્વ રહેલું છે, અને શાસ્ત્રની ગણના એવી છે કે જો શરીરને ઘનીભુત કરવામાં આવે તો શરીરના બે ભાગ ઘનીભૂત થાય અને એક ભાગ ખાલી પડે. આ સિદ્ધાંતના આધારે કવિ અહીં કહે છે કે - 'અરિહંત ભગવંત શૈલેષીકરણનું અવલંબન કરી અર્થાત્ શાશ્વત સ્થિતિનું અવલંબન કરી પોતાના જ્ઞાનયોગના બળે જડ દ્રવ્યોથી છૂટા પડેલા આત્મપ્રદેશો સંકેલાઈને ઘનીભૂત થઈ જાય છે. અને બે ભાગનો ઘન પડે છે. તો અરિહંત ભગવાન આવો ઘન પાડીને ભૌતિક તત્ત્વોથી નિરાળા થઈ જાય છે. છૂટા થયા પછી હવે આ લોકાકાશમાં જ્યાં સંસારનું વિચરણ હતું ત્યાં તેને રહેવાની આવશ્યકતા નથી, તેથી તે આત્મા જેમ ધનુષ્યમાંથી તીર છૂટે, તેમ તીવ્ર ગતિથી આ આત્મા શરીરરૂપી ધનુષ્યમાંથી છૂટો પડી મોક્ષગતિનું અવલંબન કરે છે. જો કે આ ઉદાહરણ ઘણું જ સ્થૂલ છે. તીરની ગતિ કરતાં તો આ મુકત આત્માની ગતિ અસંખ્યાત ગણી વધારે છે. ફકત સમજવા

માટે જ ઉદાહરણ છે. આપણા કવિશ્રી મોક્ષ તરફ ગતિ કરેલા અરિહંતોને વાંદવાનું ચૂક્યા નથી. જાણે બોલે છે કે - 'જાય છે, જાય છે, જાય છે. અરિહંતોને આત્મા ઊર્ધ્વલોકમાં જાય છે. તો આવા મોક્ષ તરફ જનાર જીવને વાંદું છું, વાંદું છું, વાંદું છું.' અને કવિશ્રી અહીં હવે વંદનામાં પણ પંચાંગભાવ પણ અધૂરા પડે છે તેવું લાગે છે, છતાં ન છૂટકે બોલે છે કે પંચાંગભાવે વાંદું છું.

(૨) કવિશ્રીએ પરોક્ષભાવે મુક્ત આત્માના કેટલાક ભાવોનો ઉલ્લેખ કર્યો છે. જેને આપણે સ્પષ્ટ કરીશું કે જે જીવ આકાર પામ્યો છે, તે દ્રવ્ય આત્મા હવે બીજો કશો પ્રયાસ કરતો નથી, તેમ તેને પ્રયાસ કરવાપણું રહેતું નથી. ઘનીભૂત થાય એટલો જ પ્રયાસ હતો.

(૩) પંચભૂતથી નિરાળો થયા પછી પાંચેય ભૂત પોતપોતાનાં ક્ષેત્રમાં ચાલ્યા જાય છે. અને જીવાત્મા છૂટો પડીને સિદ્ધાત્મામાં ભળી જાય છે. તેમનું એક અસ્તિત્વ હોવા છતાં તે અનંત સિદ્ધો સાથે સમાઈ જાય છે અને એકમાં અનેક અને અનેકમાં એક તેવું દિવ્ય શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.

(૪) જૈનગણના પ્રમાણે લોકના અગ્રભાગે સિદ્ધોનું ક્ષેત્ર છે. આ ક્ષેત્રને અઢીદ્વીપ પ્રમાણવાળું છે, અર્થાત્ મૃત્યુલોકનું જેટલું ક્ષેત્ર છે તેટલું જ સિદ્ધનું ક્ષેત્ર છે. આમ મધ્યલોક અને સિદ્ધલોક બંનેમાં સમાનતા વર્તે છે. મૃત્યુલોકમાંથી છૂટા પડેલા અરિહંત ભગવાન સિદ્ધગતિએ ઉપર જઈને જ્યાં તેને અનંત આત્માનો સ્પર્શ થાય છે ત્યાં જ સ્થિર થઈ જાય છે. અર્થાત્ મુક્ત થવાનું ક્ષેત્ર અને સ્થિર થવાનું ક્ષેત્ર એક શુદ્ધ રેખામાં છે. જેને સામાન્ય લૌકિક ભાષામાં એક સાદૂલમાં (સીધી ગતિ) છે એમ કહી શકાય.

આવા મુક્ત આત્મા અરિહંતોને કવિશ્રી વાંદ્યા પછી ૪૫ પદમાં હવે અરિહંતોને દ્વિરૂપે જોઈ સિદ્ધ ભગવંતોને અરિહંત રૂપે વાંદે છે. કારણ કે સિદ્ધ ભગવંતો પણ અરિહંતો જ હતા અને એ ઝાંખી કરાવે છે કે આ અરિહંતો હવે કેવું સિદ્ધ સ્વરૂપ પામ્યા છે અને કેવી અનંત સુખની લહેરમાં બિરાજ્યા છે.

**(ગાથા-૪૫)** **"નિર્વિઘ્ન સ્થિર ને અચલ અક્ષય સિદ્ધિ ગતિ એ નામનું,**
**છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું;**
**એ સ્થાનને પામ્યા અનંતા ને વળી જે પામશે,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૫**

અહીં અરિહંત વંદનામાં અરિહંતોની અંતિમ અવસ્થાનું વર્ણન કરતા કવિ કહે છે કે - "હવે અરિહંતો સિદ્ધપદને વરી ગયા છે. વસ્તુતઃ અરિહંત મટી સિદ્ધ થઈ ગયા છે." પરંતુ મૂળમાં તો તેઓ અરિહંત હતા, જેથી દ્રવ્યનિક્ષેપથી તેમને અરિહંત કહી શકાય છે. અને આ અરિહંત ભગવંતો હવે અનંતકાળ માટે સ્થિર થઈ ગયા છે. આ પુનરાગમન જ્યાં ફરીથી આવવાપણું નૃથી, તેમજ ક્યાંય જવાપણું પણ નથી. વળી તેઓ સર્વથા અપ્રભાવ્ય સ્થિતિમાં આવ્યા છે, અને આ બધો પુરુષાર્થ અરિહંત ભગવાને કર્યો છે. ભલે તેઓ સિદ્ધ થયા, પરંતુ અહીં ભક્તરાજ તેમને અરિહંત તરીકે જ વાંદે છે. રાજગાદી છોડ્યા પછી પણ ભાગી બનેલા કોઈ મુનિરાજને, ધન્ય છે, આ રાજાને ખરેખર તે રાજા વંદનીય બની ગયા છે, તેમ દ્રવ્ય-નિક્ષેપથી રાજા કહેવું તે ગૌરવ ભરેલું છે. તે જ રીતે અહીં અરિહંતપદનું ગૌરવ વધારતા તે પદને આશ્રિતે કવિરાજ વંદી રહ્યા છે. કારણ કે આ અક્ષય સ્થાન છે, અવ્યાબાધ સ્થાન છે, નિર્વિઘ્ન કેન્દ્ર છે. આ કેન્દ્રને અરિહંતો જ પામી શકે છે. ભૂતકાળમાં પણ અનંત અરિહંતો આ સ્થાનને મેળવી શાંત થયા છે, અને ભવિષ્યમાં પણ આ જ ક્રમ ચાલુ રહેવાનો છે. અરિહંતો સાધના કરી સિદ્ધ થતા રહેવાના છે. એટલે અહીં કવિશ્રી હવે ફક્ત કોઈ એક અરિહંતને દૃષ્ટિગત ન રાખી વિરાટ દૃષ્ટિથી અનંતાનંત અરિહંતોને વાંદી રહ્યા છે. એક આખી પરંપરાને વાંદી રહ્યા છે. સિદ્ધ ભગવંતોને પણ અરિહંતરૂપે વાંદીને તેમણે અરિહંત વંદનાનું નામ સાર્થક કર્યું છે. ધન્ય છે આ અનાદિ સિદ્ધ, શાશ્વત પરંપરા, ધન્ય છે એ ક્ષેત્ર કે જ્યાં સિદ્ધ ભગવંતો બિરાજી રહ્યા છે. અને જેઓ અરિહંતપદનો મહિમા બતાવી રહ્યા છે. એક જ તત્ત્વની પરિપૂર્ણ પક્વ અવસ્થા તે સિદ્ધત્વ છે અને સિદ્ધત્વની પૂર્ણ અવસ્થા તે અરિહંત્વ છે. આમ કાર્યકારણની એક સ્પષ્ટરેખા બતાવીને શુદ્ધ કાર્યના કેવા શુદ્ધકરણ હોય છે તેનું પરિદર્શન કર્યું છે. અરિહંતપણું તે કારણ છે, સિદ્ધપણું તે કારણ છે. એક જ દ્રવ્યમાં કારણકાર્યની વ્યવસ્થા જોઈ શકાય છે, અને તેને પંચાંગભાવે વંદન કરી પોતે પણ જાણે આ જ કડીમાં જોડાઈ ગયા હોય તેમ સંપૂર્ણભાવે અર્પિત થયા છે.

**ગાથા-૪૬** "આ સ્તોત્રને પ્રાકૃત ગિરામાં વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાનને પ્રાચીન મહામના કો મુનીશ્વર બહુશ્રુતે;
પદપદ મહીં જેના મહા સામર્થ્યનો મહિમા મળે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૬

હવે કવિશ્રી સંપૂર્ણ અરિહંત વંદના સ્તોત્રનો ઉપસંહાર કરે છે, અને આ ગુજરાતી ભાષામાં જે રચના કરી છે, તેનો ઉદારભાવે ઈમાનદારીપૂર્વક સ્વીકાર કરે છે કે - "આ મૂળ સ્તોત્ર પ્રાકૃત ભાષામાં હતું. જૈનોએ પ્રાકૃત તરીકે અર્ધમાગધીને અપનાવી છે, અને જેના રચયિતા આચાર્યશ્રીએ પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી, તેવા કોઈ બહુશ્રુત અર્થાત્ મહાજ્ઞાની સંતપુરુષે આ રચના કરી છે. અને જેમાં પ્રભુ દેવાધિદેવના ગુણોનો સંક્ષેપમાં નિચોડ આપ્યો છે, અને અરિહંતનું સ્પષ્ટ ચિત્ર કાવ્યમાં ઊભું કર્યું છે. અને કવિતામાં કંડારાયેલા આ અરિહંત ભગવંતો ભક્તજનો માટે વંદનીય બની ગયા છે. અરિહંતો તો વંદનીય છે જ, પરંતુ આ બહુશ્રુત જ્ઞાની ઉત્તમ શબ્દો દ્વારા ભક્તોના હૃદયને આકર્ષે અને સહુ પંચાંગભાવે નમી પડે તેવું દૃશ્ય ઊભું કર્યું છે. અને એ દૃશ્યને પુનઃ પુનઃ ભક્ત વાંદી રહ્યા છે. સાથે-સાથે પરોક્ષમાં તેમણે રચયિતાને પણ વંદન કર્યા છે. અહીં પ્રાકૃતગિરાનો જે ઉલ્લેખ કર્યો છે, તે બાબત સાચી સમજ. કેટલાક એમ સમજે છે કે સંસ્કૃત બગડીને પ્રાકૃત બનેલ છે. પરંતુ તેવું નથી. પ્રાકૃત એટલે પ્રકૃતિની ભાષા છે. સ્વાભાવિક રીતે જ માણસો બોલતા હતા તેવી ભાષાને પ્રાકૃત કહેવામાં આવે છે. પ્રાકૃત ભાષાઓ અલગ-અલગ ક્ષેત્રમાં ચાલતી હતી, જેમાં માગધી પ્રધાન છે. બાકીની પાંચ પાલી, સૌરસેની, કાશ્મીરી, પિચાશી, અપભ્રુંશ - આ રીતે કુલ પ્રધાનપણે પ્રાકૃતમાં છ બોલીનો સમાવેશ થાય છે.

જૈનાચાર્યોએ માગધીને મુખ્ય સ્થાન આપી અર્ધાભાગમાં માગધી અને બાકીના ભાગમાં શેષ પાંચ ભાષાઓ વ્યવહારમાં લાવ્યા અને આગમની ભાષાને અર્ધમાગધી એમ કહેવામાં આવ્યું. પરંતુ અહીં કવિએ કાવ્યને કારણે પ્રાકૃત ગીચ એમ કહી કામ ચલાવ્યું છે. સંસ્કૃત એટલે સંસ્કાર પામેલી ભાષા. પ્રાકૃત ભાષાને વ્યવસ્થિત કરી તેમનું નિશ્ચિત વ્યાકરણ બનાવી વિદ્વાનોએ જે ભાષાનો ઉપયોગ કર્યો તે સંસ્કૃત ભાષા છે. અસ્તુ...

અહીં જે કાવ્ય છે, તે મૂળમાં પ્રાકૃત ભાષામાં લખાયું હોય તેમ આ ગાથામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. અહીં પ્રાકૃતગિરામાં વર્ણન કરનાર જે મહાત્મા છે.

તેમની કાવ્યરચનાનો મહિમા પ્રગટ કરવાનું આપણા કવિ ચૂક્યા નથી. તેને અધ્યયન કરતા એક-એક પદમાં અર્થાત્ બધા શબ્દોમાં સરસતા સાંપડી છે, અને અલંકારનાં દર્શન થયાં છે. તેમની રચના કરવાની શક્તિ પ્રગટ થઈ છે. આવા કાવ્યકારે પ્રભુનો મહિમા ગાઈને જે ભાવો પ્રદર્શિત કર્યા તે અરિહંત ભગવંતોને વારંવાર વંદન કરતા પ્રમોદભાવ નીપજે છે. કારણ કે આવી ભગવંતોની ભક્તિમાં જ અતુલનીય કાવ્ય-સામર્થ્ય પ્રગટ થાય છે, જેથી કાવ્ય-કર્તાના માધ્યમથી કવિરાજ પુનઃ પુનઃ વંદના કરે છે.



**ગાથા-૪૭** **"જે નમસ્કાર સ્વાધ્યાયમાં પ્રેક્ષીહૃદય ગદ્‌ગદ બન્યું,**
**શ્રી ચંદ્ર નાચ્યો ગ્રંથ લઈ મહાભાવનું શરણું મળ્યું;**
**કીધી કરાવી અલ્પ ભક્તિ હોંશનું તરણું ફળ્યું,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૭**

નિરંતર વંદન કર્યા પછી કવિ પોતાની સ્થિતિ શું થઈ તેનું દિગ્દર્શન કરાવે છે, અને આપણા પ્રિય કવિનું નામ શ્રીચંદ્ર છે. આટલી અરિહંત વંદના કર્યા પછી શ્રીચંદ્ર ભાવવિભોર બની ગયા છે. એક તરફ કવિનો સ્વાધ્યાય અને બીજી બાજુ ભગવંતોને નમસ્કાર - આમ બે જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક ભાવોની વચ્ચે સાક્ષી બનેલું શ્રીચંદ્રજીનું હૃદય તેમને આ કાવ્યગ્રંથને મસ્તક પર રાખી જાણે નાચવાની ફરજ પાડી રહ્યું છે. એટલું જ નહિ, પરંતુ તેમને લાગ્યું કે હવે મને સાક્ષાત્ ભગવંતોનું શરણું મળ્યું છે, અને અલ્પભક્તિમાં મહાસિદ્ધિ થાય તેવો યોગ બન્યો છે. તેઓ આખી ત્રિવેણીમાં અર્થાત્ કાવ્ય-રચનામાં નમસ્કારની પરંપરામાં અને છેવટે ભાવવિભોર અવસ્થામાં બધી જગ્યાએ અરિહંત ભગવંતો જ કારણભૂત છે. અને મને જે ઉમંગ આવ્યો છે, અર્થાત્ કવિએ જે ઉત્સાહવર્ધન થયું છે. તે માનો ભવોભવનું ભાતું છે. એટલું જ નહિ પરંતુ જાણે સ્વયં ભવસાગર તરી જશે એવી સફળતા મળી છે. અને જે ઉમંગ આવ્યો તે ફળીભૂત થયો છે. સંપૂર્ણ સાક્ષીરૂપે અરિહંતોને કવિ વાંદી રહ્યા છે.

(ગાથા-૪૮) "જેના ગુણોના સિંધુનાં બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે નાથસમ કો છે નહિ;
જેના સહારે ક્રોડ તરિયાં મુક્તિ મુજ નિશ્ચય સહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૮

પ્રભુનું અનંતજ્ઞાન સાગર સમાન ગણાય છે. જેમ સાગર અમાપ છે. તેમ પ્રભુનું જ્ઞાન અનંત છે. કેવળજ્ઞાનને હિસાબે છદ્મસ્થનું જ્ઞાન એક બિંદુમાત્ર હોતું નથી, તેથી કેવળજ્ઞાનની પ્રરૂપેલી વાતો સામાન્ય બુદ્ધિ કે તર્ક વડે સમજી શકાય નહિ અને પ્રભુનું જ્ઞાન માપવા પણ જવાય નહિ ત્યાં ભક્તનો એક જ નિશ્ચય હોય કે આ સંસારમાં દેવાધિદેવ જેવા બીજા કોણ હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે, એટલે તે અનંત જ્ઞાની એ જ મારો વિશ્વાસસ્તંભ છે. અને ભલે મને સમુદ્રનાં બે બિંદુ જેટલું જ્ઞાન ન હોય, પરંતુ જ્યાં મારો વિશ્વાસ દૃઢ છે, ત્યાં મારી શ્રદ્ધાની ભવકટિ કરવાની જે શક્તિ છે તે ટકી રહે તેવી ઝંખના છે. ભૂતકાળમાં, વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં અનંત જીવો પ્રભુના જ્ઞાનના આધારે તેમનો વિશ્વાસ ઉત્પન્ન થયો છે તે જોતાં મને લાગે છે કે મારી મુક્તિ નક્કી થઈ ગઈ છે. કારણ કે મુક્તિ જો નક્કી હોય તો જ આવો વિશ્વાસ જન્મે. દૃઢ વિશ્વાસ અને મુક્તિની એક નિશ્ચિત સાંકળ છે. અરિહંતની કૃપાથી હું તે સાંકળમાં જોડાયેલો છું. અને જોડાવામાં અરિહંત ભગવંતો જ કારણભૂત છે. જેથી તેમનાં ચરણોમાં પંચાંગભાવે એવા જિનેશ્વરોને વંદન કરી હું સર્વથા નિશ્ચિંત થઈ ગયો છું.

આ આખી ગાથા માનવજાતિનો જે અપાર વિશ્વાસનો આધાર છે, તેને વ્યક્ત કરે છે. મુક્તિ તો શું ? વિશ્વાસનું તંત્ર પણ વિશ્વાસના આધારે જ ચાલે છે. જો પાપકર્મમાંથી કે બીજાં વ્યાવહારિક કાર્યોમાંથી વિશ્વાસભંગ થઈ પ્રભુના ચરણોમાં સ્થાપિત થાય તો જે વિશ્વાસપ્રાપ્તિનો આધાર હતો, કશુંક મેળવવાનો આધાર હતો, તે હવે પરિવર્તિત થવાથી છોડવાનો, ત્યાગ કરવાનો અને કશું પ્રાપ્ત ન કરવાનો અપરિગ્રહનો આધાર બને છે. જ્ઞાન તો એક બુદ્ધિનો તરંગ પણ છે, પણ વિશ્વાસ તો એક અખંડ હીરો છે અને તે હીરો પણ ચિંતામણિ જેવો છે. તેને પ્રાપ્ત થયા પછી બાહ્ય કોઈ વસ્તુની અપેક્ષા રહેતી નથી ફલતઃ મુક્તિ પ્રગટ થાય છે. આ ગાથા વિશ્વાસ

આપે છે કે ભલે તમારું જ્ઞાન ઓછું હોય કે સમજ ઓછી હોય, પરંતુ સ્વયં ભગવત પરાયણ બની પ્રભુના દિવ્ય સ્વરૂપનો વિશ્વાસ કરો છો, તે જ્ઞાનની અલ્પતા જરા પણ બાધક નથી. એક અક્ષરના જ્ઞાનવાળો જીવ શ્રદ્ધાના બળે પરિત સંસારી થઈ જાય છે. જ્યારે નવપૂર્વ સુધીનું જ્ઞાન ધરાવતો જીવ વિશ્વાસના અભાવે અનંત સંસારી બની ભવચક્રમાં જ અટવાયેલો રહે છે. જુઓ છોને આ વિશ્વાસની કરામત. અત્યાર સુધી કવિ પ્રભુના દિવ્ય સ્વરૂપનું વર્ણન કરતા હતા, પરંતુ વર્ણન કર્યા પછી જ્યારે તેને ઓડકાર આવ્યો ત્યારે આ નગદ સત્ય ૪૮મી ગાથામાં પ્રગટ કર્યું છે, અને તે છે વિશ્વાસ કબીર સાહેબને પૂછ્યું કે વિષ્ણુ ભગવાન ક્યાં છે, ત્યારે કબીરે એક સેકન્ડમાં જવાબ આપ્યો કે - "વિશ્વાસે વસ્તુતિ વિષ્ણુ" અર્થાત્ હે ભાઈ વિશ્વાસમાં વિષ્ણુ વસે છે. વિશ્વાસ એ જ ભગવાનને રહેવાનું સ્થળ છે. તમારો વિશ્વાસ જાય તો સાથે તમારા માટે ભગવાન પણ જાય. આમ આ કવિએ વિશ્વાસની વ્યાખ્યા કરી તેની દઢતા બતાવી, તેનાથી ફલિત થતી પોતાની મુક્તિનો સહર્ષ સ્વીકાર કરી અહોભાવ પ્રગટ કર્યો છે.

ગાથા-૪૯ "જે નાથ છે ત્રણ ભુવનનાં કરુણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં સદ્ભાવની સરણી વહે;
આપે વચન 'શ્રી ચંદ્ર' જગને એ જ નિશ્ચય તારશે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું." ૪૯

સમગ્ર કાવ્યની પૂર્ણાહુતિ કરતા કવિશ્રી શ્રીચંદ્રજી વિરામ પામે છે, તે પ્રભુને ત્રણલોકના નાથરૂપે ભૂમંડળના એક ચમકતા સૂર્યરૂપે નિહાળે છે. તેને લાગે છે કે પ્રભુના પ્રભાવથી કરુણાની નદી વહી રહી છે, અને સદ્ભાવની સરિતા પ્રવાહિત થઈ રહી છે. છેલ્લે કવિ કહેવા માંગે છે કે- 'તેઓ કેવળ આત્માર્થી નથી.' જો કે આત્માર્થી હોવા છતાં સહજ ભાવે તેમનું સમગ્ર જીવન પરોપકારી છે. જે કોઈ સંપત્તિ શરીર આદિની છે અને જે કોઈ પ્રભાવક તત્ત્વો ભગવાન સાથે જોડાયેલાં છે, તે બધા પરોપકાર અર્થે છે. અને પરોપકારનો અર્થ જ છે કરુણા. જીવો પ્રત્યે કરુણા ન થાય તો પરોપકાર આવે જ નહિ. પરોપકારના મૂળમાં સદ્ભાવ એ સામાન્ય ઉજ્જ્વળ તત્ત્વ છે. અહીં એ જણાવાયું છે કે દેવાધિદેવ તો કરુણા અને સદ્ભાવનાના ભંડાર છે. સાચા અર્થમાં તેઓ અરિહંતો છે. જેટલા અમંગળ તત્ત્વો છે તે વિશ્વને માટે હાનિકર્તા છે, અર્થાત્ દુશ્મન છે, શત્રુ છે. અને આ બધાં અમંગળ તત્ત્વોનો દેવાધિદેવ પરિહાર કરે છે, તેનો નાશ કરે છે, તેથી તે અરિહંત કહેવાય છે. શ્રીચંદ્રજીને સંપૂર્ણ સંતોષ થતાં હવે તે પોતાના વિશ્વાસના આધારે બાંહેધરી આપે છે કે - જે કોઈ પ્રભુના ચરણે જશે તેનો અવશ્ય વિસ્તાર થશે. પોતે તો સંતુષ્ટ થયા જ છે. પરંતુ પોતાની અંદર જન્મેલો વિશ્વાસ પ્રમાણભૂત માની સૌને ભલામણ કરે છે. એક પ્રકારે વચન આપે છે. જો સંસારનો અંત કરવો હોય તો અરિહંતોને શરણે સમર્પિત થવાથી જ આ સંસારનો અંત થશે ત્યારબાદ હવે કવિ પંચાંગભાવે આવા અરિહંતોને વાંદી રહ્યા છે, તે વિશ્વમંગળ રૂપે પોતે વંદન અર્પણ કરી રહ્યા છે.

# અરિહંત વંદનાવલી
## પુસ્તકના પ્રકાશન સૌજન્ય
## દાતા

**કલ્પતરુ સાધના કેન્દ્ર**
**મુંબઈના ટ્રસ્ટીઓ**

**શ્રી કુમુદભાઈ મહેતા**

**શ્રી સુરેન્દ્રભાઈ મહેતા - ચેન્નાઈ**

**શ્રી જીતેન્દ્રભાઈ શેઠ**

**શ્રી શૈલેષભાઈ દેસાઈ**

**શ્રી ગુણવંતભાઈ બરવાળિયા**

**શ્રી મિલનભાઈ અજમેરા**

: સહયોગી દાતા :

સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન મંડળ, પંચવટી-નાસીક

શ્રીમતી માલતીબેન કુમારભાઈ - નાસીક

# પૂ. શ્રી જયંતમુનિજી - એક વિરલ વિભુતિ

પરમદાર્શનિક ગોંડલગચ્છ શિરોમણી પૂ. ગુરુદેવશ્રી જયંતમુનિજીની પેટરબાર (ચાસ-બોકારો) ઝારખંડમાં સ્વ-પર કલ્યાણની ઉત્કૃષ્ટ સેવાપ્રવૃત્તિ અભિવંદનીય છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી જગજીવન મહારાજ ચક્ષુચિકિત્સાલય ઉપરાંત પૂર્વ ભારતમાં ૧૨ વિદ્યાલયો, સમાજ ઉપયોગી પાંચ ભવન, વીશ ઉપાશ્રયો અને જૈન ભવન સ્થપાયેલા છે.

## પૂ. શ્રી જયંતમુનિ લિખિત પુસ્તકોની નામાવલી

૧. શ્રી જયંત વચનાર્વિંદ (પ્રવચનોનો સંગ્રહ), સંપાદક : શ્રી જયસુખભાઈ શાહ, કલકત્તા

૨. શ્રી જયંતવાણી (પ્રવચનોનો સંગ્રહ), સંપાદક : શ્રી ચુનીભાઈ, જમશેદપુર

૩. અધ્યાત્મ પત્રપ્રભા (પૂ. પ્રભાબાઈ મહાસતીજીને સંબોધીને લખાયેલા પત્રો)

૪. પ્રવચન સંગ્રહ

૫. નિર્વાણનો પથ (પૂ. તપસ્વીજી મહારાજના સંથારાનું વિવરણ), પ્રકાશક : પૂર્વ ભારત સંઘ

૬. શાસ્વતીની સાધના (આધ્યાત્મિક લેખોનો સંગ્રહ), સંપાદક : શ્રી ગુણવંત બરવાળિયા તથા ધનલક્ષ્મીબહેન બદાણી

૭. જીવનરેખા (સૌરાષ્ટ્રકેસરી ગુરુપ્રાણનું જીવનચરિત્ર), સં.: શ્રી ગુણવંત બરવાળિયા

૮. જયંત કથા કળશ (જૈન અને દૃષ્ટાંતકથાઓ), સંપાદક : શ્રી ગુણવંત બરવાળિયા અને શ્રીમતી ધનલક્ષ્મીબહેન બદાણી (ક્રમાંક ૫, ૬ અને ૭ના પ્રકાશક : સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસૉફિકલ ઍન્ડ રિસર્ચ સેન્ટર, ઘાટકોપર-મુંબઈ)

૯. મુહપત્તી બત્રીશી (મુહપત્તીનું મહાત્મ્ય)

૧૦. ૧૪ મંગલ સ્વપ્ન અને રહસ્ય, સંપાદક : શ્રી હર્ષદ દોશી, પ્રકાશક : જૈન ઍકેડેમી કલકત્તા

૧૧. કહો, કેવા હતા પ્રભુ મહાવીર ? (પુચ્છિસ્સૂણંનું વિવેચન), સંપાદક : શ્રી હર્ષદ દોશી, પ્રકાશક : જૈન ઍકેડેમી કલકત્તા

૧૨. સાધુતાનું શિખર અને માનવતાની મહેક (જીવનકથા) સંપાદક : શ્રી હર્ષદ દોશી

૧૩. તત્વાભિનય - પત્રો તથા વ્યાખ્યાનો, સંપાદક : ગુણવંત બરવાળિયા, અનુવાદ : ધનલક્ષ્મીબહેન

૧૪. અરિહંત વંદનાવલી (વ્યાખ્યાનો) સંપાદક : ગુણવંત બરવાળિયા, પ્રકાશક : કલ્પતરુ સાધના કેન્દ્ર મુંબઈ-દેવલાલી

વંદન પ્રદર્શનની ચીજ નથી, પરંતુ હૃદયનું અમૃત પીગળવાથી તે વારંવાર વંદનરૂપે ટપકવા લાગે છે. અને આખા કાવ્યમાં ૪૯ વાર કવિશ્રીએ પંચાંગભાવે વંદના કરીને જાણે વંદનનો એક ગિરિ જ ઊભો કરી દીધો છે. અને આટલાં ઊંચાં પર્વતીય વંદનથી એ કહેવા માંગે છે કે - 'હું જેને વંદન કરું છું તેની ઊંચાઈ કેટલી છે. તે સમજવાનું છે.

**પરમદાર્શનિક પૂજ્ય ગુરુદેવ**
**શ્રી જયંતમુનિ મ.સા.**

ભાગ્યને સૌભાગ્યમાં પલટે તે વંદના. અરિહંત વંદનાવલીની દરેક કડી આત્માને કલ્યાણકારક ભાવ સ્પંદના પ્રગટાવનારી છે.

**શાસન અરૂણોદય પૂજ્ય**
**ગુરુદેવશ્રી નમ્રમુનિ મ.સા.**

અરિહંત વંદનાવલી એટલે ચંદ્રથી પણ અધિક નિર્મળ, સૂર્યથી પણ અધિક તેજોદિપ્ત, મહોદધિથી પણ અધિક ગંભીર એવા લોકાલોક પ્રકાશ તીર્થંકર પ્રભુ અરિહંત દેવનો આંતર-બાહ્ય પરિચય પામવાનો નાનો એવો પ્રયાસ... જે અસંભવ જ છે કારણ અનંત ગુણોના રત્નાકર, અનંત શક્તિના સ્વામી પરમતારકા દેવાધિદેવ, સર્વજ્ઞ અરિહંત જિનેશ્વર... અસીમનું વર્ણન અસીમ એવા શબ્દો શું કરી શકે...??

**અધ્યાત્મયોગિની પૂ.બાપજીના સુશિષ્યા**
**પૂ. ડૉ. તરુલતાજી મહાસતીજી**